એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૪ ● અંક-૫

જુન – જુલાઈ '૦૯

**મુખ્ય તંત્રી**

હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**મુદ્રણ આયોજન**

મનુભાઈ કોટડીયા ૯૪૨૬૬ ૯૪૨૭૭

**વેબ સાઈટ**

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૮૯૮૬ ૩૦૧૨૯

**કાર્યાલય વ્યવસ્થા**

રાજેન્દ્ર સોની ૯૮૨૫૦ ૧૮૩૧૮

**જાહેરાત, લવાજમ, નાણાંકીય વ્યવસ્થા**

● **અમદાવાદ**

જયમીન સોની ૯૮૨૪૫ ૪૬૬૫૦

● **ભુજ**

ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫

● **અંજાર**

અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

**માનદ્ સલાહકાર**

મનુભાઈ કોટડીયા અમદાવાદ

તુલસીદાસ કંસારા અમદાવાદ

સૂર્યકાંત સોની અમદાવાદ

શૈલેષ કંસારા ભુજ

કાંતિભાઈ કંસારા રાજકોટ

**માનદ્ સંયોજક (ભુજ)**

પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

**કાર્યાલય**

ધવલ જ્વેલર્સ

ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧

ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ**

www.gnyatisetu.com

**ઈ-મેલ**

editor@gnyatisetu.com

છુટક કિંમત રૂા. ૨૦/-

વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

**કોમ્પ્યુટર ટાઈપ-સેટીંગ**

મુદ્રા કોમ્પ્યુટર્સ, મણિનગર, અમદાવાદ.

'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંવત હોવું આવશ્યક નથી.

## તંત્રી સ્થાનેથી



વહાલા વાચકોને અષાઢી બીજથી આરંભ થયેલા કચ્છી નવા વર્ષના વ્હાલભર્યા વધામણાં. સાથે સાથે, આપણા સમાજના અભ્યાસ કરતા સર્વે છાત્ર-છાત્રાઓને શિક્ષણની સીડીએ એક પગથિયું ઉપર ચડ્યા તે બદલ હાર્દિક અભિનંદન. 'સેતુ'ને આ વખતે શિક્ષણ અંગે થોડી વાત કહેવી છે.

શિક્ષણ ક્ષેત્રે આપણા બાળકોને પ્રોત્સાહન મળે તે હેતુથી 'સેતુ' એમની શૈક્ષણિક પ્રગતિની વિગત સન્માનપૂર્વક પ્રકાશિત કરતું રહ્યું છે. આ અંકમાં પણ એના પ્રતિબિંબ છે. અલબત્ત, પ્રસ્તુત વિગતો માત્ર 'સેતુ'ને મળી છે, એટલી જ છે, જે કદાચ આપણા સમગ્ર સમાજના એક પ્રતિશત જેટલા વિદ્યાર્થીઓની જ હશે. આપણા સમાજમાં બીજા એવા અનેક પરિવારો છે, જેમણે, માહિતીના અભાવે, સંકોચવશ અથવા 'સેતુ' સામયિકના સભ્ય ન હોતાં એમના બાળકોની વિગતો મોકલી નથી. આવા પરિવારોને ખાસ જણાવવાનું કે કોઈ 'સેતુ' સામયિકનું સભ્ય હોય કે ન હોય, 'સેતુ' આપણા સમાજના સમસ્ત પરિવારોનું છે. અને એ પરિવારોનું કોઈ પણ સંતાન અભ્યાસ ક્ષેત્રે એક ડગલું પણ આગળ વધે તો 'સેતુ'ના પૃષ્ઠ પર એનું સન્માનભર્યું સ્થાન છે જ. એને માટે 'ટકાવારી', 'શાળા વિશેષ' કે 'અંગ્રેજી માધ્યમ' જેવો કોઈ ભેદભાવ નથી. કારણકે શિક્ષણ ક્ષેત્રે પ્રગતિના ખરા આધાર સ્થંભો છે, અભ્યાસની લગન, પરિશ્રમ અને પારિવારિક પ્રોત્સાહન. જેના અનેક દાખલા આપણી પાસે મોજુદ છે. જેમકે અમદાવાદમાં શાળાંત સુધી સાધારણ શાળામાં ગુજરાતી માધ્યમમાં ભણેલા પુનીતને અમદાવાદની નિરમા યુનિવર્સિટીના અંગ્રેજી માધ્યમ દ્વારા સોફ્ટવેર એન્જીનીયરીંગ ક્ષેત્રે ડિસ્ટીંક્શન સાથે સ્નાતક થવામાં અને 'GRE' અને 'ટોફેલ' જેવા ટેસ્ટમાં પણ અગ્રસ્થાન હાંસલ કરવામાં કોઈ ભાષાકીય અડચણ નથી થઈ. એટલું જ નહીં, હવે એ યુ.એસ.એ.ની પ્રેસ્ટીજીયસ યુનિવર્સિટીમાં વધુ અભ્યાસ માટે જઈ રહ્યો છે. એ જ રીતે અમદાવાદનો જ મિતુલ બુધ્ધભટ્ટી બારમા ધોરણ સુધી સાધારણ શાળામાં ગુજરાતી માધ્યમમાં ભણવા છતાં સૌથી અઘરી એવી 'ચાર્ટર્ડ એકાઉન્ટન્સી'નો અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરી પ્રથમ પ્રયાસે જ ઝળકતી સફળતા મેળવી શક્યો. એટલું જ નહીં, એને અભ્યાસ પૂરો થતાં જ બેન્કિંગ ક્ષેત્રે ઉચ્ચ હોદ્દા પર સ્થાન મળ્યું છે. આવા તો બીજા અનેક દાખલા આપણી સમક્ષ છે. આ અંકમાં જ આપણે જોશું કે અંગીયા જેવા ગામડામાં રહેતી કુ. પૂનમ કાંતિલાલ સોની કે ભુજની સરકારી શાળામાં અભ્યાસ કરતી કુ. કોમલ જયસુખલાલ ગોહીલે પણ બારમા ધોરણમાં ડિસ્ટીંક્શન મેળવ્યું છે.

કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે શિક્ષણ માટે 'માધ્યમ' નહીં 'મન' હોવું વધુ આવશ્યક છે અને એ 'મન'ને મક્કમ બનાવવામાં પરિવારનો ફાળો મહત્ત્વનો છે. આપણા સમાજના પ્રત્યેક પરિવારના એ પ્રયાસમાં 'સેતુ' એનો ફાળો નોંધાવવા સદૈવ તત્પર રહેશે.

| | | |
|---|---|---|
| **અતુલ સોની** | **મનુભાઈ કોટડીયા** | **હંસરાજ કંસારા** |
| માનદ્ મંત્રી | પ્રમુખ | મુખ્ય તંત્રી |


॥ શ્રી ગણેશાય નમઃ ॥


॥ શ્રી વાંકલ ચામુંડા નમઃ ॥

પોમલ મેહુલ રમેશભાઈ 94288 96444
પોમલ રિતેશ રમેશભાઈ 99780 04455, 99741 54455

# માનસી સ્ટેશનર્સ

(જુના પુસ્તકોની લે-વેચ કરનાર)






અમારે ત્યાંથી સ્કુલ સ્ટેશનરી, ઓફિસ સ્ટેશનરી મળશે.
તથા તમામ પ્રકારના બુક બાઈન્ડીંગ કરી આપવામાં આવશે.

**સ્પોર્ટસ**

ક્રિકેટ બેટ, કેરમ, બેડમિન્ટન
તથા તમામ પ્રકારની રમત ગમતની આઈટમો





# માનસી મોબાઈલ શોપ

**B.S.N.L. (D.S.A.)**
**ડાયરેક્ટ સેલીંગ એજન્ટ**



| | |
|---|---|
| નવા મોબાઈલ | નોકિયા, સોની એરીક્સન, વોડાફોન, સેમસંગ, ટાટા |
| નવા સીમકાર્ડ | B.S.N.L., વોડાફોન, એરટેલ, આઈડીયા, ટાટા |
| રીચાર્જ કુપન | B.S.N.L., વોડાફોન, એરટેલ, આઈડીયા, ટાટા, રિલાયન્સ |

**દરેક પ્રકારની મોબાઈલ એસેસરીઝ મળશે**

**નોંધ : શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિજનો માટે સ્પેશિયલ ડિસ્કાઉન્ટ મળશે.**

**Contact : Pomal Ritesh Rameshbhai - 99780 04455, 99741 54455**

અભિષેક કોમ્પલેક્ષ, ગ્રાઉન્ડ ફ્લોર, દુકાન નં.-૫, દેવળિયા નાકા, અંજાર (કચ્છ)

# વિકાસોન્મુખ જીવન

કુ. એકતા કટ્ટા - અંજાર

*"अलस्य कुतो विद्या अविद्यस्य कुतो धनम् । अधनस्य कुतो मित्रं अमित्रस्य कुतः सुखम् ॥"*

***અર્થાત્ :*** "આળસુને વિદ્યા ક્યાંથી મળે? વિદ્યા વગરનાને પૈસો ક્યાંથી મળે? પૈસા વગરનાને મિત્ર ક્યાંથી મળે? મિત્ર વગરનાને સુખ ક્યાંથી મળે?"

અત્યંત સરળ સુભાષિતના માધ્યમે સુભાષિતકારે જીવનની ગતિશીલતા વિશે સંબોધન કર્યું છે. જીવન એ ગતિશીલતાનો, પરિવર્તનનો પર્યાય છે. જો જીવનની ગતિશીલતા અવરોધાય તો વિકાસ અવરોધાય. અવિકસિત જીવન હંમેશા નિરર્થક હોય છે. 'આળસ' જીવનની ગતિશીલતા અવરોધે છે. ગમે તેવું સ્વચ્છ પાણી પણ જો એક વાસણમાં લાંબા સમય સુધી ભરેલું રહે તો તે પણ દૂષિત થઇ ઉપયોગિતા ગુમાવે છે. વાસણરૂપી અવરોધ તેની સ્વચ્છતા હણી તેને નિરૂપયોગી બનાવી દે છે. જીવન પણ જો કોઇ એક જ પ્રવૃત્તિ, પ્રક્રિયા કે વિષયોમાં અટવાય તો તે પણ નિરૂપયોગિતાના પંથે વળી જાય છે. જીવનનો અર્થ જ છે જૂનું છોડી, નવું પકડવું. સતત નવાં-નવાં ધ્યેય નિયત કરી, તેને પૂર્ણ કરવા કમર કસવી તે જ જીવન છે. સતત મહેનત અને ગતિશીલતા જીવનનાં, સૃષ્ટિનાં વિવિધ પાસાઓનો જ્ઞાન (વિદ્યા) બક્ષે છે. પરંતુ, તે માટે આવશ્યક શ્રમ કરવાથી નાસીપાસ થવું, આળસ કરવી તેમાં અવરોધ ઊભો કરે છે. કોઇપણ ધ્યેય પ્રાપ્તિ માટે એક નિયત શ્રમ તો આદરવો જ પડે છે. તે શ્રમ કરવાથી ધ્યેયસિદ્ધિ અને ધ્યેયસિદ્ધિથી સુખ-સંતોષ પ્રાપ્ત થાય છે. એક ધ્યેય નિશ્ચિત કર્યા પછી તે માટેની મહેનત કરવાની આળસ થોડા સમય માટે કદાચ આરામદાયક લાગે પરંતુ, પરિણામે તો તે સંતાપ-અસંતોષ જ બક્ષે છે.

જીવનનાં કોઇપણ ધ્યેયનું પરિણામ તો જ્ઞાન (વિદ્યા) જ હોય છે. અહીં માત્ર શૈક્ષણિક સંદર્ભે જ નહીં અપિતુ જીવન વિકાસ માટેનું જ્ઞાન પ્રાપ્ત કરવાની વાત છે. જેમણે આવું જ્ઞાન મેળવ્યું છે તેને ધનની પ્રાપ્તિ થાય જ છે. ધન એટલે કે લક્ષ્મી. લક્ષ્મીનાં ઘણા સ્વરૂપો છે. આપણે માત્ર 'પૈસારૂપી' ધન ને જ મહત્ત્વ આપ્યું છે. પરંતુ, વાસ્તવમાં ધન (લક્ષ્મી) તો ઘણાં રૂપે મેળવી શકાય છે. સુભાષિતકારે જીવન વિકાસમાં ઉપયોગી તે પ્રત્યેક રૂપોના સંદર્ભે ધનનું ઉલ્લેખ કર્યું છે. અને આપણાં સમક્ષ એવા ઘણાં જ વિકસિત જીવનોનાં ઉદાહરણો છે જે પૈસારૂપી ધનનાં અભાવે પણ વિકાસ પામ્યા. આળસ કર્યા વિનાના પ્રત્યેક કાર્યો ધનના કોઇપણ રૂપને અપાવી શકે છે. યશ-કીર્તિ, સદ્‌ગુણો વિગેરે જેવાં ધનથી જીવન વિકસિત થઇ શકે છે. શરત માત્ર આળસનો ત્યાગ!

જેમણે જીવન વિકાસની વિદ્યા મેળવી, કોઇપણ સ્વરૂપનું ધન મેળવ્યું છે, તેમનું સમાજ સ્વાગત કરે છે. તેમનાથી મિત્રતા કેળવે છે. મિત્રતાનો સંબંધ નિઃસ્વાર્થ અને સુખ-દુઃખમાં સાથ આપનાર, ઊંચ-નીચનાં ભેદભાવ વગરનું સમાનતાનો સંબંધ છે. જેમની પાસે કોઇપણ પ્રકારના ધનનું વૈભવ છે, તેમને મિત્રો શોધવા નથી જવું પડતું. તેમનાં વૈભવની યોગ્યતા તેમને મિત્રો અપાવી દે છે.

જીવન વ્યવહાર વ્યક્તિએ સુખ કે દુઃખનાં સમયની પરવા કર્યા વગર નિભાવવાનાં હોય છે. જ્યારે વ્યવહારિકતાની વાત આવે છે ત્યારે સંબંધોની પરીક્ષા થતી હોય છે. જે સંબંધો સુખનાં સમયમાં મધુર હોય છે, તે જ સંબંધો દુઃખનાં સમયે કે જ્યારે તે સંબંધોની ઉપયોગિતાની આવશ્યકતા હોય છે ત્યારે જ એજ સંબંધોમાં અચાનક કડવાશ આવી જાય છે. આ કડવાશ સંબંધોની નિરૂપયોગીતા સિદ્ધ કરે છે અને આ નિરૂપયોગીતા વધુ દુઃખનું કારણ બને છે. પરંતુ, જે સંબંધોમાં મૈત્રીભાવ ભળેલો હોય છે તે કોઇપણ કપરી પરિસ્થિતિમાં સાથ નિભાવી સંબંધોની ઉપયોગિતા સિદ્ધ કરે છે. દુઃખનાં સમયે પણ મૈત્રીભાવનો સાથ સુખદ સાંત્વનારૂપી અવલંબન બને છે. સાચું સુખ સંબંધો ટકાવવામાં  છે. આ સૃષ્ટિમાં એક માણસ જ સંબંધોની મહત્તા જાળવી શકે છે અને એ જ સુખપ્રાપ્તિ છે.

આમ, જો જીવનમાં કોઇપણ કાર્ય (ધ્યેય) માટે આળસ કરીશું તો તે કાર્ય દ્વારા મળતું જ્ઞાન (વિદ્યા) ક્યાંથી મળશે? જો કોઇપણ પ્રકારની વિદ્યા વગરના હશું તો ધનનાં કોઇપણ સ્વરૂપને કેવી રીતે મેળવીશું? જો કોઇ પણ ધનનાં વૈભવ વગરનાં હશું તો મૈત્રીભાવ કેમ કેળવશું? અને જો કોઇપણ આપણો મિત્ર નહીં હોય તો સુખ કેમ મેળવીશું? "જીવનનું હંમેશ એક જ ધ્યેય હોય છે અને તે હોય છે- સાચું સુખ!"

## સુભાષિત સંહિતા

★ રહીએ જમીએ... સાથે શૌર્ય બતાવીએ
વિદ્યા હો તેજસ્વી ન દ્વેષ કરીએ અમે

★ સત્ય છે એ જ ચક્ષુ છે એ ચક્ષુએ જ દેખીએ
સત્ય વિના નહીં ધર્મ છલ જ્યાં ત્યાં ન સત્ય છે.

★ અસત્ય હારવાનું છે સત્યનો જ સદા જય
સત્યથી જ પુગાશે એ સત્યના નિજ ધામમાં

★ સોનાના ઢાંકણે અહીં સત્યનું મુખ ઢંકાણું.
કૃપાળુ એ કરો દૂર જેથી હું દેખુ સત્યને.

★ દૂર છે એ છતા પાસે, નિશ્ચલ એ છતા ચલ
સર્વના અંતર છે એ છતા બહારેય એજ છે.

★ વિવિધ રંગની ગાયો દૂધ દે એક રંગનું
પ્રબોધે તેમ સૌ ધર્મો એક જ પરમાત્માને

★ મનુષ્ય શ્રેષ્ઠ છે વિશ્વમાં, એનો છે મહિમા ઘણો
મનુષ્યથી વધુ શ્રેષ્ઠ એવું ક્યાંય કશુ નથી

★ સમાય હાથી પગલામાં સર્વ પગલા પ્રાણીના
તેમ સૌ ધર્મનો સાર અહિંસામાં સમાય છે

★ આપ જ આપનો બંધુ આપ જ રિપુ આપનો
આપથી આપને જીત્યો જેણે તે જગ જીતીયો.

★ હજારો ગાયમાં જેમ વાછડી માને ઓળખે
તેમ પૂર્વે કર્યા કર્મો તેના કર્તાને ઓળખે

★ કોટી ગ્રંથે કહ્યું છે તે અર્ધ શ્લોક મહિં કહું
પુણ્ય પરોપકાર છે પાપ છે પર પીડને

★ સેવો ધર્મ ન અધર્મ વદો સત્ય ન જૂઠને
જુઓ દીર્ઘ નહિ ટૂંકું; જુઓ ઉર્ધ્વ નહિ નીચું.

*લતા કે. હેડાઉ - નાગલપર*

# દુઃખના કારણો

એ. કે. સોની - ભુજ

ગત લેખથી આપણે દુનિયાદારીની પૂણીમાંથી નીકળતા સુખ-દુઃખરૂપી તંતુઓ વિશે વિચારતા હતા. તેમાં શરૂઆતનું કથન "દુઃખ છે નહીં પરંતુ આપણે ઊભું કરીએ છીએ" અંગેના વિચારોમાં આગળ વધીએ તો સૌ પ્રથમ આપણે એ નક્કી કરવું પડશે કે સામાન્યતઃ દુઃખ, કઈ બાબતોથી થાય છે?

સાંપ્રત સમયમાં દુઃખના મુખ્ય કારણો : (૧) નિર્ધનતા, (૨) શારીરિક કે માનસિક તકલીફ, (૩) અપેક્ષા, (૪) કૌટુંબિક સમસ્યા, (૫) સામાજીક સમસ્યા.

સૌથી પ્રથમ તો આર્થિક નબળી પરિસ્થિતિને કારણે માનવી સુખી નથી રહી શકતો. કારણ કે કુટુંબના ભરણપોષણ માટે આજના યુગમાં ધનની આવશ્યક્તા સૌથી વિશેષ રહે છે. માનવીને પેટ પૂરતું અનાજ, કપડાં, અને મકાનની મૂળભૂત જરૂરિયાત છે. અને તે દરેક જરૂરિયાત માટે ધનની જરૂર પડે છે. પરંતુ કુટુંબમાં એક વ્યક્તિની કમાણી અને ચારથી પાંચ વ્યક્તિનો નિભાવ મુશ્કેલ બને છે. પરિણામે કુટુંબની જરૂરિયાત કે કુટુંબના સભ્યોની અપેક્ષાઓની આપૂર્તિ ન થવાને કારણે કુટુંબના વડીલનું યોગ્ય માન કુટુંબમાં જળવાતું નથી. અને જેનું કુટુંબમાં યોગ્ય માન જળવાતું નથી તેની સમાજમાં તો ગણના પણ ન હોય ને? એટલે તે વ્યક્તિ સતત દુઃખ અનુભવે. તે જ રીતે કુટુંબના સભ્યો પણ અપૂર્ણ અપેક્ષાઓના દુઃખથી દુઃખી થાય છે.

એક રીતે જોઇએ તો, આ દુઃખ ઉભુ કરેલું ન ગણાય. પરંતુ આ સિક્કાની બીજી બાજુ જોઇએ તો આપણી અપેક્ષાઓનો ઉદ્ભવ – આપણી, આપણાથી સુખી લોકો એટલે કે ઊંચે જોવાની ટેવને કારણે આપણે દુઃખી થઇએ છીએ. જો આપણાથી નબળા લોકોને જોઇએ તો આપણી સ્થિતિ આપણને એટલી નબળી ન લાગે. તે સાથે આપણી અને આપણા કુટુંબોની અપેક્ષાઓ વધે નહિં. આપણે આપણી પરિસ્થિતિને સુધારવા શક્ય તેટલા પ્રયત્નો અવશ્ય કરવા જ જોઇએ. વર્તમાન પરિસ્થિતિનાં સ્વીકાર ભાવ સાથે.

(૨) શારીરિક કે માનસિક કારણે ઉદ્ભવતાં દુઃખોને અલગથી જોઇશું. અત્યારે તો માત્ર એટલું જ વિચારીએ કે, આપણી રહેણીકરણી, ખાનપાનની ટેવો અને કુટુંબનાં સભ્યોનું પરસ્પરની સમજણ અને શિક્ષણના અભાવ અથવા અધકચરા જ્ઞાનથી આ દુઃખ ઉત્પન્ન થાય છે. ટેવોનું પરિવર્તન, નિઃસ્વાર્થ પ્રેમ અને નિખાલસતાથી આ પરિસ્થિતિનું નિરાકરણ થઇ શકે છે.

(૩) અપેક્ષા, એ દુઃખનું અગત્યનું કારણ છે. ઘણી વખત આપણે આપણાં ગાઢ મિત્ર કે નજદીકના સગા અથવા કુટુંબના સભ્ય પાસેથી સાંભળવા મળે છે કે, તમારા આવા જવાબ/વર્તનની અપેક્ષા નહોતી રાખી. અલબત્ત નજીકનાં સગાં, કુટુંબીજન કે, ગાઢ મિત્ર પ્રસંગે કામ ન આવે ત્યારે સામે પક્ષે રાખેલ અપેક્ષા ખોટી પડે છે અને તેના કારણે ખેદ/દુઃખ થાય છે. માટે એવી અપેક્ષા રાખીને સંબંધ ન રાખ્યા હોય, અનપેક્ષિત સંબંધ રાખીએ તો દુઃખ થાય જ નહિ.

આવુંજ અપેક્ષા પૂર્ણ ન થવાને કારણે વિદ્યાર્થીઓની પરીક્ષાના પરિણામ પછીની સ્થિતિને કારણે આત્મહત્યા સુધીના બનાવોમાં અને લગ્નો, તુટવાના કારણો તેમજ અન્ય અનેક બાબતોમાં અપેક્ષા જ કારણ બને છે દુઃખનું.

(૪) કૌટુંબિક કારણોસર ઉત્પન્ન થતા દુઃખનું મૂળ જોઇએ તો વ્યક્તિગત અહમ અને બે પેઢી વચ્ચેનું અંતર તદુપરાંત નિખાલસતાનો અભાવ. બીજા ગૌણ કારણો ઘણાં હોય છે. પરંતુ મુખ્ય કારણો આ ત્રણ છે.

કુટુંબના સભ્યોના અહંના ટકરાવથી બોલાચાલી થાય છે અને ધીરેધીરે સભ્યો વચ્ચે અંતર વધતું જાય છે અને આત્મિયતા તળિયે બેસી જાય છે. Generation gap એટલે કે બે પેઢી વચ્ચેનું અંતર. આ અંતર શિક્ષણ અને સમજના અભાવે ઉદ્ભવે છે. જૂની પેઢી નવી પેઢીનાં વિચારો અને વર્તનને સમજે અને નવી પેઢી જૂની પેઢીના અનુભવોને સાંભળી યોગ્ય સમયે ઉપયોગમાં લે તો આ અંતર મટે નહિં તો ઘટે તો ખરૂં જ. તદુપરાંત યુવા વર્ગ વૃદ્ધોની થોડી વાત સાંભળે, યોગ્ય માન આદર જાળવે તો વધારે સુધારો થાય અને પરિણામે દુઃખનો ઉદ્ભવ ન થાય.

## 'પહેલી પૂજા કોની?'

*વિદુલા મનોજ બારમેડા - ભુજ*

સાચી વાત એ છે કે ભારતના લોકો ધર્મ પાછળ જેટલી શક્તિ, સમય અને ધન ખર્ચે છે તે સમાજની ઉન્નતી માટે ખર્ચે તો ભારતના બધા જ લોકો સુખચેનથી જીવી શકે અને જે "સર્વ સુખીનં ભવંતુ'ની ભાવના છે તે મૂર્તિમંત થાય. આપણે અત્યાર સુધી બીજાનો જ વાંક કાઢતા આવ્યા છીએ બ્રિટીશરો ખરાબ હતા અને તેમણે દેશના ભાગલા કરાવ્યા. રાજકારણીઓ ભ્રષ્ટ અને લુચ્ચા છે એટલે આપણે ભરપૂર દુઃખી થઇએ છીએ. આ ભાષાવાદ, પ્રાંતવાદ, અનામતપ્રથા વગેરેને દોષ આપીએ છીએ પણ ક્યારેય આપણી વર્તણૂંક પર વિચાર કર્યો? મનુષ્ય ભગવાનની ભક્તિ અને પૂજા કરે તે પ્રશંસનીય છે પણ ક્રમ પ્રમાણે જોઇએ તો પહેલા સમાજની પૂજા અને પછી ભગવાનની ભક્તિ આવે. એક દાખલાથી આ વાત સમજાશે. ધારો કે તમારે તીર્થધામ કે યાત્રાએ જવું છે. ટિકીટ લેવાઇ ગઇ છે પણ જતાં પહેલા તમારી મા બીમાર થાય, હોસ્પિટલમાં લઇ જવાની જરૂર થાય તો તીર્થધામની ટિકિટ કેન્સલ કરાવી માને હોસ્પિટલમાં લઇ જઇ તેની સેવાચાકરી કરશો કે યાત્રાએ જશો? માને મરવા દેશો કે માવજત કરશો? જો આ વાત સમજાય તો તમે પછીની વાત સમજશો. આપણે વિચારીએ તો સમાજ આપણી 'મા' છે. આજ સુધી જે કંઇ મળ્યું છે – જન્મથી માંડીને આજ સુધી, તે સમાજે આપ્યું છે. આપણું પોષણ, શિક્ષણ, સંરક્ષણ, સંવર્ધન, બધુ સમાજને આભારી છે. ધારો કે ઇલેકટ્રીકસિટી બંધ થઇ જાય કે પાણી બંધ થઇ જાય અથવા પોલીસતંત્ર થોડા દિવસ રજા પર જાય તો લૂંટફાટ અને અરાજકતા એટલી બધી થાય કે જીવવું મુશ્કેલ થઇ જાય ત્યાં ભગવાનની ભક્તિ કેમ કરવાના? આપણે ત્યાં રામાયણ અને ભગવાનની પારાયણ થાય છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજાય છે. ગીતાયજ્ઞ થાય છે પણ સમાજને સ્પર્શતા બધા પ્રશ્નોમાંથી એક એકને ઊંડાણપૂર્વક સમજીને તે લોકો સુધી પહોંચાડવા દર વર્ષે "સમાજોન્નતિ" વ્યાખ્યાનમાળા રાખવી જોઇએ. આપણે પહેલા સમાજને સ્વસ્થ બનાવીએ. દરેક મનુષ્ય સુખશાંતિથી જીવે તેવી સમાજરચના કરીએ પછી મોકળા મને ભગવાનની ભક્તિ કરીએ તે યોગ્ય લેખાશે.

# શ્રી અંબાલાલ શિવલાલ પોમલ


***કે. પી. કંસારા - રાજકોટ***

*નીર તો સમાયા સમંદરને ઉરે,*
*સાગર સમાયા છે, શાયરને ઉરે!*
*શાયર સમા અંબાલાલ છે હરદમ*
*સહેજેય સમાયા છે જનતાને ઉરે!*

અંબર સમી ઉર્ધ્વગામી પ્રતિભા ધરાવનાર અંબાલાલ શિવલાલ પોમલ પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં દૃષ્ટિવાનોને આંજી નાંખે તેવી આગવી વિશેષતા સાથે ઉજ્જવળ પ્રતિભા ધરાવે છે. આવો આપણે તેમની જીવન કારકિર્દીમાં જરા ડોકીયું કરીએ.

કચ્છની ખમીરવંતી બિદડાની ધરા પર તા. ૧૪-૯-૧૯૪૨નાં શુભ દિને આ મહાન વ્યક્તિનો જન્મ સોની પરિવારમાં થયો હતો. પિતાશ્રી શિવાલાલભાઇ તેમજ માતૃશ્રી વેલુબેનને ખોળે ખેલવાને સર્જાયેલા અંબાલાલ પોમલની જન્મતાંની સાથે જ નયન જ્યોત બુઝાઇ ગઇ. માત-પિતાને માટે તો 'ગઢ આલા, પણ સિંહ ગેલા' જેવી સ્થિતિ થઇ. પરંતુ શિક્ષિત પરિવારે હિંમત રાખીને બાળકની અપંગતા તેમનાં જીવનમાં અડચણ રૂપ બનવાને બદલે પ્રેરણારૂપ બને એ રીતે તેમનું જીવન ઘડતર શરૂ કર્યું. આગવી દેખરેખ અને વિશેષ કાળજીનાં લાલન-પાલન સાથે અંબાલાલનું બચપણ સમાજના હર કદમ સાથે એકરૂપ બનતું ગયું. પાંચ ધોરણ સુધીનું શિક્ષણ અપાવ્યું અને પરિવારના સભ્યો વ્યવસાય અર્થે સાંગલી મહારાષ્ટ્રમાં સ્થળાંતરીત થવાથી તે પછી વિશેષ અભ્યાસ અર્થે નેત્રહીનોની સ્પેશિયલ સ્કૂલ વિક્ટોરીયા મેમોરીયલ સ્કૂલ ફોર ધી બ્લાઇન્ડ - મુંબઇ ખાતે પ્રવેશ અપાવીને બ્રેઇલ લિપિના માધ્યમ દ્વારા પ્રાથમિક શિક્ષણથી માંડીને યુનિવર્સિટી સુધીનું શિક્ષણ અવલ નંબરે રહીને મેળવવામાં પોતાના પરિવારની આગવી ભૂમિકા સાથે તેઓશ્રીએ પોલીટીક્સમાં બી.એ. ઑનર્સ અને ગુજરાતી સંસ્કૃતમાં એમ.એ.ની ડિગ્રી ઇંગ્લીશ મિડીયમ સાથે મુંબઇ યુનિવર્સિટી દ્વારા પ્રાપ્ત કરી સૌને તાજજુબ કરી દીધેલા.

આ ઉપરાંત સંગીતમાં વિવિધ વાદ્યોની જાણકારી સાથે ગાયનમાં વિશારદની ડિગ્રી પ્રાપ્ત કરી તેમજ નેત્રહીનોના શિક્ષણ અને તાલીમનો કોર્ષ સ્પેશિયલ બી.એડ અને



હિંદીમાં કોવિદની ઉપાધિ પ્રાપ્ત કરી ત્યારે ખરેખર એમ કહેવાનું મન થઇ જાય :

*"સ્વાતિ જલ છીપલે સંઘરાયા પાક્યા સાચા મોતી*
*અખંડ જોયત નીત ઝળહળશે જ્ઞાન-દીપની જ્યોતિ."*


સેવા સમર્પણ અને ત્યાગની વારસાગત પ્રેરણા જેમના રક્તમાં રંગાઇ ગઇ હોય તેવા વ્યક્તિને ધંધાકીય વિચારો કેમ આવે? ધંધાના અવલંબનો હોવા છતાં તેને અવગણીને ૧૯૭૬માં રાજકોટ ખાતે આગમન થયું. અંધજન કલ્યાણ મંડળને પોતાની કર્મભૂમિ બનાવીને આજ સુધીનું સમગ્ર જીવન સંસ્થાના કાર્યોમાં સમર્પિત કરી રહ્યાં છે. સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહીને સંપૂર્ણ જવાબદારી અદા કરવામાં રાત-દિન એક કરીને પોતાની આગવી વિશેષતા સાથે કાર્યકરોને સમય સૂચકતા સાથેનું માર્ગદર્શન પૂરૂં પાડે છે. સમગ્ર સ્ટાફને અનોખી કાર્ય પ્રણાલી સાથે કાર્યરત રહીને સંસ્થાના વિવિધ કાર્યોમાં એક વિશેષતા સાથે આગવી શૈલીનું નિર્માણ કર્યું છે. તેઓશ્રી ૧૯૭૮માં પન્નાબેન સાથે લગ્નગ્રંથીથી જોડાયા. તેમના ધર્મપત્ની પણ પ્રજ્ઞાચક્ષુ છે. સંગીત શિક્ષા વિશારદ અને બી.એ. સાથે તેઓએ પોતાની જવન કારકિર્દી બનાવી છે. અને હાલમાં તેઓ જિલ્લા પંચાયતમાં સંગીત શિક્ષિકા તરીકે ફરજ બજાવે છે. સ્વભાવે વિનમ્ર, મિલનસાર અને સમર્પણની સહયોગી ભાવના સાથે પોતાનો સંસાર સૌ કોઇને પ્રેરણારૂપ બને એ રીતે ઘણી વિશેષતા સાથે ચલાવે છે. જે કોઇ એમના જીવનમાં ડોકીયું કરે તેમને નવી પ્રેરણા મળ્યા વિના ન રહે. પરંતુ પરમાત્માની કસોટીની કોઇ હદ નથી હોતી કવિશ્રી પાલનપુરીના કથન મુજબ "ખુદા તારી કસોટીની પ્રથા સારી નથી હોતી, જે સારા હોય છે તેની દશા સારી નથી હોતી." ભાઇશ્રી પોમલભાઇનાં જીવનમાં પણ આવી જ હકીકત પુરવાર થઇ. તેમના દાંપત્ય જીવનમાં બે સંતાનો પ્રાપ્ત થયા. તેમાં પ્રથમ પુત્ર શિશિર સંપૂર્ણ તંદુરસ્ત છે. જ્યારે બીજો પુત્ર રવિ જન્મતાની સાથે જ સેરીબ્રલ પાલ્સીના કારણે બહુ વિકલાંગતાનો ભોગ બન્યો. સૌ કોઇ જાણે છે કે આ સ્થિતિનું કોઇ નિવારણ થઇ શકે નહીં. બંને પતિ-પત્ની નેત્રહીન હોવા છતાં આવી અપંગતાનો પડકાર ઝીલીને પુત્રનાં વિકાસ અને સારવારમાં છેલ્લી ઢબની સુવિધાઓ આપીને કોઇ જાતની કસર રાખી નથી.

પન્નાબેન પણ અસાધ્ય મુશ્કેલી સહન કરીને પોતાની ફરજમાં સમયસર હાજરી આપે છે. વહેલા ઉઠીને ઘરની વ્યવસ્થા, રવિની સારવાર, પોતાની ફરજની તૈયારી અને ફરી પાછા આવીને ઘર સંભાળવું. અન્ય કોઇ પરિવારનાં સભ્યો સિવાય પન્નાબેન એકલા હાથે સંપૂર્ણ જવાબદારી સંપૂર્ણ વફાદારી અને શાંત ચિત્તે નિભાવી રહ્યા છે. આજનાં ગૃહસ્થોએ આ દૃષ્ટાંત સમજવું અને શીખવું જરૂરી છે. પોમલભાઇ પોતાના જીવનમાં કેટલીક ખાસ વિશેષતાઓ ધરાવે છે. પોતાની આવડતને સમાજમાં જરૂરીયાત મંદને વિના મૂલ્યે પ્રદાન કરીને દૃષ્ટિવાનોનો દિપક બનીને સમાજમાં આગવી પરંપરાનું સર્જન કરનાર ભાઇશ્રી પોમલભાઇ ધન્યવાદને પાત્ર છે.

"ભગવાન કે ઘર દેર હૈ, અંધેર નહી હૈ" આ વાતનો પ્રગટ પરચો ભાઇ શ્રી પોમલભાઇનાં જીવનમાં આપણને ઘણું કહી જાય છે. તા. ૨૮ ડિસેમ્બર, ૨૦૦૫ના રોજ ભરૂચ ચોકડી પાસે વોલ્વો દુર્ઘટનામાં પુત્ર શિશિર અને પુત્રવધુ કોમલ તેમાં મુસાફરી કરી રહ્યા હતા. અકસ્માત વેળાએ કોઇ ન બચ્યું અને તેઓ બંને બહાર ફેંકાઇ ગયા અને તેમનો આકસ્મિક બચાવ થયો. નેત્રહીનોની આંખ બનીને જીવતાં આ દંપતિના પુત્ર અને પુત્રવધુને પરમાત્માએ જીવતદાન આપ્યું અને આ રીતે ભાઇશ્રી પોમલભાઇએ કરેલ સમર્પણનો પરમાત્માએ જાણે કે હિસાબ ચૂકતે

કર્યો હોય તેમ હાજરા હજૂર પરચો પૂરેલ છે.

શ્રી પોમલને અંધજગતની સેવાકીય પ્રવૃત્તિ બદલ નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડનું ઇન્ડિયા (મુંબઇ) દ્વારા પ્રતિષ્ઠિત એવોર્ડ (આર.એમ. અલ્પાયવાલા એવોર્ડ) જે બહુ ઓછા લોકોને પ્રાપ્ત છે, તે એવોર્ડ તા. ૧૯-૧-૨૦૦૯ ના રોજ મુંબઇ ખાતે અર્પણ કરવામાં આવેલ. તેમનાં બે નાના ભાઇઓ અને બે નાની બહેનો તેમજ એક મોટા બહેન છે. અને ભાઇ-બહેનો તરફથી તેમના વિકાસમાં સંપૂર્ણ રીતે ફાળો નોંધપાત્ર છે.




*શ્રી અંબાલાલભાઈ પોમલને વરલીના નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ વતી પ્રોફેશનલ કેટેગરીનો એવોર્ડ એનાયત કરતા મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન શ્રી છગન ભુજબળ*

કર્મ એ જ ધર્મ જેનો મહામંત્ર છે એવા શ્રી પોમલભાઇ સર્વહિત ચિંતક, સહાનુભૂતિશીલ, સહૃદય ભાવનાં સાથે સૌ કોઇને સહકાર આપે છે. દૂરંદેશી વિચારધારા અને પ્રભાવશાળી વ્યક્તિત્વ જેમની આગવી ઓળખ છે.

પરમાત્મા આવા સંન્નિષ્ઠ કાર્યકરને શક્તિ અને પ્રેરણા પૂરી પાડે તેવી પ્રાર્થના સાથે વાંચકોને પ્રસ્તુત વૃત્તાંત પ્રેરણાદાયી બને તેવી અભ્યર્થના સાથે ધન્યવાદ.

## શ્રી અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળ – ભુજ, કચ્છ

### શિક્ષણ સન્માન કાર્યક્રમ

મહામંડળના ઉપક્રમે આ વર્ષે માન્ય યુનીવર્સિટીનો અભ્યાસક્રમ પૂર્ણ કરી ઉચ્ચ શિક્ષણની નીચે જણાવેલ કક્ષાઓમાં ડિગ્રી પ્રાપ્ત કરનાર સમગ્ર ભારતના જ્ઞાતિના વિદ્યાર્થી ભાઇ બહેનોનું સન્માન કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

| *અનું.* | *કેટેગરી* | *ડિગ્રી* |
|---|---|---|
| ૧. | અનુસ્નાતક | M.A., M.Com., M.Sc., M.Ed., LLM, M. Pharm etc. |
| ૨. | મેડિકલ સાયન્સ | MBBS, BHMS, BAMS, BDS, B.Phy. etc. |
| ૩. | એન્જીનિયરીંગ અને ટેકનોલોજી | M.E., B.E., M.Tech, B.Tech, Diploma in engg. branch |
| ૪. | એકાઉન્ટન્સી | C.A., C.S., ICWA etc. |
| ૫. | ડિઝાઇન અને આર્કિટેક્ચર | B.Arch., M.Arch., Interior Design, Fashion Design, Music and other recognised courses. |
| ૬. | રિસર્ચ સ્ટડી | M.Phil., Ph.D. / (૭) કોમ્પ્યુટર્સ : MCA |
| ૮. | મેનેજમેન્ટ | M.B.A., PGDBM from AICTE recognised colleges |
| ૯. | પબ્લીક સર્વીસ કમીશન | I.A.S., IPS and other govt. recruitment examinations. |
| ૧૦. | અસાધારણ તેજસ્વિતા | ૧૨ અને ૧૦ ધોરણમાં રાજ્ય અને જિલ્લામાં દસમા ક્રમમાં રેન્ક. યુનિવર્સિટીમાં ફાઇનલમાં એકથી ત્રણમાં રેન્ક. |

જે વિદ્યાર્થી ભાઇ-બહેનોએ ઉપરોક્ત કેટેગરીમાં ૨૦૦૮-૦૯માં પદવી પ્રાપ્ત કરી હોય તેઓને ડિગ્રી સર્ટીફિકેટ અથવા માર્કશીટની ઝેરોક્ષ, કોન્ટેક્ટ નંબર અને સરનામું સાથે તારીખ ૧૫-૭-૨૦૦૯ સુધીમાં મોકલી આપવા વિનંતી છે.

મારૂ કંસારા સોની જ્ઞાતિ ઘટક પ્રમુખ / મંત્રીશ્રીઓ / શિક્ષણ સમિતિના સભ્યશ્રીઓને નમ્ર વિનંતી છે કે તેઓ તેમના વિસ્તારના સન્માનપાત્ર ભાઇ-બહેનોની વિગતો એકત્રિત કરીને નીચેના સરનામે મોકલી આપે. શિક્ષણ-ઉત્કર્ષના ઉમદા કાર્યમાં આપના સાથ સહકારની અપેક્ષા સાથે...

**રસીકભાઇ મહીચ્છા**

ચેરમેન શ્રી, શિક્ષણ સમિતિ, વાર્ડ-૨/B, પ્લોટ નં-૨૪૩, આદિપુર, કચ્છ-૩૭૦ ૨૦૫. ફોન : ૨૬૦૯૩૨- ૯૪૨૮૭ ૪૮૨૪૮


***પ્રેમજીભાઇ કેશવજી સોની - મહામંત્રીશ્રી*** ***પ્રભુદાસભાઇ ખેતશી સોની - પ્રમુખ શ્રી***

***નોંધ : ઉપર જણાવેલ તારીખ બાદ જાહેર થયેલ પરિણામોની માહિતી પણ મોકલવી જેથી તેમને પછીના કાર્યક્રમમાં સમાવી શકાય. માત્ર માન્ય યુનિ. ડિગ્રી, સન્માન પ્રાપ્ત થશે.***

## મહામંડળના દ્વારેથી

સમીર કંસારા

### કારકીર્દી માર્ગદર્શન સેમિનાર






અખિલ ભારતીય મારૂ કંસારા સોની જ્ઞાતિ મહામંડળની શિક્ષણ સમિતિના ઉપક્રમે ૨૪-૫-૨૦૦૯ રવિવારનાં ચેમ્બર ઓફ કોમર્સ હોલ મંડળ મુકામે કારકિર્દી માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અતિથિ તરીકે માંડવી કોલેજનાં પ્રો. બી.એમ. રાજપુત સાહેબ તથા ખીમજી રામદાસ કન્યા વિદ્યાલયના આચાર્યા શ્રીમતી હંસાબેન પંડ્યા તથા પી.સી.વી. મહેતા હાઇસ્કૂલ-ભુજના આચાર્ય શ્રી ચેતનભાઇ બારમેડા આવેલ હતા. સેમિનારનો પ્રારંભ મહામંડળની શિક્ષણ સમિતિના ચેરમેન પ્રો. રસિકભાઇ મહિચ્છાએ દીપ પ્રાગટ્યથી કર્યો હતો. શ્રી કિશોરભાઇ સોનીએ પ્રાસંગિક વક્તવ્યમાં મહામંડળની શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિષય પરિચય આપ્યો હતો. પ્રો. બી.એમ. રાજપુતે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન તથા ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનની વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિશે માહિતી આપતા જણાવ્યુ હતુ કે આવી જાણકારીના અભાવે કચ્છના વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસતા નથી અને પરીક્ષાના સેન્ટર બહાર ચાલ્યા જાય છે.

ત્યારબાદ પ્રો. રસીકભાઇ મહિચ્છાએ ધોરણ-૧૨ અને એસ.એસ.સી. પછીના કારકિર્દીના વિવિધ વિકલ્પોની માહિતી આપી હતી. અને વિદ્યાર્થીઓને કારકિર્દી વિષે વહેલાસર અને જાતે નિર્ણય લેવાનો અનુરોધ કર્યો હતો. શ્રી સમીરભાઇ કંસારાએ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, આઇ.સી.ડબલ્યુએ, કંપની સેક્રેટરી જેવા વ્યવસાયિક અભ્યાસક્રમોની જાણકારી આપી હતી. શ્રી કુશાગ્ર રાવલે વિવિધ મેનેજમેન્ટ અને એમ.બી.એ. પ્રોગ્રામ્સની રસપ્રદ જાણકારી આપી હતી.

સમગ્ર કાર્યક્રમના સુ-આયોજનમાં શ્રીમતી જયશ્રીબેન ભરતભાઇ પરમાર, શ્રી હિતેશ બિજલાણી તથા શ્રી કિશોરભાઇ સોનીનો સહકાર મળ્યો હતો. પ્રોજેક્ટર અને સ્લાઇડ શો નું સંચાલન શ્રીમતી બિનીતા કુશાગ્ર રાવલે કર્યું હતું. સેમિનાર તથા ભોજનની વ્યવસ્થા માંડવી જ્ઞાતિ પ્રમુખ શ્રી વિનોદભાઇ હેડાઉ, શ્રી રમેશભાઇ સોની તથા કારોબારી સભ્યોએ કરેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. જીનલ પ્રવીણભાઇ સોલંકીએ કર્યું હતું.

### સમાજસેવાની વિભાવના

*– ધર્મેન્દ્ર બી. સોની*

આપણા મહામંડળની રચના થઇ પછી મોટાભાગના જ્ઞાતિજનોની ઇચ્છા મેં જાણી. સમાજ માટે, મહામંડળ માટે કંઇક કરી છૂટવાની ભાવના વ્યક્ત કરી. ક્યાંક કોઇકે પોતાની કેટલી મજબૂરીઓ વર્ણવી. અમારે પણ કામ કરવું છે પણ શું કરીએ અમારી પાસે સગવડ નથી, શિક્ષણ નથી, પૈસા નથી. અમે સમાજમાં આગળ પડતા નથી. ત્યારે મેં તેમને એક ઉદાહરણ આપ્યું.

એક સાધારણ ખેડૂત હતો. ખેતી માટે બહુ સામાન્ય જમીન. ખૂબ જ મહેનત કરે. ખેતરે જાય ત્યારે પાણી ભરી લાવવા બે માટલાં લઇ જાય. રોજ લાકડી ખભા પર ભરાવી, તેમાં બે માટલાં ભરાવી, બે માટલાં ભરતો આવે. હવે બન્યું એવું કે એક માટલું કાણું થયું. ખેડૂત ખેતરથી ઘેર પાણી લઇને આવે ત્યાં સુધીમાં બધું જ પાણી તે માટલામાંથી ખાલી થાય. ભરેલું માટલું ખુશ થાય કે હું મારા માલીકની કેવી સરસ સેવા કરું છું. જ્યારે કાણું માટલું દુઃખી થાય કે હું મારા માલીકની હવે સેવા કરી શકતું નથી. એક દિવસ કાણા માટલાએ તેના માલીક ખેડૂતને કહ્યું કે હવે હું તમારા માટે બોજ સ્વરૂપ છું. હું નકામું બની ગયો છું. ત્યારે ખેડૂત હસ્યો અને ખેતરમાં જતાં, રસ્તે ઊગેલાં સુંદર ફૂલછોડ બતાવી ખેડૂતે કહ્યું, જો આ બધાં ફૂલ આજે તારા કારણે ખીલીને લહેરાઇ રહ્યાં છે. જે દિવસે તું કાણું થયું ને તારું પાણી ઢળવા લાગ્યું તે દિવસે મેં કેટલાંક ફૂલછોડના બીજ લાવી અહીં દાટ્યાં હતાં. રોજ તારું પાણી ત્યાં પડતું ગયું. આજે સુંદર મજાનાં ફૂલ ખીલ્યાં છે, તે તારા કારણે છે. આ જ ફૂલ રસ્તાની શોભા વધારે છે. હું તેના વડે ભગવાનની પૂજા કરું છું. હવે તું જ બતાવ તું નકામું કેવી રીતે? માટલાની જેમ, મિત્રો સમાજની દરેક દરેક વ્યક્તિ ખૂબ જ મહત્ત્વની છે. જ્યાં છો ત્યાંથી તમે પણ સમાજની સેવા કરી શકો છો. જરૂર છે ફક્ત નિષ્ઠાની.

# શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ - અંજારને
# યશકલગી પ્રદાન કરનાર તેજસ્વી તારલાઓને

## હાર્દિક અભિનંદન

| | | |
|---|---|---|
| ધોરણ-૧૨ | દ્વિતીય વર્ષ | પ્રથમ વર્ષ |
| (કોમર્સ) | બી.બી.એ. | આઈ.ટી.આઈ. અને કોમ્પ્યુ. એપ્લી. |
| અંજાર શહેરમાં પ્રથમ | કચ્છ યુનિ. તૃતીય | અંજાર શહેરમાં પ્રથમ |
|  |  |  |
| કુ. બિંદીયા | કુ. હેન્સી | રાહુલ |
| જગદીશભાઈ છત્રાળા | શાંતિલાલ બુધ્ધભટ્ટી | જગદીશભાઈ પોમલ |

"આપ સર્વે શૈક્ષણિક ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ કરી
જ્ઞાતિને યશ પ્રદાન કરો તેવી શુભેચ્છા...."

● શુભેચ્છક ●



## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ - અંજાર (કચ્છ)

| | |
|---|---|
| શ્રી રાજેશભાઈ કેશવલાલ વીસા પરમાર | પ્રમુખશ્રી |
| શ્રી ભરતભાઈ ભગવાનદાસ બુધ્ધભટ્ટી | ઉપપ્રમુખશ્રી |
| શ્રી ભરતભાઈ ચત્રભુજ ગોહીલ | મંત્રીશ્રી |
| શ્રી અનિલભાઈ શંકરલાલ બગ્ગા | સહમંત્રી |
| શ્રી પ્રકાશભાઈ નરોત્તમભાઈ બારમેડા | ખજાનચીશ્રી |
| શ્રી જગદીશભાઈ હરિલાલ છત્રાળા | સહ ખજાનચી |
| શ્રીમતી શાંતાબેન અમૃતલાલ બારમેડા | પ્રમુખશ્રી - મહિલા મંડળ |
| શ્રી સતીષભાઈ ચમનલાલ બુધ્ધભટ્ટી | પ્રમુખશ્રી યુવક મંડળ |

તથા કારોબારી સભ્યો

# નવગઠિત કારોબારી, કાયમી આમંત્રિત તેમજ વિવિધ પેટા સમિતિ - સભ્યોની સૂચિ

## નવગઠિત કારોબારી હોદ્દેદારો

|  |  |  |  |  |  |
|---|---|---|---|---|---|
| કિશોરભાઈ જટુભાઈ ચનાણી | સુનીલભાઈ માધવજી પોમલ | દિલીપભાઈ કાનજીભાઈ બગ્ગા | રાજેશભાઈ નાનાલાલ સોલંકી | પ્રાણલાલભાઈ મનજી બુધ્ધભટ્ટી | બિપીનચંદ્ર શિવજી બુધ્ધભટ્ટી |
| પ્રમુખ | ઉપપ્રમુખ | મંત્રી | સહમંત્રી | ખજાનચી | સહ ખજાનચી |
| મો. ૯૮૨૫૮ ૫૭૪૧૩ | મો. ૯૮૯૮૦ ૮૯૧૪૧ | મો. ૯૮૨૫૨ ૨૬૬૧૭ | મો. ૯૮૨૫૨ ૦૦૨૫૨ | મો. ૯૪૨૮૨ ૯૪૧૪૨ | મો. ૯૮૨૫૨ ૫૩૩૪૨ |

## જ્ઞાતિ કારોબારી

| | | | |
|---|---|---|---|
| (૭) | અમૃતલાલ જેઠાલાલ સોલંકી | સભ્ય | ૯૪૨૬૮ ૬૮૨૨૦ |
| (૮) | નીતિનભાઈ અમૃતલાલ હેડાઈ | સભ્ય | ૯૮૭૯૦ ૮૦૫૩૬ |
| (૯) | ઈન્દુલાલ હરિરામ સોલંકી | સભ્ય | ૯૩૭૪૩ ૩૭૬૭૮ |
| (૧૦) | હર્ષદભાઈ ઝવેરીલાલ બુધ્ધભટ્ટી | સભ્ય | ૯૮૨૫૨ ૮૫૩૨૧ |
| (૧૧) | ચંદ્રકાન્ત શામજી બુધ્ધભટ્ટી | સભ્ય | ૯૮૨૫૪ ૭૭૧૨૯ |
| (૧૨) | પ્રદિપભાઈ જીવરામ બિજલાણી | સભ્ય | ૯૯૭૮૭ ૩૪૦૨૪ |
| (૧૩) | અનિલભાઈ કેશવલાલ છત્રાળા | સભ્ય | ૯૮૭૯૦ ૪૨૯૬૯ |
| (૧૪) | ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડા | સભ્ય | ૯૮૭૯૨ ૮૬૦૬૪ |
| (૧૫) | જેન્તીલાલ ઈંદરજી હેડાઉ | સભ્ય | ૯૮૨૫૩ ૬૮૭૩૦ |
| (૧૬) | અમૃતલાલ વાલજી બુધ્ધભટ્ટી | સભ્ય | ૯૮૭૯૬ ૨૫૦૬૫ |
| (૧૭) | ચંપકલાલ જીવરામ બિજલાણી | સભ્ય | ૯૯૭૯૩ ૨૮૬૬૮ |
| (૧૮) | પ્રફુલ્લભાઈ મેઘજી બુધ્ધભટ્ટી | સભ્ય | ૯૯૭૯૭ ૯૬૫૦૧ |
| (૧૯) | હસમુખભાઈ કેશવલાલ મૈચા | સભ્ય | ૯૭૨૭૫ ૨૧૦૧૦ |
| (૨૦) | મુકેશભાઈ લખમશી બારમેડા | સભ્ય | ૯૮૨૫૩ ૯૪૪૮૦ |
| (૨૧) | હિતેશભાઈ ધીરજલાલ પોમલ | સભ્ય | ૯૭૨૭૨ ૦૨૮૨૭ |

## કાયમી આમંત્રિત

| | | | |
|---|---|---|---|
| (૧) | ચંદ્રકાન્તભાઈ જટુભાઈ ચનાણી | સભ્ય | ૯૮૨૫૪ ૩૧૬૮૩ |
| (૨) | પ્રાણલાલભાઈ નરભેરામ સોલંકી | સભ્ય | ૯૮૨૫૧ ૭૬૨૭૮ |
| (૩) | મુળજીભાઈ નાનાલાલ કટ્ટા | સભ્ય | ૯૭૨૭૯ ૯૬૮૫૦ |
| (૪) | કિશોરભાઈ દયારામ ચૌહાણ | સભ્ય | ૯૪૨૬૮ ૧૭૪૭૪ |
| (૫) | પ્રમુખશ્રી યુવક મંડળ - ભુજ | | |
| (૬) | મંત્રીશ્રી યુવક મંડળ - ભુજ | | |
| (૭) | પ્રમુખશ્રી યુવક મંડળ - ભુજ | | |
| (૮) | મંત્રીશ્રી મહિલા મંડળ - ભુજ | | |

## પેટા સમિતિ

| | | |
|---|---|---|
| (૧) | રાજેન્દ્રભાઈ વિશનજી બુધ્ધભટ્ટી | ૯૯૦૯૪ ૯૮૧૦૬ |
| (૨) | નિર્મલ પ્રફુલ્લ સાકરિયા | ૯૪૨૯૪ ૪૯૩૦૫ |
| (૩) | અતુલભાઈ કરસનદાસ બુધ્ધભટ્ટી | ૯૮૨૫૨ ૩૪૨૭૪ |
| (૪) | દિપકભાઈ ધીરજલાલ પોમલ | ૯૯૨૫૭ ૪૩૩૪૨ |
| (૫) | રોહિતભાઈ ભાઈલાલ પોમલ | ૯૯૦૯૦ ૧૮૬૯૧ |
| (૬) | પ્રફુલ અમૃતલાલ સાકરીયા | ૯૯૦૯૦ ૭૨૧૫૩ |

### ★ ધાર્મિક સમિતિ :-

૧. પ્રદિપકુમાર જીવરામ બિજલાણી
૨. અમૃતલાલ વાલજી બુદ્ધભટ્ટી
૩. પ્રફુલ્લભાઈ મેઘજી બુધ્ધભટ્ટી
૪. રોહિતકુમાર ભાઈલાલ પોમલ
૫. પ્રફુલ અમૃતલાલ સાકરીયા

### ★ શિક્ષણ અને સાંસ્કૃતિક સમિતિ :-

૧. ચેતનભાઈ ઈશ્વરલાલ બારમેડા
૨. રાજેશકુમાર નાનાલાલ સોલંકી
૩. મૂળજીભાઈ નાનાલાલ કટ્ટા
૪. કિશોરભાઈ દયારામ ચૌહાણ
૫. હિતેશકુમાર ધીરજલાલ પોમલ

### ★ મેડિકલ અને આર્થિક સહાય સમિતિ :-

૧. હર્ષદકુમાર ઝવેરીલાલ બુધ્ધભટ્ટી
૨. પ્રાણલાલભાઈ મનજી બુધ્ધભટ્ટી
૩. અનિલભાઈ કેશવલાલ છત્રાળા
૪. હસમુખલાલ કેશવલાલ મયેચા
૫. દિપકકુમાર ધીરજલાલ પોમલ

★ **કાયદાકીય સમિતિ :-**

૧. ઈન્દુભાઇ હરીરામ સોલંકી
૨. ચંદ્રકાન્તભાઇ જટુભાઇ ચનાણી
૩. દિલીપભાઇ કાનજી બગ્ગા
૪. પ્રાણલાલભાઇ નરભેરામ સોલંકી
૫. પ્રદિપકુમાર જીવરામ બિજલાણી

★ **ફંડ અને ડોનેશન સમિતિ :-**

૧. નીતિનકુમાર અમૃતલાલ હેડાઉ
૨. હર્ષદકુમાર ઝવેરીલાલ બુધ્ધભટ્ટી
૩. અનિલકુમાર કેશવલાલ છત્રાળા
૪. જયંતિલાલ ઈંદરજી હેડાઇ
૫. બિપીનચંદ્ર શીવજી બુધ્ધભટ્ટી

★ **સમાધાન સમિતિ :-**

૧. કિશોરભાઇ જટુભાઇ ચનાણી
૨. સુનિલભાઇ માધવજી પોમલ
૩. અમૃતલાલ જેઠાલાલ સોલંકી
૪. નીતિનકુમાર અમૃતલાલ હેડાઉ

★ **પ્રોપર્ટી ડેવલોપમેન્ટ અને મેઇન્ટેનન્સ સમિતિ :-**

૧. અમૃતલાલ જેઠાલાલ સોલંકી
૨. ચંદ્રકાન્તભાઇ જટુભાઇ ચનાણી
૩. ચંદ્રકાન્તભાઇ શામજી બુધ્ધભટ્ટી
૪. નીતિનકુમાર અમૃતલાલ હેડાઉ
૫. ચંપકભાઇ જીવરામ બિજલાણી

★ **વાસણ, ભાડા સમિતિ :-**

૧. નીતિનકુમાર અમૃતલાલ હેડાઉ
૨. રાજેન્દ્ર વિશનજી બુધ્ધભટ્ટી
૩. નિર્મલકુમાર પ્રફુલ્લચંદ્ર સાકરીયા
૪. અતુલભાઇ કરસનદાસ બુધ્ધભટ્ટી

★ **ઓફિસ ઇન્ચાર્જ :-**

૧. રાજેન્દ્રભાઇ વિશનજી બુધ્ધભટ્ટી

---

**કળીયુગની વધઘટ**

ડોકટરો વધ્યા - આરોગ્ય ઘટ્યું
હિંસા વધી - શાંતિ ઘટી
મમતા વધી - સમતા ઘટી
સિનેમા વધી - સંસ્કાર ઘટ્યા
કોલેજો વધી - સાચું ભણતર ઘટ્યું
મોજશોખ વધ્યા - સભ્યતા ઘટી
નદીઓ વધી - સતીઓ ઘટી
આછકલાપણું વધ્યું - વિનય ઘટ્યો
આરામ વધ્યો - કામ ઘટ્યું
અધર્મ વધ્યો - ધર્મ ઘટ્યો
કાયરો વધ્યા - શૂરવીરો ઘટ્યા


*લતા કે. હેડાઉ - નાગલપર*

---

## પ્રથમ વાર્ષિક શ્રધ્ધાંજલિ







### સ્વ. કલાબેન વલમજી સોલંકી (સોની)

**દેહવિલય : તા. ૨૩-૦૮-૨૦૦૮ • મણિનગર, અમદાવાદ.**

આપની વિદાયથી સમગ્ર પરિવારને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.
આપના ધર્મનિષ્ઠ કાર્યોને સમગ્ર પરિવાર ક્યારેય ભૂલી શકે તેમ નથી.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિર: શાંતિ આપે એ જ પ્રાર્થના.

• આપની સ્નેહભરી યાદોમાં •

**હ. સોની ચંદ્રકાંતભાઈ વલમજી તથા સમગ્ર પરિવાર**

# શ્રી મારૂ કંસારા સોની મહિલા મંડળ - ભુજ

*રોહિણી ભરત બુદ્ધભટ્ટી - મંત્રી*

ઉનાળો આવતાં જ ગરમીથી ત્રાહીમામ થતાં લોકો જેમ ઠંડી છાંય શોધે અને ગરમીથી શાતા મેળવે તેમ અમારા મહિલા મંડળે પણ ગરમીમાં બહેનો-બાળકો વગેરેને વેકેશન શરૂ થતાં જ સંતોષ થાય અને આનંદ આવે તેવી પ્રવૃત્તિઓનો આરંભ શરૂ કરી દીધેલ છે.





સૌ પ્રથમ ગત કાર્યક્રમોની ચર્ચા કરી લઉં. પરીક્ષાઓ શરૂ થઇ એ પહેલાં બહેનો માટે ઉપયોગી એવા ત્રણ દિવસના હેરસ્ટાઇલના ક્લાસીસનું આયોજન શ્રીમતી માલતીબેન એન. ગુજરાતીના નિદર્શન હેઠળ કરવામાં આવ્યું. જેમાં ૨૧ બહેનોએ ભાગ લીધેલ.

ત્યારબાદ બહેનો માટે સ્ત્રીરોગ નિષ્ણાત ડો. નંદાબેન મોરબીયાનું વક્તવ્ય ગોઠવવામાં આવ્યું હતું. જેમાં નંદાબહેને બહેનોનાં જીવનમાં આવતા ત્રણ તબક્કા યુવતી, માતા અને મેનોપોઝના સમય દરમ્યાન આવતા / થતા ફેરફારોની સમજ આપી હતી. તેમજ તે સમય દરમ્યાન લેવાની કાળજી અંગે પણ સમજ આપી હતી. તેમણે કહ્યું હતું કે ઘરની સ્ત્રી સ્વસ્થ હશે તો જ ઘરમાં આનંદ રહેશે અને તોજ ઘર, ઘર કહેવાશે. બીજું બાળકીની થતી ભ્રૂણહત્યા – તેને રોકવા માટે પણ તેમણે અનુરોધ કર્યો હતો. જો સ્ત્રી જ નહીં હોય તો પછી આ દુનિયા ફક્ત પુરૂષોથી જ ટકી શકશે? જીવનના દરેક તબક્કાને માણીને નોર્મલી લેવાની સલાહ તેમણે બહેનોને આપી હતી. ઉપરોક્ત કાર્યક્રમમાં સમાજની અનેક બહેનોએ હાજરી આપી હતી અને તેમને મુંઝવતા પ્રશ્નો પણ ડો. નંદાબહેનને તેમણે પૂછ્યા હતા. જેના સંતોષકારક જવાબો શ્રીમતી નંદાબહેને આપ્યા હતા. આ કાર્યક્રમના અધ્યક્ષ શ્રીમતી લતાબેન સોલંકી રહ્યા હતા. તેમજ જયેષ્ઠાબેન સોનીનો સાથ સાંપડ્યો હતો. મહેમાનનું પુષ્પગુચ્છ વડે સ્વાગત હોદ્દેદારો વતી કરવામાં આવ્યું હતું.

બહેનો માટે યોજાયેલ નિબંધ સ્પર્ધા જેનો વિષય હતો 'સાંપ્રત સમાજમાં આજની નારીની ભૂમિકા.' જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય તેમજ ત્રણ આશ્વાસન ઇનામો જયેષ્ઠાબેન સોની તરફથી આપવામાં આવ્યા હતા.

***નિબંધ સ્પર્ધાના વિજેતાઓ :***

***પ્રથમ*** : મીના એચ. પોમલ

***દ્વિતીય*** : ફાલ્ગુની જે. પોમલ

***તૃતીય*** : દિપ્તી પી. ગુજરાતી

***<u>આશ્વાસન ઇનામો</u>*** :

***પ્રથમ*** : કલ્પના કે. બુદ્ધભટ્ટી

***દ્વિતીય*** :રીટાબેન બીજલાણી

***તૃતીય*** : હીમાબેન ગુજરાતી

ઉપરોક્ત બધાજ વિજેતાઓને મહિલા મંડળના પ્રમુખ લતાબેન સોલંકી, વેલુબેન બુધ્ધભટ્ટી, જયેષ્ઠાબેન સોનીના હસ્તે ઇનામો આપવામાં આવ્યા હતા.

સમસ્ત મહિલાઓ તથા બાળકો માટે જો અમારું મહિલામંડળ કાર્ય કરતું હોય તો સમાજના ભાઇઓ માટે પણ કેમ નહિ એવું ઘણીવાર અમને પૂછવામાં આવતું. આથી અમે સમસ્ત જ્ઞાતિજનોને સમાવી શકાય તે માટે 'ક્વીઝ કોન્ટેસ્ટ' (પ્રશ્નોત્તરી)નો કાર્યક્રમ જ્ઞાતિની સમાજવાડી મધ્યે તા. ૨૬-૪-૦૯ના રોજ સાંજે ૪.૩૦ કલાકે યોજાયો હતો. જેમાં પણ બહોળી સંખ્યામાં જ્ઞાતિજનોએ ભાગ લીધેલ. 'ક્વીઝ માસ્ટર' તરીકે શ્રી મૂળજીભાઇ કટ્ટાએ સેવા આપી હતી. જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઇ ચનાણીએ હાજર રહી જ્ઞાતિજનોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. તેમણે તેમના પ્રાસંગિક પ્રવચનમાં બહેનોની દરેક પ્રવૃત્તિમાં પૂરતો સહયોગ આપવાનું કહ્યું હતું. અતિથિ વિશેષપદે શારદાબેન જશવંત પોમલ રહ્યા હતા. તેમણે પણ બહેનોની બધી પ્રવૃત્તિઓનો ખ્યાલ મેળવ્યો હતો અને બહેનોની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. પ્રસંગને દીપાવવા યુવક મંડળના પ્રમુખ શ્રી અનિલભાઇ છત્રાળા તેમજ તેમના કારોબારીના સભ્યએ હાજરી પૂરાવી હતી. કાંતિભાઇ સોની, નીતિનભાઇ હેડાઉ વગેરેએ પણ હાજર રહી લોકોનો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષપદેથી બોલતાં લતાબેન સોલંકીએ મહિલા મંડળને ફંડની જરૂર છે અને ભૂતકાળમાં સહાયરૂપ થનાર વ્યક્તિઓનો ઉલ્લેખ પણ કરેલ. કાર્યક્રમનું સંચાલન રોહિણી ભરત બુદ્ધભટ્ટીએ કરેલ હતું. આ કાર્યક્રમમાં વધુમાં વધુ જવાબ આપનાર વિજેતાઓને મહિલા મંડળ તરફથી ઇનામો આપવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ વિજેતા કુ. ડોલી બુદ્ધભટ્ટી તેમજ દ્વિતીય વિજેતા શ્રીમતી અરૂણાબેન એન. બુદ્ધભટ્ટી રહ્યા હતા. પ્રોગ્રામને અંતે રોહિણી બુદ્ધભટ્ટીએ આભારવિધિ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં મહિલા મંડળના હોદ્દેદારો તથા કારોબારીના સભ્યો જયશ્રીબેન છત્રાળા, જયેષ્ઠાબેન સોની,

નીલાબેન પોમલ, સુધાબેન બુદ્ધભટ્ટી, શીતલબેન બુદ્ધભટ્ટી, ખુશાલીબેન બુદ્ધભટ્ટી વગેરેનો સહયોગ સાંપડ્યો હતો.

**મહિલા મંડળના આગામી કાર્યક્રમોઃ**

★ બહેનો માટે લગ્નગીતો, વિદાય ગીતો, ફટાણાના ગીતોની હરીફાઇ.

★ બાળકો માટે સમર કેમ્પ, આનંદમેળાનું આયોજન

★ કાવ્યપઠણ (સ્વરચિત્ત કાવ્યોનું પઠન) સમસ્ત જ્ઞાતિજનો માટે

★ વેકેશન દરમ્યાન સર્વે જ્ઞાતિજનો માટે બેઝિક ઇંગ્લીશ લર્નીંગ ક્લાસીસનું આયોજન જેમાં બીજી જ્ઞાતિની બહેનો તથા બાળકો પણ ભાગ લઇ શકશે.

ઉપરોક્ત દરેક કાર્યક્રમો અમારું મહિલામંડળ વેકેશન દરમ્યાન કરવા ઇચ્છે છે. જેમાં જ્ઞાતિજનો પણ સંપૂર્ણ સહકાર આપશે એવી આશા છે.

મહિલામંડળના સભ્યોને ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન ના વર્ષ પૂર્ણાહૂતિ પ્રસંગે સભ્યોને ભેટ આપવામાં આવી હતી.

★ વાનગી (ઊંધીયું તેમજ સલાડ ડેકોરેશન) હરીફાઇ અગાઉ ફેબ્રુ-માર્ચ માસના અંતે યોજાઇ હતી. જેમાં ૩૦ જેટલી બહેનોએ



પોતાની આગવી આવડતથી ઊંધીયું તેમજ સલાડ ડેકોરેશન કેવી રીતે કરવું તે બતાવી આપ્યું હતું. ઉપરોક્ત હરીફાઇના નિર્ણાયકો તરીકે કુ. સુધાબેન એ. બુદ્ધભટ્ટી તેમજ તમન્નાબેન કિશોરભાઇ બુદ્ધભટ્ટીએ સેવા આપી હતી. આ સાથે સૂર્યકૂકરનું ડેમોન્સ્ટ્રેશન પણ કરવામાં આવ્યું હતું તેમજ તેના ફાયદાઓ પણ લતાબેન સોલંકીએ બહેનોને બતાવ્યા હતા. વિજેતાઓને નીલાબેન પોમલ, લત્તાબેન સોલંકી તેમજ જયેષ્ઠાબેન બારમેડાને હસ્તે ઇનામો આપવામાં આવ્યા હતા. વિજેતાઓના નામ નીચે મુજબ છે.

***પ્રથમ :*** પ્રીતીબેન બગ્ગા (ઊંધીયું)

***દ્વિતીય :*** પ્રભાબેન ચંદ્રકાંત બુદ્ધભટ્ટી (ઊંધીયું) તેમજ સલાડ હરિફાઇમાં હેતલબેન સોલંકી.

આ કાર્યક્રમમાં જ્ઞાતિની બહેનોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી અને સ્પર્ધકોનો ઉત્સાહ વધાર્યો હતો.

હાલમાં તા. ૧૫ મી મે થી ૧૫ મી જૂન સુધી 'બેઝીક ઇંગ્લીશ વીથ ગ્રામર'ના નિઃશુલ્ક ક્લાસીસ જ્ઞાતિની વાડી મધ્યે બહેનો તથા બાળકો માટે ચલાવવામાં આવી રહ્યા છે જેમાં બહેનો તથા બાળકો સહિત લગભગ ૫૦ જેટલી સંખ્યામાં આ કોર્ષ કરી રહ્યા છે. આ ક્લાસીસનું સંચાલન શ્રીમતી લત્તાબેન સોલંકી તેમજ ખુશાલીબેન બુદ્ધભટ્ટી દ્વારા કરવામાં આવી રહ્યું છે. આમ વેકેશનનો સદુપયોગ બાળકો સાથે તેમની માતાઓ પણ કરી રહી છે. છેવટે તો 'ભણેલી દીકરી બે ઘરને તારે' એ કહેવત અમારા આ બન્ને તજજ્ઞો સાર્થક કરી રહ્યા છે.

મહિલા મંડળના દરેક કાર્યક્રમોમાં મદદરૂપ થવા માટે જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઇ ચનાણી તરફથી કહેવામાં આવતાં ઉપરોક્ત વર્ગો નિઃશુલ્ક ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું છે. હાલમાં અમારું મહિલા મંડળ આ બધા કાર્યક્રમો કરી રહ્યું છે તો દાતાઓના સહયોગથી દરેક કાર્યક્રમોમાં દાતાઓ મળી જ રહે છે. અને આવા સહયોગથી અમારું મહિલામંડળ સમાજની સેવા કરતું રહેશે એવું અમે વચન આપીએ છીએ.

## આનંદ મેળો

***રોહિણી ભરત બુધ્ધભટ્ટી***

ભારતીય સંસ્કૃતિએ એક મહાન શબ્દ વિશ્વને આપ્યો – 'આનંદ.' આ એક એવો શબ્દ છે જેનો કોઇ વિરોધી શબ્દ નથી. સુખ હોય ત્યાં દુઃખ હોવાનું, ઊંચુ હોય ત્યાં નીચું હોવાનું દિવસ હોય ત્યાં રાત હોવાની. પરંતુ 'આનંદ' શબ્દનો પર્યાય અન્ય ભાષાઓમાં પણ ઝટ નહીં જડે.

હું વાત કરું છું આ આનંદ એટલે કે શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ-ભુજ તેમજ યુવક મંડળ- ભુજ ના સંયુક્ત ઉપક્રમે યોજાઇ ગયેલા 'આનંદમેળા' વિષે. હકીકતમાં આ અનેરો ઉત્સવ ભુજના ૧૪-૬-૦૯ ના રોજ 'ચનાણી પાર્ટી પ્લોટ' મધ્યે યોજાયો ત્યારે જાણે એક ઉત્સવ મનાવતા હોઇએ એવો અનુભવ આ મેળાની મુલાકાત લેનાર દરેક આબાલ વૃદ્ધને થયો. માનવ મહેરામણ જાણે હેલે ચડ્યું હોય એવો ભાસ થઇ રહ્યો હતો. લગભગ ૨૦ થી ૨૪ ખાણી પીણીના સ્ટોલ હતા. તેમજ પાર્ટીપ્લોટની અંદરની બાજુ મોતીના દાગીના, પરફ્યુમ્સ, બ્યુટી કોસ્મેટીક્સ વગેરેના સ્ટોલ્સ પર પણ સારી એવી મેદની જામેલી હતી. લોકો ત્યાંથી પણ કંઇકને કંઇક ખરીદીને જતા હતા.

મહા મંડળના પ્રમુખશ્રી પ્રભુદાસભાઇ સોનીએ સાંજે ૬.૦૦ કલાકે મેળાનું ઉદ્ઘાટન કર્યું. સાથે જ્ઞાતિ પ્રમુખ શ્રી કિશોરભાઇ ચનાણી, સુનીલભાઇ કંસારા, હર્ષદભાઇ ચનાણી, ચંદુભાઇ ચનાણી, નિતીનભાઇ, યુવક મંડળના પ્રમુખ શ્રી અનિલભાઇ છત્રાળા તથા તેમની કારોબારીના સભ્યો વગેરે પણ ઉપસ્થિત રહ્યા હતા. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી લતાબેન આઇ. સોલંકી, મંત્રી રોહિણીબેન ભરત બુદ્ધભટ્ટી તથા કારોબારીના સભ્યોએ હાજર રહી મેળામાં વ્યવસ્થા સંભાળી હતી. સમગ્ર પ્રોજેક્ટના અધ્યક્ષપદે મહિલા મંડળના કુ. સુધાબેન એ. બુધ્ધભટ્ટી તેમજ યુવક મંડળ વતીથી શ્રી સંજીવભા બુધ્ધભટ્ટી રહ્યા હતા. તેમના સહયોગથી Tata તેમજ HDFC જેવી કંપનીઓના સ્ટોલ્સ પણ રાખવામાં આવ્યા હતા. સ્ટોલ ધારકોમાંથી અમુક લોકોએ મેળાની સમગ્ર આવક મેળા સમિતિને ફંડમાં ભેટરૂપે

આપ્યા હતા.

આ મેળાને સફળ બનાવવા જાણે કટીબદ્ધ હોય તેમ 'હાઇટેક' પદ્ધતિનો ઉપયોગ કરી દરેક લાણેદારો તથા જ્ઞાતિજનોને મોબાઇલથી મેસેજ દ્વારા મેળાની જાણ કરવામાં આવી હતી. આમ આ પદ્ધતિ ખાસ ઉપયોગી સાબિત થઇ હતી.

બાળકોએ પણ એમના વાલીઓ સાથે આનંદમેળામાં ચગડોળ, જંમ્પીંગ જેક વગેરેની સહેલ માણી હતી.

ખાણીપીણીના સ્ટોલ્સમાં જ્ઞાતિજનો ઉપરાંત અન્ય જ્ઞાતિના લોકોએ પણ અનેરી વાનગીઓની મોજ માણી હતી. યુવક મંડળના ભાઇઓ શ્રી અશોકભાઇ બુદ્ધભટ્ટી, સંજીવભાઇ બુદ્ધભટ્ટી તેમજ ગિરીશભાઇ સોલંકીએ મેળાની વ્યવસ્થા સંભાળી હતી તેમજ લોકોને પોતાના મંતવ્ય આપવા માટે સ્ટોલ પર મંતવ્ય બુકમાં લખવા જણાવ્યું હતું. સરેરાશ કહી શકાય કે દરેક મંતવ્યમાં એક જ સૂર હતો કે 'આનંદમેળો' ફરી ફરી યોજાય, સમયાવધિ વધુ રાખવી. સ્ટોલ્સ વધારવા વગેરે અને શુભેચ્છા સંદેશાઓ પણ લોકો વતીથી પાઠવવામાં આવ્યા હતા. આમ જ્ઞાતિનો પ્રથમ આનંદમેળો ખૂબજ સફળ રહ્યો હતો.






મહિલા મંડળના કારોબારીના સભ્યો નીલાબેન પોમલ, જયેષ્ઠાબેન બારમેડા, ભાવનાબેન ચનાણી, જયશ્રીબેન છત્રાળા, ખુશાલીબેન બુદ્ધભટ્ટી વગેરેએ સહયોગ આપ્યો હતો. યુવક મંડળના ભાઇઓ શ્રી ગિરીશભાઇ સોલંકી, અશોકભાઇ બુદ્ધભટ્ટી, અનિલભાઇ છત્રાળા વગેરેના સાથથી મેળો સફળ રહ્યો હતો.

## શ્રી સાબરકાંઠા કચ્છ મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ



તા. ૧૪-૬-૨૦૦૯ને રવિવારના રોજ મંડળના સભ્યોની (સહકુટુંબ) જનરલ મિટીંગ શ્રી મહાકાળી મંદિર વડાલી મુકામે મળી. એજન્ડા મુજબ સવારે ૧૦-૩૦ કલાકે મિટીંગનું કામકાજ શરૂ થયું, તેમજ નીચે મુજબની નવી કારોબારી અને સલાહકાર કારોબારી સમિતિની રચના કરવામાં આવી.

સ્વ. નર્મદાબેન નેણશીભાઇ સોની (દહેગામવાળા) હસ્તે : જયંતિલાલ નેણશીભાઇ સોની તરફથી તેજસ્વી વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યા. તદુપરાંત મંડળ તરફથી દરેક વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુકો તેમજ ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું.



નાના બાળકોએ ફિલ્મી ગીતો ઉપર સુંદર ડાન્સ રજૂ કર્યા. તેમને મંડળ તરફથી ઈનામ આપવામાં આવ્યા.

- **કારોબારી સમિતિ**

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રમુખ | શ્રી જયંતિલાલ નેણશીભાઇ સોની | દહેગામ |
| ૨. | ઉપપ્રમુખ | શ્રી મનસુખલાલ જીવરામભાઇ સોની | તલોદ |
| ૩. | મંત્રીશ્રી | શ્રી ધર્મેન્દ્રભાઇ ભાઇલાલભાઇ સોની | તલોદ |
| ૪. | સહમંત્રીશ્રી | શ્રી દિનેશકુમાર જેઠાલાલ સોની | તલોદ |
| ૫. | કારોબારી સભ્યશ્રી | શ્રી રાજેશકુમાર કાંતિલાલ સોની | બાયડ |
| ૬. | કારોબારી સભ્યશ્રી | શ્રી જયેશકુમાર ઉમરશીભાઇ સોની | ડેમાઇ |
| ૭. | કારોબારી સભ્યશ્રી | શ્રી ગિરીશકુમાર દામજીભાઇ સોની | ખેડબ્રહ્મા |
| ૮. | કારોબારી સભ્યશ્રી | શ્રી રશ્મિનકુમાર જેઠાલાલ સોની | તલોદ |
| ૯. | કારોબારી સભ્યશ્રી | શ્રી નરેન્દ્રભાઇ મગનલાલ સોની | ગાંધીનગર |
| ૧૦. | કારોબારી સભ્યશ્રી | શ્રી ભરતકુમાર મણિલાલ સોની | ધનસુરા |
| ૧૧. | કારોબારી સભ્યશ્રી | શ્રી વિનોદકુમાર લક્ષ્મીકાંત સોની | ભીલોડા |

- **સલાહકાર સમિતિ**

| | | |
|---|---|---|
| ૧. | સોની પ્રેમજીભાઇ કેશવજીભાઇ | વડાલી |
| ૨. | સોની શાંતિલાલ કલ્યાણજીભાઇ | વડાલી |
| ૩. | સોની જેઠાલાલ જીવરામભાઇ | તલોદ |
| ૪. | સોની હસમુખલાલ ભગતલાલ | અમદાવાદ |

## મારૂ કંસારા સોની જ્ઞાતિ સ્વ-ઉત્કર્ષ મહિલા મંડળ - અંજાર

***શાંતાબેન અમૃતલાલ બારમેડા***

મહિલા મંડળ દ્વારા ગત તા. ૩૧-૫-૦૯ ના રોજ સમર ફેસ્ટીવલનું આયોજન થયું. રોટરી હોલમાં આ પ્રોગ્રામમાં બાળકો માટે કોમેડી શો અને બહેનો માટે દુલ્હન શણગાર સ્પર્ધા અને સાસુ-વહુ બેસ્ટ જોડી નં.૧ રાખવામાં આવી હતી. કોમેડી શો માં દસ બાળકોએ ભાગ લીધો હતો. દુલ્હન શણગાર સ્પર્ધામાં સાત બહેનોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ વિજેતા કુ. અર્ચના પોમલ તથા બીજા નંબરે કુ. બંસરી છત્રાળા રહ્યા હતા. સાસુ-વહુ બેસ્ટ જોડીમાં સાત જોડીએ ભાગ લીધો હતો. આ પ્રોગ્રામ લેખીત અને મૌખિક રાખવામાં આવ્યો હતો. જેમાં ત્રણ જોડી સરખા ભાગે વિજેતા રહ્યા હતા. મૌખિક સવાલ પૂછતા અને ઓડિયન્સ માંથી દિપ્તીબેન ગુજરાતીએ પણ સવાલ પૂછતા ત્રણે જોડીનાં અંકો સરખા રહ્યા હોવાથી ત્રણે જોડી પ્રથમ વિજેતા જાહેર થયાં હતાં. ત્રણે વિજેતાના નામ (૧) હેમલતાબેન તથા અલ્પાબેન પોમલ, (૨) મીનાબેન તથા વંદનાબેન બુધ્ધભટ્ટી (૩) દમયંતીબેન તથા ઈલાબેન બારમેડા. આ કાર્યક્રમ આરંભ થયો - શ્રીમતી ઈલાબેન બારમેડાનાં મધુર કંઠે ગણેશ-વંદના ગીત સાથે. પૂ. ગોરબાપાનાં આશીર્વચનથી પ્રોગ્રામની શરૂઆત થઈ હતી. પીંકીબેન કટ્ટા તથા અંજનાબેન પોમલે કુ. દિવ્યા બુદ્ધભટ્ટી અને કુ. હેતલ એ સાથ આપ્યો હતો. આ કાર્યક્રમમાં ૨૫૦ થી ૩૦૦ મહિલાઓ તથા બાળકોએ હાજરી આપી આનંદ માણ્યો હતો. મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી શાંતાબેન બારમેડા, પીંકીબેન કટ્ટા, અંજનાબેન પોમલ, સુશીલાબેન સાકરિયા, હંસાબેન બારમેડા, સ્મિતાબેન







વીસા પરમાર. દરેક બહેનોએ આ કાર્યક્રમ માટે જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક બાળકો તથા બહેનોને પ્રોત્સાહન ઇનામ આપવામાં આવ્યા હતા. આ ઇનામોનાં સ્પોન્સર શ્રીમતિ સ્મિતાબેન વીસા પરમાર રહ્યા હતા.

આ કાર્યક્રમમાં અંજાર જ્ઞાતિ પ્રમુખ શ્રી રાજેશભાઇ વીસા પરમાર, ભરતભાઇ ગોહિલ, હરિલાલભાઇ વીસા પરમાર, શશીકાંતભાઇ બારમેડા, સંજયભાઇ બારમેડા અને શાંતિલાલભાઇ બુદ્ધભટ્ટીએ હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ કાર્યક્રમનો હેતુ આપણા સમાજમાં જાગૃતિ લાવવાનો હતો. જ્ઞાતિનાં કેટલાક રીવાજો જેમાં ખોટી દેખાદેખીનાં કારણે નાના માણસોને તેમાં ભોગ બનવું પડે છે તેમાં સુધારા કરવા અંગેનું સૂચન વિચાર્યું છે.

આપણા સમાજમાં વેવિશાળ (સગાઇ) નક્કી થાય તે પહેલા દૂધ પીવાના રીવાજનું ચલણ આજકાલ ખૂબ જ વધી ગયું છે. તેમાં જે વરપક્ષ (છોકરાના) તરફથી મોટી સંખ્યામાં સગાઓ લઇ જવામાં આવે છે તથા કન્યા પક્ષ તરફથી પહેરામણી દેવામાં આવે છે તથા મોટી સંખ્યામાં જમણવાર વગેરે પાછળ ખૂબજ ખર્ચ થાય છે તેમાં સુધારો લાવવાની જરૂર છે.

અંજાર મહિલા મંડળની બહેનોએ સમાજમાં દરેક ઘરે જઇને સર્વે કર્યો છે કે દૂધ પીણાની રસમ પૂરી કરી લે તે સિવાય બીજી કોઇ વિધી ન કરવી. દૂધપીણા વખતે કન્યા કે વર બંનેમાંથી કોઇને ચાંદલો ન કરવો અને જો ચાંદલો કરવો જ હોય તો પૂ. ગોર મહારાજના હસ્તે કરવો.

આ રીતે જો નિયમ કરવામાં આવે તો જ્ઞાતિના હિતમાં રહેશે એવું અમારું મંતવ્ય છે.

આ બાબતની મહામંડળના પ્રમુખશ્રી તથા ભુજ, માંડવી, નખત્રાણાનાં પ્રમુખ તથા મહિલા પ્રમુખને પત્ર દ્વારા લેખિત જાણ કરવામાં આવી છે. જે જ્ઞાતિનાં વડીલો તથા મહામંડળના હોદ્દેદારોને યોગ્ય લાગે તો આ સૂચનને જ્ઞાતિના રિવાજોના નિયમમાં સામેલ કરવા વિનંતી છે. વાંચકોને વિનંતી કે સમાજના આ રિવાજો વિષે વિચારી આપના મંતવ્યો/વિચારો સેતુ દ્વારા જણાવશો.

# આપણા સમાજમાં ભણતરનું ચણતર




કુ. ભાવિકા
છગનભાઈ બારમેડા
રાયપુર
એમ.બી.એ. (ફર્સ્ટ)



કુ. ખ્યાતિ
શૈલેષભાઈ કંસારા
ભુજ
M.Com. (ગુજરાત યુનિ. )




કુ. ગ્રાહી
રાજેશભાઈ પરમાર
નાગપુર
M.C.A. (ડિસ્ટીંકશન)



કુ. નેહા
પરેશકુમાર કંસાર
દિલ્હી
C.A. (Inter)




ચંદર
રાજેન્દ્રભાઈ બારમેડા
ભુજ - M.Sc. (Organo Pharma. Chem.) 58.50%




રાહુલ જગદીશભાઈ પોમલ
ગાંધીધામ -
Dip. (Info. Techno & Comp. Appli.) - 1st Class



માનસી
રાજેન્દ્ર બારમેડા
ભુજ
B.Com. - 64.50%



વિવેક
પરેશ ગુજરાતી
ભુજ
S.Y.B.Sc. - 61.60%



ચાંદની
કિશોરભાઈ ચૌહાણ
S.Y.B.Com. - 1st Class
(કચ્છ યુનિ.માં દ્વિતીય)



જીનલ પ્રવીણભાઈ સોલંકી
માંડવી
F.Y.B.Com. - 83.20%
(યુનિ.માં ૪થા ક્રમે)




હેન્સી
શાંતિલાલ બુધ્ધભટ્ટી
ભુજ
Business Admn. - 2nd Yr.



મનાલી
અનિલકુમાર સોની
F.Y.B.A. - 1st Class



માનસી
દીપકકુમાર કોટડીયા
ગાંધીધામ
F.Y.B.A. - 1st Class



દિશાંક
એમ. સોની
F.Y.B.C.A. - 66.67%

## વિદેશગમન



### પુનીત અતુલકુમાર સોની - અમદાવાદ

પુનીત સોની - અમદાવાદની નિરમા યુનિવર્સિટીમાંથી ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કોમ્યુનિકેશન એન્જીનીયરીંગ વિષયમાં B.Tech.ની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ ઉચ્ચ અભ્યાસ અર્થે અમેરિકા જઈ રહેલ છે. શૈક્ષણિક લાયકાત તથા GRE તથા TOEFL પરીક્ષામાં ઉચ્ચ ગુણાંકના આધારે તેઓને અમેરિકાની વિખ્યાત NORTH CAROLICA STATE UNIVERSITYમાં M.S. (EC) ડિગ્રી માટે પ્રવેશ મળેલ છે.

***પુનીત સોનીને તેની ઉજ્જવળ કારકિર્દી માટે સેતુ પરિવાર તરફથી હાર્દિક શુભ કામના.***

## અંકિત સોનીએ સ્પેન યુનિવર્સિટીની સ્કોલરશીપ મેળવી



કચ્છ અંજારના વતની, શ્રી અંકિત હરિલાલ સોની, જેઓને ઈસ્ટર્ન મિશીગન યુનિ. તરફથી અગાઉ ગ્રેજ્યુએશન માટે સ્કોલરશીપ મળી હતી, તેમને હવે સ્પેન યુનિવર્સિટી તરફથી માસ્ટર્સ ડિગ્રી માટે ૧૦૦ ટકા સ્કોલરશીપ મળી છે. મિશીગન યુનિવર્સિટીના ઈન્ટરનેશનલ ડિપાર્ટમેન્ટ દ્વારા અંકિતના સન્માનાર્થે લંચનું આયોજન થયું હતું. આવું સન્માન મેળવનાર એ પ્રથમ ભારતીય વિદ્યાર્થી છે. અંકિત, યુનિવર્સિટીના ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સ યુનિયનના વાઈસ પ્રેસિડેન્ટ પણ હતા.

# ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ (HSC)

## કુ. નેહા બગ્ગા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સમગ્ર કચ્છમાં પ્રથમ સ્થાને



એસ.એસ.સી.માં સમગ્ર કચ્છમાં પ્રથમ સ્થાન અને ગુજરાત બોર્ડમાં પણ સ્થાન મેળવનાર **કુ. નેહા હસમુખભાઈ બગ્ગાએ** ફરી એચ.એસ.સી.માં કચ્છમાં પ્રથમ સ્થાન પર રહી સમાજનું ગૌરવ વધારેલ છે.

ધો. ૧૨ (વિજ્ઞાનપ્રવાહ) માં ૯૨.૪ ટકા મેળવી કચ્છમાં અવ્વલ સ્થાન મેળવનાર ભુજની માતૃછાયા કન્યા વિદ્યાલયની નેહા હસમુખભાઈ બગાએ ગુજકેટમાં પણ ૧૨૦માંથી ૧૧૬.૫૦ ગુણ મેળવી સમગ્ર કચ્છમાં દ્વિતીય સ્થાન મેળવ્યું છે. અગાઉ ધો. ૧૦ માં પણ ૯૩.૮૫ ટકા સાથે સફળતાનું પ્રભાવશાળી પુનરાવર્તન કર્યું છે.


કુ. નેહા તબીબી ક્ષેત્રે કારકિર્દી ઘડવા કટીબધ્ધ છે.



**દર્શના**
**વિજયભાઈ મહીચા - ભુજ**
**H.S.C. (સામાન્ય પ્રવાહ) - 87.29%**
**(કચ્છમાં ૧૦મા નંબરે)**




**કુ. પૂનમ**
**શાંતિલાલ સોની**
**અંગીયા**
**H.S.C. - 86.43%**




**કુ. રિધ્ધિ**
**રમેશભાઈ કટ્ટા**
**નખત્રાણા**
**H.S.C. - 86.0%**



**કિશન**
**પરેશભાઈ ગુજરાતી**
**ભુજ**
**H.S.C. - 85.86%**



**કુ. બિંદીયા**
**જગદીશભાઈ છત્રાળા**
**અંજાર**
**H.S.C. - 84.29%**




**હર્ષિલ**
**શૈલેષભાઈ બુધ્ધભટ્ટી**
**ભુજ**
**H.S.C. - 83.71%**



**કોકીલા**
**શાંતિલાલ કટ્ટા**
**નખત્રાણા**
**H.S.C. - 82.86%**



**પરીતા**
**વિનોદભાઈ સોની**
**ગાંધીધામ**
**H.S.C. (Com.) - 82.29%**



**ચિરાગ**
**ઇશ્વરલાલ સોની**
**માંડવી**
**H.S.C. - 75.60%**



**કોમલ**
**જયસુખલાલ ગોહીલ**
**ભુજ**
**H.S.C. - 75.14%**




**દિપાલી**
**હરેશભાઈ બીજલાણી**
**નખત્રાણા**
**H.S.C. - 72.43%**

### સેન્ટ્રલ બોર્ડ – CBSE



**પૂર્વી**
**પરેશકુમાર કંસારા**
**દિલ્હી**
**H.S.C. - 68%**



**લક્ષ**
**પરમાર**
**નાગપુર**
**S.S.C. - 65%**

### ધોરણ-૧૧માં ઉત્તીર્ણ વિદ્યાર્થીઓ




**કુ. અંજલી**
**અતુલકુમાર સોની**
**અમદાવાદ**
**Std.-11 (Sc.) : 70%**



**કુ. બંસરી**
**સુરેશકુમાર ગોહીલ**
**અંજાર**
**Std.-11**

## માધ્યમિક શિક્ષણ (SSC)



શિવાની
એ. બુધ્ધભટ્ટી - ભુજ
S.S.C. - 93.78%
(કચ્છમાં પાંચમા સ્થાને)


મિરાલી
ભરતકુમાર ગોહીલ
અંજાર
S.S.C. - 82.13%


ભક્તિ
વિપુલભાઈ સોની
અંજાર
S.S.C. - 80.31%


લીપ્સા
રમણિકલાલ કટ્ટા
નખત્રાણા
S.S.C. - 78.0%


પ્રિયા
નવીનચંદ્ર સોની
નખત્રાણા
S.S.C. - 72.77%



જૈમિની
દીપકકુમાર સોની
અંજાર
S.S.C. - 71.08%


## પાસ થયેલ અન્ય વિદ્યાર્થીઓની નામાવલી

| | | | |
|---|---|---|---|
| વૈશાખી દિનેશભાઈ સોની | તલોદ | B.Tech. D Sem. | 58% |
| અભિષેક મનસુખલાલ સોની | તલોદ | Std.-11 | 82.00% |
| વૈભવ ચંદ્રકાંત બુધ્ધભટ્ટી | | S.S.C. | 74.15% |
| નેન્સી શૈલેષકુમાર સોની | તલોદ | Std.-8 | 84.18% |
| મનાલી સોની | તલોદ | Std.-8 | 90.80% |
| ખુશી શૈલેષકુમાર સોની | તલોદ | Std.-8 | 77.00% |
| દર્શન દિનેશભાઈ સોની | તલોદ | Std.-3 | 79.00% |


પાર્થ પોમલ - ભુજ
અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય
સંગીત શિક્ષણ - મધ્યમા (ગાયન) પ્રથમ નંબરે ઉત્તીર્ણ
ઉપરાંત ધો.-૯માં પ્રથમ નંબરે ઉત્તીર્ણ

## માધ્યમિક અને પ્રાથમિક શિક્ષણ (K.G. to Std.-9)


વિનોદ
નિનાદ સોની
ગાંધીધામ
Std.-7 : 90.04%


અંકિત
મહેશકુમાર બુધ્ધભટ્ટી
અંજાર
Std.-7 : 84.18%


ભક્તિ
ધર્મેન્દ્રકુમાર સોલંકી
તલોદ (સા.કાં.)
Std.-7 : 76.6%


વિશાલ
જયસુખભાઈ ગોહીલ
મિરઝાપર
Std.-7 : 73.85%



મિત્તલ
જયસુખભાઈ ગોહીલ
ભુજ
Std.-7 : 62.1%


અભિષેક
દીપકભાઈ સોની
નખત્રાણા
Std.-5 : 93.55%


ક્રિષ્ના
જયેશભાઈ છત્રાળા
અંજાર
Std.-5 : 85.87%


હીનલ
પ્રકાશભાઈ પોમલ
અંજાર
Std.-5 : 84.18%



વિશ્વ
હીરેનભાઈ બુધ્ધભટ્ટી
ભુજ
Std.-4 : 93.20%


હીનલ
એ. બુધ્ધભટ્ટી
ભુજ
Std.-4 : 90%


જેલમ
નીતુ પોમલ
અંજાર
Std.-4 : Grade-A+


જીનલ
નીતુ પોમલ
અંજાર
Std.-4 : Grade-A

## માધ્યમિક અને પ્રાથમિક શિક્ષણ (K.G. to Std.-9)



રીતિક
અમિત પોમલ
અંજાર
Std.-4 : Grade-A



માનવ
મહેશ સોની
ભુજ
Std.-4 : 79.56%



ઉર્મિ
એ. બગ્ગા
માધાપર
Std.-4 : 51.22%




પ્રણવ
ધર્મેન્દ્રકુમાર સોલંકી
તલોદ (સા.કાં.)
Std.-3 : 99.35%



કૃણાલી
પ્રકાશભાઈ સોની
અંજાર
Std.-3 : 92.30%




આયુશી
તુલસીદાસ સોની
હિંમતનગર
Std.-3 : 89.66%



મોહિત
હિતેશભાઈ પોમલ
માધાપર
Std.-3 : 89.61%



મહેક
દીપકભાઈ પોમલ
માધાપર
Std.-2 : 93.21%



આદિત્ય
ભદ્રેશ પરમાર
અમદાવાદ
Std.-2 : 92%



વત્સલ
સચીન બુધ્ધભટ્ટી
ભુજ
Std.-2 : A+




યશ્વી
કમલેશભાઈ પોમલ
ભુજ
Std.-1 : 94.75%



વત્સલ
એ. બુધ્ધભટ્ટી
ભુજ
Std.-1 : A+



રીતિકા
અશોકભાઈ બગ્ગા
માધાપર
Std.-1 : 78.21%




સૃષ્ટી
ઉમેદકુમાર સોની
નખત્રાણા
Sr. K.G. : 100%



યશ્વી
હિતેશભાઈ પોમલ
માધાપર
Sr.K.G. : 97.5%



મોહિત
પ્રકાશભાઈ પોમલ
અંજાર
Sr. K.G. : 94.64%



કશીશ
જયમીનભાઈ સોની
અમદાવાદ
Sr. K.G. : A++ Grade




મીત
હરીશ બારમેડા
અંજાર
Jr. K.G.



આઝાદ
હિતેન્દ્રભાઈ કટ્ટા
નખત્રાણા – 80.0%




સોની
ગાયત્રી હિંમતલાલ



સોની
અનિકેત હિંમતલાલ

**ઉત્તીર્ણ થયેલ સર્વે વિદ્યાર્થીઓને**
**'સેતુ' પરિવારના**
**ખૂબ ખૂબ અભિનંદન.**

## અભિનંદન



વિવેક પરેશભાઈ ગુજરાતી (ભુજ)એ S.Y.B.Sc.ની પરીક્ષા ૬૧.૬૦% સાથે કચ્છ યુનિવર્સિટીમાંથી પાસ કરેલ છે. તેમજ કચ્છ યુનિ. દ્વારા આયોજીત ઈન્ટર કોલેજ યુથ ફેસ્ટીવલમાં તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ - આદિપુર વતી ક્વિઝ કોમ્પિટીશનમાં ભાગ લઈ જીલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. બાદમાં એસોસિએશન ઓફ ઈન્ડિયન યુનિ. - વેસ્ટ ઝોન દ્વારા આયોજીત યુથ ફેસ્ટીવલ - વલ્લભ વિદ્યાનગર મુકામે ભાગ લઈ સુંદર દેખાવ કરેલ.

# વિદ્યાભ્યાસ

પુલક ત્રિવેદી

હાલમાંજ ભુજ જ્ઞાતિના લાણેદારોનું ૨૦૦૮ની સ્થિતિનું વસ્તી પત્રક પ્રસિદ્ધ થયેલ છે. આપણા વેદશાસ્ત્રને ઉપનિષદ મુજબ માનવ જીવન માટે આવશ્યક ૯ બાબત છે જે પૈકી એક વિદ્યાભ્યાસ છે.

કચ્છની બધીજ જ્ઞાતિમાં વિદ્યાભ્યાસ કરતા બધા જ બાળકોનું સરસ્વતી સન્માન કરવાનું પ્રથમ શ્રેય મારું કંસારા સોની જ્ઞાતિ - ભુજને જાય છે. ૧૯૬૨થી શરૂ કરી સતત ચાલુ રાખેલ છે વિસ્તારેલ છે. જે કારણે ૨૦૦૯ માં ભુજના ૯૪ ટકા પુરૂષો અને ૯ સ્ત્રીઓ અને સરેરાશ ૯૨.૬૭ ટકા શિક્ષિત છે.

બીજી બાબત હાલના શિક્ષણથી આપણા દેશમાં સમગ્રપણે શિક્ષિત બેકાર વધ્યા છે. જે અસર આપણી જ્ઞાતિમાં નહિવત્ છે. જે મા મહાકાલીની કૃપા.

કેળવણી દ્વારા આપણે ફાયદો મેળવીએ છીએ પરંતુ હજુ વધારે ફાયદો કેમ મેળવી શકીએ તે માટે કેટલાક સૂચન રજૂ કરું છું. ઉપરાંતમાં અન્ય જ્ઞાતિજન પણ જે સૂચન કરે તે તમામ બાબતે વિચારી પદ્ધતિસર યોજના બનાવી અમલમાં મૂકીએ. કેટલાક સૂચનો આ રહ્યા.

૧. ઓછામાં ઓછું કેટલું શિક્ષણ દરેક કુમાર અને કન્યા મેળવે તે નક્કી કરી તેટલું બધા અચૂક મેળવે તે પ્રયત્ન કરવા.

૨. જે કુમાર કે કન્યા ફક્ત ૩૫ થી ૪૫ જેવા જ ગુણ મેળવતા હોય વધારે સારું પ્રાપ્ત કરવાની શક્યતા ન હોય. ક્ષમતા ન હોય તે લાંબુ શિક્ષણ મેળવ્યા પછી ફાયદાકારક બની શકે તેવી શક્યતા કેટલી? તેમ છતાં શિક્ષણ મેળવવા તૈયાર થાય. વડિલો આગળ વધવા સંમતિ આપે તો તેમ કરવા આપવું. જે આગળ વધે નહિ તેને વ્યવસાય તરફ વાળવા.

૩. ઓછામાં ઓછા વિદ્યાભ્યાસ બાદ આગળ વધવા દરેકને કયા પ્રકારનો અભ્યાસ કરવો તેનું જરૂરી માર્ગદર્શન મેળવી આગળ વધવું (આજે આ ઉપલબ્ધ છે)

૪. આ રીતે આગળ વધ્યા પછી કેટલાકને મધ્યમ કક્ષાએ અભ્યાસ છોડવો પડે તેવા સંજોગ ઉભા થાય છે. આવું થાય ત્યારે વ્યવસાય તરફ વાળવું.

૫. પ્રતિભાશાળી આગળ વધતા જાય છે. તેમને જ્યારે અને જેટલું માર્ગદર્શન જોઇએ તે અનુભવી પાસેથી અપાવવું. આવા દરેકના વડિલોએ વિચારી લેવું. પોતે કેટલા મદદરૂપ થઇ શકશે? આર્થિક કેટલી વ્યવસ્થા કરી શકશે. કેટલી મદદ જ્ઞાતિ દ્વારા શક્ય છે? સ્કોલરશીપ મળે કે કેમ? કેટલી? ક્યાંથી? લોન કેટલીને ક્યાંથી મળે? લોન કેટલી મેળવવી? જરૂરી અન્ય માર્ગદર્શન ઉપલબ્ધ છે કે કેમ? હોય તો ક્યાં? કોચીંગ જરૂરી હોય તો ક્યાં ઉપલબ્ધ છે? જીલ્લા બહાર રાજ્ય બહાર કે દેશ બહાર જો જવાનું થાય તો તેના માટે શું વ્યવસ્થા કરવી? કેવી રીતે કરવી? આવા અને બીજા મુદ્દાઓ જેમ ઉભા થાય તેમ વિચારતા જવું. જ્ઞાતિએ પણ આવા કોઇ તબકકે અટકે નહિ તે માટે જરૂરી હોય તે પૈકી કરી શકાય તેટલી મદદ કરવી.

૬. વિદ્યાભ્યાસ કે કોચીંગની કોઇ અસામાન્ય સંસ્થામાં જોડાવાય નહિ તેની પૂરતી કાળજી લેવી.

૭. કોઇને પણ ક્યારે હતોત્સાહ કરવા નહિ. પરાણે ઇચ્છા લાદવી નહી. કોઇ કારણે બહાર જવાનું થાય તો જરૂરીયાત પૂરતું છે એટલે જવા દેવું. હતોત્સાહ થાય તો ઉત્સાહ વધારવો. અનુભવીનું માર્ગદર્શન અપાવવું.

૮. દરેક વિશિષ્ટ સિદ્ધિ વખતે યોગ્ય સન્માન આપવું.

૯. શિક્ષણની બાબતમાં કોઇની દેખાદેખીથી કશું કરવું નહિ.

૧૦. કોઇ જો આર્થિક સવલત માટે પાર્ટ ટાઇમ કે ફૂલ ટાઇમ જોબ સ્વિકારી આગળ વધે તો શિક્ષણ દરમ્યાન તેમ કરવા દેવું. વડિલો પર આર્થિક બોજ હળવો થશે. આ વ્યવસ્થા હંગામી હશે.

૧૧. શિક્ષણના મૂળ વિષય અને પેટા વિષય અનેક છે. પસંદગીમાં મુશ્કેલી જણાય તો અનુભવી પાસેથી માર્ગદર્શન મેળવવું.

૧૨. ઉંડાણના ગામોમાં તેજસ્વી તારલા હોય તેની ખાત્રી કરી, આપી શકાતી મદદ આપવી. અપાવી શકાતી અપાવવી.

૧૩. ઉપર ૨ અને ૪ માં વ્યવસાય તરફ વાળવા જણાવેલ છે. વડિલોનો વ્યવસાય હોય તો અને તે કરવા શક્તિમાન હોય તો વડિલોથી માર્ગદર્શન મેળવી આગળ વધશે.

૧૪. વડિલોનો વ્યવસાય ન હોય કે તે કરવા કોઇ કારણે શક્તિમાન ન હોય તેમની ક્ષમતા મુજબ કયો વ્યવસાય કરી શકશે. તે માર્ગદર્શન (હવે ઉપલબ્ધ છે) મેળવી તે બાબતે ઉપલબ્ધ અભ્યાસક્રમ કરાવવો. તેનું ઉપલબ્ધ ન હોય તો સંબંધિત કાર્ય કરનાર પાસેથી યોગ્ય તાલીમ અપાવવી જેથી વ્યવસાય કરી શકે. (બાકી પ્રશ્ન ઉભા થયે વિચારાય.)

૧૫. વિદ્યાભ્યાસ કરનારે પણ કેટલીક તકેદારી પોતાના માટે રાખવાની છે.

(ક) બિનજરૂરી આંદોલન, ખોટી મોજમજા, અહમના ખોટા ઝઘગડા વિગેરેથી દૂર રહેવું.

(ખ) નશાકારક સેવન કે જુગારથી તેમજ એવું કરવા લલચાવનારથી દૂર રહેવું.

(ગ) પોતાના વિકાસ માટે સંઘર્ષ કે પુરુષાર્થ જાતે જ કરવો પડે.

(ઘ) સમયનું જરૂરી આયોજન કરવું. બિનજરૂરી રીતે સમય બગડે નહિ. જરૂરી કાર્ય ચૂકાય નહિ.


(ચ) કોઇની દેખાદેખી કરવી નહિ. પોતાની સ્થિતિ, શક્તિ, સંજોગ, ઉપયોગીતા, આવડત વિગેરે મુજબ આગળ વધવું.

હાલમાં જેટલી વાહન વ્યવહારની સગવડ નહતી ત્યારે ભુજ જ્ઞાતિએ હવેલીમાં છાત્રાલય શરૂ કરેલ પછીથી આવા વિદ્યાર્થીને અન્ય છાત્રાલયમાં રખાવેલ હતા. જેથી જરૂરત અનુસાર સાર્વજનીક છાત્રાલયો કે હોસ્ટેલોનો આશરો લેવો એ યોગ્ય રહેશે.

બિનજરૂરી અભ્યાસ કર્યે રાખવા કરતાં જરૂરત મુજબનું પૂરેપૂરું શિક્ષણ મેળવવું ઉત્તમ રહે.

*વિશેષ નોંધ : આ સુંદર લેખના લેખકશ્રીને એમનું નામ-સરનામુ જણાવવા વિનંતી છે.*

*– મુખ્ય તંત્રી*


M-Power's
Career Path Finder
Author / Editor - Prof. Vijay Navale / Mahesh Narke
10th (S.S.C.)
Engineering Diploma
L.I.C. Agent
Army Navy Air force (Defense) Police Dept. Exam
Art Teacher Diploma
ITI (Fitter, Welder, Machinist, Stenographer Diesel mechanic etc.)
Railway Ticket Collector (T.C.) / Commerce Clerk Exam
Bank / Insurance Clerical Exam
Other Government clerical grade exam
Government Clerk
Certified Building Supervisor
Medical Laboratory Technician Certificate Course (MLT)
Various Diploma Courses -
MS - CIT Course
Data Entry Operator
Degree Engineering (B.E.)
R.T.O. Inspector Exam
Merchant Navy
Government contractor (Civil / Electrical)
Associate Membership Of Institution Of Engineers(A.M.I.E.) / Institution Of Electronics & Telecommunication Engineers (I.E.T.E.)
Police Constable Airmen, Navik, Soldier
Fine Art / Commercial Art Diploma
Diploma in Dance / Music
Diploma in Farm Management (Animal Husbandry)
•Interior Design
•Stenography
•Private Secretary Practice
•Beauty Culture & Hair Dressing
•Garment Technology
12th (H.S.C.)
MPSC / UPSC (Exam)
Diploma in Travel & Tourism
Laboratory Technician Diploma (D.M.L.T.)
L.I.C. Agent
Hotel Management Diploma
Air Hostess/ Flight Steward
Student Pilot Licence
Proffessional Pilot Licence
Commercial Pilot Licence
12th Commerce
12th Arts
C.A. Foundation
B.B.A
C.S. Foundation
B.Com
M.B.A
B.C.A.
B.Arch.
( 12th with Maths, English )
D.Ed.
Call Center
D.Ed.
Teacher
B.S.W.
M.S.W.
L.L.B. Foundation
D.T.L.
D.L.L.
L.L.M.
Fashion Designing Diploma
Interior Designing Diploma
B.B.A.
M.B.A.
Manager/ Bussinessman
Foreign Languages Diploma
Call Center Job
B.Arch. ( 12th with Maths, English )
B.A.
M.B.A. (Marketing, Finance, Materials etc.)
Manager/ Bussinessman
Bank / Insurance Probationary / Development Officer Exam
L.L.B.
L.L.M.
C.A.
B.Ed.
M.Ed.
I.C.W.A.
Teacher
Bachelor in Library Science
Librarian
Import Export Diploma
C.S.
M.C.M.
M.C.A.
Software Job
Computer Courses (Tally)
MPSC UPSC (Exam)
(IAS / Class-1 Officer)
Indian Military Academy
B.P.Ed.
P.T. Teacher
M.A.
M.A. In Mass Communication
Bachelor of Journalism
L.L.B.
L.L.M.
Bachelor of Library Science
M.B.A.
MPSC UPSC Exam
(IAS Officer)
M.C.A.
M.C.M.
Software Job
Diploma in dramatisation (NSD)
Acting in Films / Plays
B.Ed.
M.Ed.
Advertising & Commercial management Diploma
Event Management Diploma
Sub Inspector Exam for BSF/CRPF/ CISF
12th Science
With PCMB (Physics, Chemistry, Maths, Biology)
With PCB (Physics, Chemistry, Biology)
D.Ed.
B.Sc. in Dairy Technology
M.B.A.
Bachelor of Pharmacy
M.B.A.
Master in Pharmacy
B .Tech. In Agriculture
M.B.A.
M .Tech. In Agriculture
B.Sc. Bio-Technology
M.B.A.
M.Sc. Bio-Technology
B.Sc. in Agriculture
M.Sc. Animal Husbandry Dairy Technology
M.B.A.
B.A.M.S.
M.D.
B.H.M.S.
B.V.Sc.
M.B.B.S.
M.D.
M.S.
Special Diploma
B.D.S.
M.D.S.
Paramedical Courses
B.Sc. Nursing
Diploma in Nursing
B.M.L.T.
B.Sc. Home Science
B.Sc. (Botany, Micro Biology, Zoology, Chemistry etc.)
M.Sc
M.Sc (Bio-Tech)
M.Phil
M.Tech (Bio-Tech)
Ph.D.
With PCM (Physics, Chemistry, Maths)
N.D.A.
Army
Navy
Airforce
B.Arch.
Diploma in Interior/ Landscape Design
Bachelor of Planning & Design
Technical entry in Indian Army
B.E.
B.Tech (Indian Institute of Technology) IIT
I.E.S. Exam
Job In Public Sector Company
Job In Railway
Merchant Navy
Marine Engineer
M.E.
Engineer
Teacher
MPSC UPSC Exam
(I.A.S. Officer)
Defence Direct Entry
Indian Navy
Airforce
M.B.A.
M.S. (Foreign University)
M.Tech (Indian Institute of Technology) IIT
Government Contractor (Civil/Electrical)
Direct 2nd year Engineering Diploma
B.C.S. / B.C.A. / B.Sc.(Phy.)
M.C.A.
M.C.S. M.C.M. M.B.A.
Film & Television Diploma (FTII)
Film Editing Cinematography Film Processing
Job in film Production / TV Channels
Hotel Management Degree

# "અંગ્રેજીના મોહમાં માતૃભાષા ન ભૂલાય"

**કૃપા જીતેન બુધ્ધભટ્ટી - ભુજ**

વેકેશન પૂરૂં થઇ ગયું છે. બાળકો પોતાના અભ્યાસમાં લાગી ગયા છે. વાલીઓની એડમિશન માટેની દોડધામ પણ પૂરી થઇ ગઇ. આજના સમયમાં બાળકોનું એડમિશન કઇ શાળામાં લેવું એ એક સમસ્યા બની ગઇ છે. સૌ પોતાના બાળકને સારી શાળામાં જ મોકલવાનું પસંદ કરે છે. જો કે એમાં કંઇ ખોટું નથી પણ બધા એવો આગ્રહ રાખતા થયા છે કે મારું બાળક તો અંગ્રેજી માધ્યમમાં જ ભણે. પણ અંગ્રેજી પાછળની આંધળી દોટમાં ક્યાંક આપણી માતૃભાષાથી જ આપણા બાળકો વંચિત ન રહી જાય તેનું ધ્યાન રાખવું જરૂરી છે.

આપણી માતૃભાષા ગુજરાતી છે. પ્રત્યેકને માતૃભાષા માટે ગૌરવ હોવું જોઇએ. ભાષા, એ સંસ્કાર અને સંસ્કૃતિનું વાહન છે. પોતાની માતૃભાષામાં શિક્ષણ પામવું એ પ્રત્યેક બાળકનો જન્મસિદ્ધ, જીવનસિદ્ધ અને શિક્ષણસિદ્ધ અધિકાર છે. બાળક જે ભાષામાં રડે તે તેની માતૃભાષા કહેવાય. આજે બાળક ખોટું ખોટું અંગ્રેજી બોલતું હોય તો પણ તેના માતાપિતા તેને સ્માર્ટ ગણતા હોય છે. પરંતુ માતૃભાષામાં વાંચતા લખતા આવડે છે કે નહિ તેના તરફ ધ્યાન જતું નથી.

હમણા થોડા દિવસ પહેલા પંદરેક વર્ષની છોકરી શાકવાળા પાસેથી શાક ખરીદી લીધા પછી પૂછવા લાગી કે કેટલા રૂપિયા આપવાના? શાકવાળા ભાઇએ તેને કહ્યું કે સુડતાલીસ રૂપિયા. છોકરી થોડીવાર શાકવાળાભાઇ સામે જોઇને ઊભી રહી ગઇ અને પછી પૂછ્યું કે સુડતાલીસ એટલે કેટલા? શાકવાળાભાઇએ તેણીને કહ્યું કે ફીફટીમાં થ્રી ઓછા. આ સમયે અભણ વ્યક્તિનું થોડુઘણું અંગ્રેજી જ્ઞાન કામ આવ્યું. હું તો આ બધુ જોઇ દંગ જ રહી ગઇ. અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ લેતી છોકરીને સુડતાલીસ કોને કહેવાય એ ખબર નહતી. જોકે આમાં સંપૂર્ણ વાંક હું તેના વાલીનો ગણીશ. કેમ કે નર્સરીથી લઇને આજ સુધીનું શિક્ષણ તેણીએ અંગ્રેજીમાં જ લીધુ હતું. તમે તમારા બાળકને ગમે તેટલું ઉચ્ચ શિક્ષણ આપશો પરંતુ માતૃભાષા જ નહી શીખવો તો બધુ જ શિક્ષણ અધૂરૂં ગણાશે.

મારો વિરોધ અંગ્રેજી પ્રત્યેનો નથી. અંગ્રેજી આંતરાષ્ટ્રીય ભાષા છે, જે બધાએ શીખવી જ જોઇએ. આજે અંગ્રેજી અને કોમ્પ્યુટરના માધ્યમથી બધા દેશો એકબીજાની તદ્દન નજીક આવી ગયા છે. દુનિયાના કોઇપણ દેશમાં જાઓ, તમને અંગ્રેજી વગર નહીં ચાલે. પરંતુ તેથી શું માતૃભાષા ને ભૂલી જવાની? કહેવાય છે ને કે કાકી, મામી, માસી, ફોઇ ગમે તેટલો પ્રેમ કરે તોય માં ની તોલે ન આવે. ચશ્મા ગમે તેટલા ઉપયોગી હોય તોય આંખના તોલે ન આવે. હું એમ માનું છું કે કોઇપણ બાળક માતૃભાષાથી વંચિત ન રહેવો જોઇએ.

આપણી માતૃભાષાની કદર તો વર્ષોથી બધા કરતા આવ્યા છે. ગુજરાતી ભાષામાં તો વિશ્વાના શ્રેષ્ઠ સાહિત્યો લખાયા છે. નરસિંહ મહેતાના ભજનો અને નર્મદના કાવ્યો તમને બીજી કોઇ ભાષામાં જોવા નહીં મળે.

હું તો ત્યાં સુધી કહીશ કે વિદેશમાં વસતા ભારતીયોએ પણ બાળકોને પોતાની માતૃભાષા શીખવવી જોઇએ. જો કે અમુક દેશોની સરકારે બાળકોના અભ્યાસક્રમમાં જે બાળક જે પ્રદેશનો હોય ત્યાંની માતૃભાષા શીખવવાની સગવડ કરી છે. સ્વીડન તેમાંનો એક દેશ છે. ત્યાં આવી વ્યવસ્થા છે. ત્યાં ઘણા ગુજરાતી પરિવારો વસે છે અને તેમના બાળકો ગુજરાતી શીખે છે. ત્યાંના બાળકો પોતાના વતનમાંથી આવેલા સગાસંબંધીના પત્રો ન વાંચી શકે તો તેમનું શિક્ષણ શા કામનું? એવું ત્યાંના ગુજરાતીઓ માને છે.

છેવટે એક વાત કહીશ કે તમારા બાળકને તમે અંગ્રેજી શિક્ષણ આપો, પણ સાથે સાથે માતૃભાષાનું પણ વ્યવસ્થિત જ્ઞાન આપો.

## SUCCESS MANTRA

***Soni Ankita R. - Ahmedabad***

**BOOKS :** Sometimes people think that reading books has become outdated. They feel that this is an era of Audio-video mediums like Television, Multimedia learning, Internet etc. But all these modern mediums of learning are supplementary to book reading. None of the above mentioned medium can replace books. The reason is simple. The impression of book on mind is not superficial. It lasts far a longer period of time.

Books helps in development of human personality. So make modern methods of learning as complimentary to book reading. Read a lot. Read autobiographies of great personality read about success stories of business tycoons, sports persons etc. Read about various religions, natural & International history and so on. Within one year of continous reading you will find that you are a transformed personality.

**A PERSONALITY WHICH CAN GET SUCCESS IN EVERY FIELD**

- In every walk of life confidence plays very important role in getting success.
- See AMITABH BACHCHAN, SHAH RUKH KHAN how confidently they act. How confidently they behave.
- Confidence does not mean aggressiveness.
- Even if circumstances are not favouring one should have faith in SUPREME POWER and remain confident.
- Always Remember if your intensions are good and you are working hard confidently success will not be very far from you.

ભણતર શબ્દ માતૃત્વ પછીનો સૌથી પવિત્ર શબ્દ છે, જે તાલીમ રોજગાર પ્રાપ્ત કરવામાં પરિવર્તિત થાય તે તાલીમ જ સૌથી કારગર કહેવાય. ભણતરને સીધો સંબંધ રોજગાર ઉપાર્જન માટેનું જ સાધન માત્ર ન ગણાવી શકાય, ભણતર વ્યક્તિના સમગ્ર તથા સંસ્કારનું ઘડતર કરે છે. પરિવાર-સમાજ પ્રદેશ રાષ્ટ્રની સંરચનામાં એક ઉત્તમ વ્યક્તિનો ઉમેરો કરે છે. આ બધુ તો ખરું જ પરંતુ સૌથી અગત્યનું અને પાયાની કોઇ લાગણી કે માંગણી ભણતર પાસે હોય તો તે...... છે રોજગારની. દરેક મા-બાપની અંતઃકરણની ઇચ્છા એજ હોય કે મારો લાલ ખૂબ ભણે-ગણે અને પોતાના પાયા ઉપર ઊભો રહે. ભણતર થકી બાળકના ઉજ્જવળ ભાવિના સપનાં જોવામાં આવતા હોય છે.

વર્તમાન શિક્ષણ વ્યવસ્થા હજીયે આદર્શ કક્ષાએ પહોંચી નથી કે પ્રત્યેક શિક્ષિતના હાથને કામ આપી રોજગારી અપાવી શકે. કૂદકે અને ભૂસકે વધતા ઔદ્યોગિક જગતની માંગ અને નોકરીની જરૂરિયાતને પહોંચી વળવા કે એવા વિષયો શિક્ષણ વ્યવસ્થામાં નથી અથવા કે અપૂરતા છે. વળી, પ્રતિદિન ટેકનોલોજીકલ વિકાસ થતો રહે છે પરિણામે કામગીરીનું સ્વરૂપ પણ તેજીથી બદલાતું જાય. આ જ એક એવું મોટું કારણ છે કે શિક્ષિત બેરોજગાર યુવાનોના આત્મવિશ્વાસને હચમચાવે છે. આ એક ગંભીર ચિંતનનો વિષય છે. કામગીરીનું સ્વરૂપ અને તેને અનુકૂળ પ્રેક્ટિકલ ટ્રેનિંગ એનો ઉત્તમ જવાબ છે.

શિક્ષણ વ્યવસ્થા અને ઉદ્યોગ જગતની માંગ આ બન્ને વચ્ચેની ખાઇને પૂરવા ગુજરાતે એક આગવી પહેલ કરી છે. એક બાજુ શિક્ષણ મેળવેલો યુવાન બેરોજગારનું લેબલ લઇને ફરે છે, જ્યારે બીજી બાજુ ઉદ્યોગ જગતમાં જે ટ્રેડ ઇન ડિમાન્ડ તેવા કુશળ કારીગર મળતા નથી. બસ આ વાતને ગુજરાતના વિશ્વસનીય નેતૃત્ત્વએ પીછાની છે. યુવાશક્તિને ઉદ્યોગોની જરૂરિયાત મુજબ કેળવી તાલીમબદ્ધ બનાવવાનું એક ક્રાંતિકારી પગલું ભર્યું છે. ઉદ્યોગોની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ટૂંકી મુદતમાં અસરકારક અભ્યાસક્રમોનું માળખું તૈયાર કરવામાં આવ્યું છે. તદ્દન નજીવી ફી લઇને યુવાનોને ઉદ્યોગ જગતની જરૂરિયાત મુજબ કૌશલ્યનિર્માણ કરી તૈયાર કરવામાં આવનાર છે. આ પ્રકારની તાલીમ ગુજરાતના ખૂણે ખૂણે સુધી પહોંચાડવા ગુજરાત નોલેજ સોસાયટીની રચના કરવામાં આવી છે.

એસ.એસ.સી., એચ.એસ.સી. કે વધારે અભ્યાસ કરેલા યુવાનોને કાર્યકુશળતા પ્રદાન કરી રોજગારીની નવી દિશાઓ ખોલી આપવાની છે.

## આઇટી ક્ષેત્રના ૧૯ અભ્યાસક્રમો

| *અભ્યાસક્રમ* | *લેવલ* | *અભ્યાસક્રમના કલાક* | | *ફી* |
|---|---|---|---|---|
| | | *થીયરી* | *પ્રેક્ટીકલ* | |
| વિન્ડોઝ એક્સપી ઓપરેટિંગ સિસ્ટમ એન્ડ બેઝિક કોમ્પ્યુટર સ્કીલ | ૧ | ૪૦ | ૪૦ | ૧૦૦ |
| વેબ પેજ ડિઝાઇનિંગ વીથ એચટીએમ એલ ફ્રન્ટ પેઇજ એન્ડ ડ્રીમ વીવર | ૧/૨ | ૩૦ | ૪૫ | ૧૦૦૦ |
| જાવા સ્ક્રીપ્ટ એન્ડ સી એસ એસ | ૨ | ૨૦ | ૩૦ | ૧૧૫૦ |
| સી પ્રોગ્રામિંગ ફોર બીગીનર | ૨ | ૩૦ | ૩૦ | ૧૧૫૦ |
| એન્જિનિયરીંગ ડ્રોઇંગ વીથ ઓટોકેડ (૨ડી) | ૨ | ૨૫ | ૩૫ | ૧૧૫૦ |
| સી પ્લસ ફોર બીગીનર | ૨ | ૩૦ | ૩૦ | ૧૧૫૦ |
| કોર જાવા | ૨ | ૩૦ | ૩૦ | ૧૧૫૦ |
| પીએચપી પ્રોગ્રામિંગ | ૨ | ૩૦ | ૪૦ | ૧૨૫૦ |
| ડીટીપી વીથ પેજમેકર, ફોટોશોપ, કોરલ ડ્રો એન્ડ ટેક્સ એડીટર | ૨ | ૪૦ | ૬૦ | ૧૫૦૦ |
| બેઝીક હાર્ડવેર અભ્યાસક્રમ અને નેટવર્કિંગ કોમ્પોનન્ટ | ૨ | ૫૦ | ૫૦ | ૨૦૦૦ |
| એન્જિનિયરીંગ ડ્રોઇંગ વીથ ઓટોકેડ (૩ડી) | ૨ | ૨૦ | ૩૦ | ૧૧૫૦ |
| એડવાન્સ સી પ્રોગ્રામિંગ ડેટાસ્ટ્રક્ચર | ૩ | ૩૦ | ૪૫ | ૧૭૦૦ |
| પીઓપી યુઝિંગ સી પ્લસ પ્લસ | ૩ | ૩૦ | ૪૫ | ૧૭૦૦ |
| જે-૨ ઇબી પ્રાઇમર | ૩ | ૩૦ | ૩૦ | ૧૭૦૦ |
| એમએમએસક્યુએલ આરડીએમએલ | ૩ | ૩૦ | ૪૦ | ૧૭૦૦ |
| પ્રોગ્રામિંગ એસક્યુએલ આરડીએમએલ | ૩/૪ | ૫૦ | ૫૦ | ૧૮૦૦ |
| પ્રોગ્રામિંગ વીથ એએસપી ડોટ એનઇપી | ૩/૪ | ૫૦ | ૫૦ | ૧૮૦૦ |
| એડવાન્સ જાવા | ૪ | ૩૦ | ૪૫ | ૨૦૦૦ |
| સોફ્ટવેર ટેસ્ટીંગ યુઝિંગ ક્યુટીપી | ૪ | ૩૦ | ૪૫ | ૨૦૦૦ |

*સૌજન્ય : ગુજરાત*


કુ. એકતા કટ્ટા - અંજાર

## "જ્ઞાનાય દાનાય ચ રક્ષણાય...." ના પર્યાય બનતાં શ્રી ભાવિનભાઇ હેમરાજ બુદ્ધભટ્ટી"

આપણી જ્ઞાતિમાં વિવિધ ક્ષેત્રોમાં નામ ઉજ્જવળ કરનારાં ઘણાં અમુક વ્યક્તિત્વો છે. ઈશ્વરે જેમને આર્થિક સદ્ધરતા બક્ષી તેમણે તે સદ્ધરતાનો ઉપયોગ જ્ઞાતિકાર્યોમાં કર્યો. જેમને સેવાકીય પ્રવૃત્તિઓમાં રસ રહ્યો તેઓએ સેવાકીય કાર્યોમાં સહકાર આપ્યો. જેમને વિવિધ કલાઓની પારંગતતા સાંપડી તેઓએ તે કલાની શિક્ષા જ્ઞાતિજનો સાથે વિભાજીત કરી. પરંતુ, પોતાની આજીવિકાના સાધનનાં માધ્યમે નિષ્ઠાથી કોઇનું જીવન ઘડતર કરનાર અને તેમાંય ઘણી વખત જ્ઞાતિબાધ વગર 'આજીવિકા'ને જતી કરી કોઇનું જીવન ઘડતર કરી મૂક રહેનાર વ્યક્તિત્વનું મહત્ત્વ અદકેરું હોય છે. તેમાંય આજનાં આધુનિક સમયની ૩૩ વર્ષ જેવી યુવાવયે આ વિચારધારા કેળવનાર વ્યક્તિનો પરિચય આપણને ઘણું શીખવી શકે છે.

અંજાર શહેરમાં "સંસ્કાર સ્ટડી સેન્ટર"ના નામે ટ્યુશન ક્લાસીસ ચલાવતાં શ્રી ભાવિનભાઇ હેમરાજ બુદ્ધભટ્ટી જેવાં યુવા શિક્ષકનાં પરિચય માટે "જ્ઞાનાય દાનાય ચ રક્ષણાય.... "કહેવું અતિશયોક્તિ નહીં ગણાય!! આધુનિક યુગ શિક્ષણનો યુગ છે. શાળાકીય શિક્ષણનાં સ્તર પર સમગ્ર કારકિર્દીનો આધાર રહે છે.

શ્રી ભાવિનભાઇ પોતાનાં પરિચયમાં આવનારાં કોઇપણ વિદ્યાર્થીનું શાળાકીય શિક્ષણ ખોરવાય નહીં અને તેમનાં શિક્ષણનું સ્તર સતત ઊંચું આવે તેની પૂરી નિષ્ઠાથી કાળજી રાખે છે, તે તેમની વિશેષતા છે. માત્ર શિક્ષણ નહીં, પરંતુ વિદ્યાર્થીની સંપૂર્ણ કારકિર્દી માટે અંગત પ્રયાસો કરનારાં, વિદ્યાર્થી તથા વાલીઓને શક્ય તેટલું માર્ગદર્શન પૂરું પાડનારા અને એક ઉમદા શૈક્ષણિક માહોલ ઊભું કરનારાં શ્રી ભાવિનભાઇનો જન્મ ૨૯-૧૦-૧૯૭૬માં અંજાર મધ્યે થયો. શ્રી હેમરાજભાઇ જેરામભાઇ બુદ્ધભટ્ટી અને શ્રીમતી જવેરબેન હેમરાજભાઇ બુદ્ધભટ્ટીના પુત્ર તથા શ્રી જેરામભાઇ ધારશીભાઇ બીજલાણીનાં દોહિત્ર શ્રી ભાવિનભાઇએ જીલ્લા અધ્યાપન મંદિર, ભુજમાંથી પી.ટી.સી. અને આર.આર. લાલન કોલેજ, ભુજમાંથી સંસ્કૃત વિષય સાથે બી.એ. અભ્યાસ. તેઓનાં અભ્યાસકાળ દરમ્યાન તેઓએ એસ.એસ.સી.



અને એચ.એસ.સી.માં અંજાર શહેરમાં પ્રથમ અને બી.એ. (સંસ્કૃત) માં કચ્છ જિલ્લામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. યુવક મહોત્સવ ૧૯૯૬ની નિબંધ સ્પર્ધામાં રાજ્ય કક્ષાએ દ્વિતીય સ્થાન હાંસલ કર્યું છે.

૧૯૯૫થી સરસ્વતી શિશુ મંદિર, ભુજમાં અધ્યાપન કાર્યનું પ્રારંભ કરનારાં અને ૧૯૯૮થી સુગારિયા પ્રાથમિક શાળામાં અધ્યાપનકાર્ય કરી રહેલાં શ્રી ભાવિનભાઇનાં પિતાનો ત્રાંબા-પિત્તળનાં વાસણ બનાવવાનો વ્યવસાય. આર્થિક સ્થિતિ ઓછી સમૃદ્ધ. એકમાત્ર પુત્ર હોવાના નાતે પિતાને સાથ આપવાની સાથે કારકિર્દી ઘડવી તેવો વિચાર કરી અધ્યાપનક્ષેત્ર પસંદ કર્યું. જે તે સમયે C.A.નાં અભ્યાસક્રમનું મહત્ત્વ હતું અને જ્ઞાતિમાં શૈક્ષણિક સ્તરે તેજસ્વી હોવાથી તેઓને જ્ઞાતિ મહાનુભાવો દ્વારા આર્થિક ચિંતા છોડી C.A.નાં અભ્યાસ માટે પ્રોત્સાહિત પણ કરવામાં આવ્યા હતા. આ બાબતને તેઓ જ્ઞાતિની સહુથી ગમેલી ખાસિયત લેખાવે છે. પરંતુ, સ્વાવલંબનમાં માનનારાં શ્રી ભાવિનભાઇ અભ્યાસની સાથે વેકેશન સમયે પિતાની દુકાને જ બુક-બાઇડિંગ અને જૂના ચોપડાઓ લે-વેચ નું કામ કરતાં. સમયે સાથ આપતાં 'માનસી સ્ટેશનર્સ' નામક સ્ટેશનરી સ્ટોર પણ ખોલ્યું.

શ્રીમદ્ ભગવદ્ગીતા અને ગાંધીજીનાં જીવનચરિત્રનાં પુસ્તકોનાં વાંચનનો શોખ ધરાવતાં શ્રી ભાવિનભાઇ સમયાવકાશે જ્ઞાતિ કાર્યોમાં પણ જોડાય છે. અંજાર યુવક-મંડળના સહખજાનચી અને સહમંત્રી પણ રહી ચૂકેલા છે. જ્ઞાતિ કાર્યક્રમોમાં સફળ એનાઉન્સરની ભૂમિકા પણ નિભાવી છે. જે પણ કાર્ય કરતાં હોઇએ તે જ કાર્યમાં સંપૂર્ણ ધ્યાન કેન્દ્રિત કરવામાં માનતા હોવાથી વ્યવસાય કાર્ય કે અન્ય કાર્યો પૂરી નિષ્ઠાથી પાર પાડી શકે છે.

"દરેક બાળકને સારું શિક્ષણ આપવું. તેને શ્રેષ્ઠ સ્થાને લઇ જવું"ને પોતાનો ઉદ્દેશ્ય માનનારાં શ્રી ભાવિનભાઇ જ્ઞાતિનાં દરેક બાળકોને સારું શિક્ષણ મળે તથા તેને પૂરતું પ્રોત્સાહન અને માર્ગદર્શન માટે યોગ્ય વાતાવરણ તૈયાર કરી દરેક બાળક પૂરતું શિક્ષણ પ્રાપ્ત કરે, જે સમયની માંગ પણ છે, તે માટે જ્ઞાતિ કાર્યકરો કાર્યરત થાય તેવું ઇચ્છે છે. "કોઇપણ જ્ઞાતિજનોને શૈક્ષણિક માર્ગદર્શન તથા કારકિર્દીનાં યોગ્ય ઘડતર માટે મદદરૂપ થવા હંમેશ તત્પર રહીશ." તેવો પરિચય આપતી વેળાએ જ્ઞાતિજનોને આવકાર આપ્યો છે.

શ્રી ભાવિનભાઇની વિશેષતાનું ઉદાહરણ "જ્ઞાતિસેતુ"નાં આ જ અંકમાં અન્યત્ર છપાયું છે. અગાઉ ઉલ્લેખિત કર્યું તેમ તેઓએ ઓછા સમૃદ્ધ પારિવારિક માહોલમાં અભ્યાસ કર્યો છે. તે જ બાબતને નજર સમક્ષ રાખી લગભગ પ્રતિવર્ષ એકથી બે વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ટ્યુશન આપે છે. જેમાં જ્ઞાતિના વિદ્યાર્થી પણ લાભાર્થી બન્યા છે. માત્ર વિના મૂલ્યે ટ્યુશન જ નહીં, વિદ્યાર્થીને સંપૂર્ણ માર્ગદર્શક બન્યા છે. તેઓએ ભલે એક પણ જીવન માટે "જ્ઞાનાય"- પોતાની વિદ્યાનો ઉપયોગ જ્ઞાનની વૃદ્ધિ માટે, 'દાનાય'- વિના મૂલ્યે ટ્યુશન ક્લાસ એસ.એસ.સી. કે એચ.એસ.સી. જેવા મહત્ત્વનાં શૈક્ષણિક સત્ર માટે, 'રક્ષણાય-' આર્થિક સ્થિતિને ધ્યાને લઇ શિક્ષણ છોડતાં વિદ્યાર્થી અને તેનાં વાલીઓને સમજાવટ દ્વારા શિક્ષણ માટે તૈયાર કરી કારકિર્દીનું રક્ષણ કર્યું છે.

"કોઇ પણ વ્યક્તિ શું બની છે, તેણે શું મેળવ્યું છે? તે મહત્ત્વનું જરૂર છે પરંતુ, એથીય વધુ મહત્ત્વનું એ છે કે તે કેવી રીતે બન્યો છે અને તેણે કેવી રીતે મેળવ્યું છે!"


*શ્રી ભાવિનભાઇ હેમરાજ બુદ્ધભટ્ટીનું સરનામુ :*
૫૮-બી, રામકૃષ્ણ મહાવીર નગર,
અંજાર (કચ્છ)



Mfg. of :
Brass, M.S., Copper,
Aluminium, S.S.
Bronze Parts
as per customer's
drawing &
Sheet Metal Parts
& Press cutting
Items.
With best
Compliments
from ...................................
Deepak
Products
& Family
K-1, 78/4 Udyognagar,
Back of Kalyan Marble,
Jamnagar - 361 004.
Mobile :
R. K. Bhut : 98252 12143
K. K. Bhut : 98243 35456
Phone : 0288 - (O) 2564453
(R) 2563021
Fax : 0288 - 256 1794
design shop : cell - 98242 85989

# કોમ્પ્યુટરનો કક્કો – ૧૦

તુલસીદાસ એલ. કંસારા




## BING...બીંગ

ઈન્ટરનેટ સર્ચ એન્જીનની માર્કેટમાં ગુગલ અને યાહુની સાથે હરીફાઈ કરવા માટે માઈક્રોસોફટની સવારી આવી પહોંચી છે.

આ વિષયના જાણકારો અને આઈ.ટી.ના યુવા મિત્રો તેને અહીં અમેરિકામાં રમૂજમાં "But it's not Google" કહે છે..... BING is OK But it's not Google.

તો આ બીંગ સર્જ એન્જીન શું છે? અથવા જ્યારે દુનિયાભરના દર એક ડઝન વેબ વાપરનારાઓમાંથી જ્યારે આઠ જણ ગુગલ ઉપર ક્લિક કરે છે ત્યારે આ 'બીંગ' કેવી રીતે લોકપ્રિય બનાવાશે? ચાલો થોડું જાણીએ....

એફીસીયન્ટ ફ્રન્ટીરયરના રીપોર્ટ મુજબ એકાદેક મહિના પહેલા જ માર્કેટમાં મૂકવામાં આવેલ આ 'બીંગ'ને સર્ચ એન્જીનનું પાંચેક ટકા માર્કેટ મળેલ છે.

માઈક્રોસોફટ આ પ્રોડક્ટને સર્ચ એન્જીન નથી કહેતું પરંતુ એક ડગલું આગળ વધીને તેને વાપરનારાઓ માટે નિર્ણય લેવામાં મદદગાર થાય તેવું એન્જીન કહે છે કારણકે તેમના કહેવા પ્રમાણે ત્રીસ ટકા સર્ચો કે શોધને પૂરતી માહિતીને અભાવે પડતી મૂકવામાં આવે છે. માઈક્રોસોફટના સી.ઈ.ઓ. સ્ટીવ બાલમેરનું માનવું છે કે મોટાભાગના વાપરનારાઓને સમજ નથી પડતી કે સર્ચ માર્યા પછી મળેલ માહિતીનું શું કરવું. તેથી "બીંગ"નો પ્રયત્ન એવો રહેશે કે સર્ચના પરિણામો મળ્યા બાદ તેમાંથી ખરીદી, પ્રવાસ આયોજન, કોઈપણ વિષયનો બહોળો અને ઊંડો અભ્યાસ કે રીસર્ચ કે પછી પોતાના વિસ્તારમાં કામધંધાની શોધખોળ, આવી કોઈપણ બાબતના નિર્ણય લેવા તે વાપરનારને સક્ષમ બનાવશે.

આ બાબતમાં વધારે જાણકારી મેળવવા માટે **www.bing.com**ની મુલાકાત લઈ શકાય છે, અલબત્ત ઈન્ટરનેટ ઉપર...

આજકાલ વાંચવાનો સમય કોની પાસે છે?

ઓડિયો = અવાજ સાંભળી શકાય તેવો અવાજ, અવાજનું રેકોર્ડિંગ અને ફરી સાંભળવો.

ઓડિયો બુક = મ્યુઝીક નહીં પરંતુ બોલાયેલા શબ્દોનું રેકોર્ડિંગ અને ફરી સાંભળવો.

ખાસ કરીને જે લોકો પોતપોતાના કામકાજમાં ગળાડૂબ છે અને બિઝનેસમેનને વિવિધ પુસ્તકોમાંથી જાણવું છે તેમના ધંધા વિશે, ડોક્ટર, વકીલ કે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, ચાર્ટર્ડ એન્જીનીયર વિગેરેને જાણવું છે તેમના પ્રોફેશન બાબતમાં, વ્યાખ્યાતાને પોતાના વિષયના છેલ્લામાં છેલ્લા પબ્લિકેશન વિશે જાણવું છે કે તેના મુખ્ય મુદ્દાઓ શું છે, વિગેરે તો તેમના માટે આવી એક સાઈટ છે (www.audiotech.com) ઓડિયોટેક ડોટ કોમ.

તમારે જો ધંધા કે શોખને લગતી અગત્યની માહિતી ચોપડી કે પુસ્તકોના થોથા સાથે ના ફેરવવા હોય તો તમે ગમે ત્યારે, ઘેરબેઠા કે કારમાં, લંચ સમયે કે સવારે ફરવા જતાં, વિમાન કે રેલ્વેની મુસાફરીમાં, કોઈપણ સમયે આ ઓડિયોટેક પર દર્શાવેલ વિકલ્પોમાંના કોઈપણ સાધન મારફતે તમારી જ્ઞાન પીપાસાને સંતોષી શકો છો. જેમાં તમને જોઈતી માહિતી વાંચવાને બદલે સાંભળીને જાણવા માટે અનેક વિકલ્પો મળી રહેશે. જેવા કે સી.ડી., ડાઉનલોડેબલ ડિજીટલ ફોર્મેટ દા.ત. એમ.પી.-૩, પોડકાસ્ટ, સ્ટ્રીમિંગ વિડીયો અને પી.ડી.એફ. ફાઈલ ફોર્મેટ.

આ સાઈટમાં જણાવેલ વિકલ્પો વિશે થોડું વધારે જાણીએ. તો આપણે બધા જ સી.ડી. તેમજ એમ.પી.-૩ નો ઉપયોગ કરીએ જ છીએ. (એમ.પી.-૩ તમે સીધા જ તમારા કમ્પ્યુટરમાં, તેના ડાઉનલોડેબલ ડિજીટલ ફોર્મેટને કારણે ડાઉનલોડ કરી શકો છો તેમ મલ્ટી મિડીયા ફેસીલીટી હોય, મતલબ તમારા કમ્પ્યુટરમાં સાઉન્ડ કાર્ડ અને સ્પીકર્સ લાગેલા હોય તો સાંભળી શકો છો, તેમજ તેની કોપી પણ કરી શકો છો.)

- **એમ.પી.-૩ ની ખાસ ટેકનીકલ વિગતો.... ટૂંકમાં :**

MP-3 (એમ.પી.-૩) એ મુવિંગ પિક્ચર એક્ષપર્ટસ ગ્રુપ દ્વારા ડિઝાઈન કરવામાં આવેલ એક ઓડિયો સ્પેસીફીક ફોર્મેટ છે. તેમાં સોલીડ સ્ટેટ મેમરી હોય છે અને એક સોફ્ટવેર હોય છે. જે સામાન્ય રીતે ઓડિયો કે અવાજ (સંગીત)ને ડિજીટલ ફોર્મમાં સંકોચીને એક સ્ટાન્ડર્ડ ફોર્મેટ ફાઈલમાં (ફાઈલ એક્સ્ટેન્શન .MP3) સંગ્રહે છે અને તેને ડિજીટલ ઓડિયો પ્લેયર ઉપર પ્લેબેક કરીને સાંભળી શકાય છે. આ એમ.પી.-૩ નામ તેના ફાઈલ ફોર્મેટ એમ.પી.ઈ.જી. ઓડિયો લેયર-૩ ને કારણે મળેલ છે. લેયર-૩ એ ત્રણ કોડિંગ સ્કીમો (લેયર-૧, લેયર-૩ અને લેયર-૩) ઓડિયો સીગ્નલના સંકોચન માટે છે. લેયર ત્રણ વધારાની, બિનજરૂરી માહિતી - સાઉન્ડ સીગ્નલોને સાફ કરવાનું કામ કરે છે અને મોડીફાઈડ ડિસ્ક્રીટ કોઝીન ટ્રાન્સફોર્મ ઉમેરે છે જે ફિલ્ટરબેંક તરીકે કામ કરીને અવાજની ફ્રિક્વન્સીને બીજા લેયર કરતાં અઢારગણી વધારે છે. એમ.પી.-૩ ફાઈલ સાઈઝમાં પ્રમાણમાં નાની હોવાને કારણે ઈન્ટરનેટ ઉપરથી ટ્રાન્સફર કરવાનું સરળ બને છે. એમ.પી.-૩ પ્લેયરમાં અન્ય ખૂબીઓ પણ રાખવામાં આવે છે જેવી કે પ્લે લીસ્ટ, રેયિડો કે વેબ સાઈટ સ્ટ્રીમિંગ, ઈક્વલાઈઝર ઓપ્શન્સ. સામાન્ય રીતે એમ.પી.-૩ પ્લેયરમાં યુ.એસ.બી. પોર્ટનો ઉપયોગ કમ્પ્યુટરમાંથી ફાઈલો ટ્રાન્સફર કરવા માટે થતો હોય છે. આમ છતાં પણ કેટલાક પ્લેયરમાં ફાયર વાયર કે પેરેલલ પોર્ટ પણ હોય છે. આ ટ્રાન્સફર થયેલી ફાઈલો પ્લેયરની મેમરીમાં સંગ્રહિત થતી હોય છે. મોટાભાગના એમ.પી.-૩ પ્લેયર્સ બેટરી ઓપરેટેડ હોય છે અને કેટલાકની સાથે

એ.સી. એડેપ્ટર પણ આવતા હોય છે.

આજકાલ બજારમાં એમ.પી.-૩ સાથેની અનેક ડિવાઈસો મળે છે. દા.ત. સેટેલાઈટ રેડિયો, સ્માર્ટ ફોન, પીડીએ, સનગ્લાસીસ અને એમ.પી.-૩ વોચીસ કે કાંડા ઘડીયાળો. તદ્ઉપરાંત, મોટી સાઈઝના વોકમેન અને સી.ડી. પ્લેયરની જગા પણ એમ.પી.-૩ પ્લેયરે લઈ લીધેલ છે. આવી ડિવાઈસોને પોર્ટેબલ મ્યુઝીક પ્લેયર (પી.એમ.પી.) અથવા તો ડિજીટલ મ્યુઝીક પ્લેયર પણ કહેવાય છે. એમ.પી.-૩ પ્લેયર નાની સાઈઝમાં હોવા છતાં પણ તેના એમ.પી.-૩ ફોર્મેટને કારણે હજારો ગીતો સંગ્રહી શકે છે.

- **પોડકાસ્ટ :**

હવે ચલણમાં આવેલ શબ્દ પોડકાસ્ટ એટલે ફાઈલમાંની કન્ટેન્ટ કે લખાણ અથવા તેનું જે રીતે સિન્ડીકેશન કરવામાં આવેલ છે તે. આ એક વેબ સિન્ડીકેશન મારફતે રીલીઝ કરવામાં આવતી અને વેબ ઉપર મૂકી શકાય અને ડાઉનલોડ કરી શકાય તેવી ફાઈલોની હારમાળાને આપવામાં આવેલ નામ છે. આ વેબ સિન્ડીકેશન તેને અન્ય ડાઉનલોડેબલ ફાઈલોથી અલગ પાડે છે. જે વ્યક્તિ આવી ફાઈલોમાંની કન્ટેન્ટ કે તેમાંનું લખાણ બનાવે છે તેને પોડકાસ્ટર કહેવામાં આવે છે.

***પી.ડી.એફ.*** = એડોબ સિસ્ટમે ૧૯૯૩માં બનાવેલી ફાઈલના ફોર્મેટને આ નામ આપવામાં આવેલ છે. જેનું પૂર્ણ સ્વરૂપ છે પોર્ટેબલ ડોક્યુમેન્ટ ફોર્મેટ. પી.ડી.એફ. એક હાર્ડવેર, એપ્લિકેશન સોફ્ટવેર તેમજ ઓપરેટીંગ સિસ્ટમથી સ્વતંત્ર પ્રકારનું ફાઈલ ફોર્મેટ હોવાથી કોઈપણ દસ્તાવેજને, વેબ કે અન્ય રીતે તબદીલ કરવા માટે ઉપયોગમાં લેવાય છે અને દુનિયાભરના લોકોમાં પ્રિય છે. તેની આ લોકપ્રિયતાને કારણે જ ૨૦૦૮ની સાલમાં તેના પ્રોપરાઈટરી હક્કને ઓપન સ્ટાન્ડર્ડમાં પરિવર્તિત કરીને આઈ.એસ.ઓ. ૩૨૦૦૦ની સીરીઝમાં મૂકવામાં આવેલ છે.

- **વિન્ડોઝ મીડિયા ઓડિયો (Windows Media Audio (.wma)):**

બિલ ગેટ્સની કંપની માઈક્રોસોફ્ટ મારફતે ઉપર જણાવેલા ઉપયોગો માટે જે પ્રોપરાઈટરી ફાઈલ ફોર્મેટને પ્રચલિત કરવામાં આવેલ છે તે ફાઈલને ઓળખવા માટે તેને છેડે "ડોટ ડબલ્યુ.એમ.એ." લખેલા હોય છે.

- **હેલ્થ ફર્સ્ટ :**

સન્તા : હું જ્યારે તારા ઉપર ખૂબ ગુસ્સે થાઉં છું ત્યારે તું ક્યારે પણ સામે લડતી નથી, ઝઘડતી નથી કે ગુસ્સો કરતી નથી. જસ્મિત, કહે તો ખરી, તું તારો ગુસ્સો કાબુમાં કેવી રીતે રાખી શકે છે?

જસ્મિત : હું બાથરૂમમાં ચાલી જાઉં છું અને ટોઈલેટ સાફ કરવા લાગું છું.

સન્તા : તેથી શું થાય? ગુસ્સો ઉતરી જાય?

જસ્મિત : સન્તા, પણ તું સાંભળને.... હું... છે... ને... ટોઈલેટ સાફ કરવા તારો ટુથ બ્રશ વાપરૂં છું....!!! ■

# *Matrimonial*



| | | |
|---|---|---|
| ***Name*** | : | **Miss POOJA KANTIBHAI KANSARA** |
| ***Address*** | : | "ASHAPURA", 1-Geeta Nagar,<br>B/h. Gurukul, Dhebar Road, Rajkot-360 002. |
| ***Date of Birth*** | : | 07-10-1983 |
| ***Weight*** | : | 47 Kg. |
| ***Height*** | : | 5'5" |
| ***Education*** | : | B.Com. (Compu. Science), P.G.D.C.A.,<br>M.C.A. (Dist.) (2008) |
| ***Present Activities:*** | | Working as Software Engineer in<br>IT Co. - Ahmedabad. |
| ***FAMILY DETAILS*** | : | |
| ***Father*** | : | Kantibhai Valjibhai Kansara (B.Com., LL.B.)<br>(Youngest of Kansara Soni Valjibhai Naranji Hedau Family of Bhuj (Kutch))<br>Presently working as Suprintendant of Customs & Central Excise, Rajkot (Gujarat)<br>Mobile No. : 098252 87434 |
| ***Mother*** | : | Mrs. Purnimaben Kantibhai Kansara<br>House Wife |
| ***Sister*** | : | Mrs. Anandi Nishant Mahitcha (BBA, MBA)<br>Presently staying at New Jersey, USA |
| ***Maternal*** | : | Kansara Soni Premjibhai Shivji Family, Bhuj |

# માહિતી મેળવવાનો સરળ અને વિશ્વસનીય સ્રોત - DSS

ઈન્ફોર્મેશન ટેકનોલોજીનો વપરાશ માત્ર શહેરી વિસ્તારો પૂરતો સીમિત ન રહેતાં, ગ્રામીણ વિસ્તારો સુધી પણ તેનો વ્યાપ વિસ્તરે એ માટે કચ્છ નવ નિર્માણ અભિયાન દ્વારા કે-લિન્ક (કચ્છ લોકલ ઈન્ફોર્મેશન કેન્દ્ર) ની રચના કરવામાં આવી. આ યુનિટની સ્થાપના ૨૦૦૧ના ભૂકંપ બાદ સરકાર, સમુદાય અને સ્વૈચ્છિક સંસ્થાઓને રાહત કામગીરી માટે ઉપયોગી માહિતી પૂરી પાડવા માટે ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી અને યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (યુએનડીપી) ના સહયોગથી કરવામાં આવી હતી. હાલમાં કે-લિન્ક, સેતુ, કચ્છમાં કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ અને જીલ્લા વહીવટી વિભાગ તેમજ ગુજરાત બહારની સંસ્થાઓને ગ્રામીણ વિકાસમાં ઉપયોગી થાય એવી વિવિધ ઈન્ફોર્મેશન અને ટેકનોલોજી સંબંધી સેવાઓ પ્રદાન કરે છે.


આ કામગીરીના ભાગરૂપે આ યુનિટ દ્વારા તાજેતરમાં Decision Support System નામથી એક સોફ્ટવેર તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ સોફ્ટવેર કચ્છમાં નવો પ્રોજેક્ટ શરૂ કરવા ઈચ્છનારથી માંડીને જૂની કામગીરીનું વિશ્લેષણ તેમજ વર્તમાન કામગીરીનો રિવ્યૂ કરવા ઈચ્છનાર દરેક વ્યક્તિ કે સંસ્થા માટે ખૂબ જ ઉપયોગી પુરવાર થશે.

સામાન્ય રીતે કોઇ પણ સંસ્થા કે વ્યક્તિને જે-તે ક્ષેત્ર/વિસ્તારમાં કામ શરૂ કરતાં પૂર્વે તે વિસ્તારની પ્રાથમિક માહિતી મેળવવી પડતી હોય છે. આ માહિતીના આધારે જ તે પોતાનું આગામી આયોજન કરી શકે છે કે મહત્ત્વના નિર્ણયો લઇ શકે છે. આ પ્રક્રિયા મોટાભાગની સંસ્થાઓ દ્વારા અવારનવાર તેમના હેતુ પ્રમાણે થતી રહેતી હોય છે. આથી આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને કે-લિન્કને એક એવું સોફ્ટવેર વિકસાવવાનો વિચાર ઉદ્ભવ્યો જેના દ્વારા કચ્છ સંબંધી કોઇપણ માહિતી એક જ જગ્યાએથી ઝડપથી મેળવી શકાય. આ વિચારને Decision Support System (DSS)ના સ્વરૂપમાં મૂર્તરૂપ આપવામાં આવ્યું.

DSS તરીકે ઓળખાતું આ સોફ્ટવેર GSS (Geographical Information System) આધારિત છે. તેના દ્વારા કોઇ પણ વ્યક્તિ માત્ર એક ક્લિક દ્વારા કચ્છ સંબંધી કોઇપણ માહિતી મેળવી શકે છે. જે માહિતી મેળવવા માટે હાલમાં સેન્સસના ઢગલાબંધ પાનાં ફેરવવા પડે છે એ માહિતી આ સોફ્ટવેરના ઉપયોગથી માત્ર ૨ મિનિટમાં મેળવી શકાશે. તેના દ્વારા કચ્છના કોઇપણ ગામની વસતી, સ્ત્રી-પુરુષ રેશિયો, શિક્ષણનું પ્રમાણ, નદી, તળાવ અને કેનાલની સંખ્યા, ગામમાં ઉપલબ્ધ આરોગ્ય તેમજ શિક્ષણ સંબંધી સુવિધાઓ, કૂવાની સંખ્યા, પિયત જમીન, બિનપિયત જમીન વગેરે અસંખ્ય માહિતી ઘેરબેઠાં મેળવી શકાશે. તેમાં માહિતીના ૧૪૦ થી વધારે પેરામીટર્સ રાખવામાં આવ્યા છે. આ સોફ્ટવેર દ્વારા જેટલી સરળતાથી પોતાની જરૂરિયાત પ્રમાણે ફેરફાર પણ કરી શકાય છે. વળી, આ કરવા માટે કોઇ વિશેષ કૌશલ્યની પણ જરૂર નથી. કોમ્પ્યુટરનો વપરાશ જાણતી કોઇ પણ વ્યક્તિ તેનો ઉપયોગ કરીને પોતાની જરૂરિયાત પ્રમાણેનો ડેટાબેઝ મેળવી શકે છે અથવા તૈયાર કરી શકે છે. માહિતીના આ વિપુલ ભંડારમાંથી વપરાશકર્તા તેને જોઇતી ચોક્કસ માહિતી વર્ડ કે એક્સેલ ફોર્મમાં અથવા નક્શાના સ્વરૂપમાં લઇ શકે છે તેમજ તેની પ્રિન્ટ પણ લઇ શકાય છે. ટૂંક સમયમાં જ લોંચ થનારું આ સોફ્ટવેર કચ્છમાં કામ કરતી સંસ્થાઓ અને સંશોધનકારો માટે ખૂબ જ ઉપયોગી સાબિત થશે.

*— સંકલિત*

## હાર્દિક અભિનંદન



**શ્રી પ્રાણલાલભાઈ એન. સોની - ભુજને**, ભુજ બુલિયન મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ થવા બદલ શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિ મંડળ - અમદાવાદ તથા 'સેતુ' પરિવાર તરફથી હાર્દિક અભિનંદન.

*હંસરાજ કંસારા - મુખ્ય તંત્રી*

## 'આપણું ઘર' — પ્રતિભાવ

તાજેતરમાં મારા પુત્ર ચિ. કિશનને અમદાવાદ મધ્યે ઉચ્ચ અભ્યાસાર્થે દાખલ કરવાનો હોતા તેની સાથે અમદાવાદ આવવાનું થયું. અમદાવાદ અભ્યાસ અર્થે આવતા આપણી જ્ઞાતિના વિદ્યાર્થીઓને કોઈ જ તકલીફ ન પડે તેમજ યોગ્ય માર્ગદર્શન મળી રહે તેમજ રહેવાની સગવડ મળે તે માટે જ્ઞાતિના દાતાઓ દ્વારા જે સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે તે ખરેખર અભિનંદનને પાત્ર છે. આ માટે 'આપણું ઘર'ની સુંદર વ્યવસ્થા પૂરી પાડનાર તમામ દાતાઓશ્રી તથા કાર્યકર મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન.

'આપણું ઘર'માં રહેતા વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં ચોખ્ખું પીવાલાયક પાણી મળે તે માટેનો પ્લાન્ટ, મનોરંજન માટે ટી.વી., ફ્રીજ તેમજ ડાઈનીંગ ટેબલ, અભ્યાસ માટે ટેબલ - ખુરશી વગેરેની તથા કપડા ધોવા માટેની વ્યવસ્થા આપશ્રીની ટીમ દ્વારા કરી આપવામાં આવેલ છે તે બદલ ફરી આપ સૌને અભિનંદન. જ્ઞાતિ ઉત્કર્ષ માટે મારા લાયક કોઈ કામકાજ હોય તો જરૂર જણાવશો. તો મને પણ સહભાગી થવાનો આનંદ થશે.

*પરેશ સી. ગુજરાતી - ભુજ*

## નારી તું નારાયણી

*ઉપરોક્ત કોલમ માટે ભુજ ઉપરાંત અન્ય શહેરો / ગામડાઓમાં વસતા સેતુ-પરિવારના સભ્યોને વિનંતી છે કે તેઓ એમની જાણમાં હોય તેવી 'આમ'થી થોડુંક 'અલગ' વ્યક્તિત્વ ધરાવતી હોય તેવી નારીઓની માહિતી કૃપયા મોકલે. બની શકે તો આવી માહિતી તસવીરો સાથે મોકલવી. — મુખ્ય તંત્રી*





# શ્રીનાથ ઈન્ડસ્ટ્રીઝ

**• મેન્યુફેક્ચરર •**

**સોના અને ચાંદી તેમજ જ્વેલર્સના ધંધા માટે આપની કિંમતી વસ્તુને સલામત રાખવા અને ચોરીથી બચવા માટે ફાયરપ્રુફ હેવી તિજોરી તેમજ સ્ટ્રોંગ રૂમ ડોર આર.સી.સી. સાથે આપની જરૂરિયાત મુજબ બનાવી આપવામાં આવશે.**

**લાઈફટાઈમ ગેરંટી સાથે.**

૩૫, ક્રિષ્ના એસ્ટેટ, પન્ના એસ્ટેટ રોડ,
સોનીની ચાલીની બાજુમાં, રખિયાલ, અમદાવાદ-૨૩.
**ફોન : (ઓ) ૦૭૯-૨૨૭૩૨૪૮૧ • મોબાઈલ : ૯૮૨૫૦ ૩૦૭૩૪**

# "શેરી નાટક,.... લોક જાગૃતિ માટે સશક્ત માધ્યમ"

**સુરેશ બીજલાણી**

કચ્છમાં આવેલા વિનાશક ધરતીકંપમાં હજારો લોકોની જાનહાનિ થઇ. એ માટે નિષ્ણાતોનો મત હતો કે કચ્છમાં બનતા મકાનો અને બિલ્ડીંગોની રચનામાં ભૂકંપ અવરોધક નિયમોની અવગણના થતી હતી. જો ભૂકંપ અવરોધક નિયમોને ધ્યાનમાં લઇ મકાન બનાવીએ તો જાનહાનિ અટકી શકે. આવા મુદ્દાઓ અને નિયમો સમજાવવા 'કચ્છ નવનિર્માણ અભિયાન' સાથે જોડાઇ શેરી નાટકોનાં માધ્યમથી લોકોને સમજાવવા હું કચ્છના ગામડે ગામડે ફરવા લાગ્યો.

ભૂકંપ પછી લોકોની તકલીફો અને તંત્રની બેદરકારી, ભૂકંપ સહાયમાં ભ્રષ્ટાચાર જેવા મુદ્દાઓ વણીને મારા ગુરુ મિત્ર નયન રાણાએ ભુજના જ્યુબીલી ગ્રાઉન્ડ પાસે એક શેરી નાટકમાં ભ્રષ્ટ અધિકારીનો રોલ ભજવવા મને કહ્યું. એ વખતે લોકોના મનમાં આક્રોશ તો હતો પણ ભૂકંપથી અસહાય - નિરાધાર લોકો પોતાની આ વ્યથા કહી નહોતા શકતા. પણ એ શેરી નાટક જોયું કે લોકોનો આક્રોશ ભડકી ઉઠ્યો. શો પૂરો થયો કે ઘણાં લોકો મને અધિકારી સમજી મારા પર ગુસ્સે થઇ વ્યથા રજૂ કરવા લાગ્યા. ત્યારે અમે કહ્યું કે એ જ તો અમે તમને સમજાવવા આવ્યા છીએ કે બધા સંગઠિત થાઓ અને એવા ભ્રષ્ટ અધિકારીઓ સામે અવાજ ઉઠાવો...

આ તાકાત છે શેરી નાટકની... પાણી બચાવો, સ્વચ્છતા, સ્વાસ્થ્ય યોજનાઓ, જેવાં અનેક મુદ્દાઓને લઇ મેં અને મારા નાટ્ય જગતનાં મિત્રોએ કચ્છનાં ધોળાવીરાથી લખપતનાં નારાયણ સરોવર સુધી દરેક ગામડાઓમાં શેરી નાટકો ભજવ્યા. કચ્છના ગામડે-ગામડાં જોવાનો મોકો મળ્યો અને એ વખતે ધંધા-રોજગાર નહોતા ત્યારે એ જ શેરી નાટકોથી મને રાહત મળી. મારો કોન્ફિડન્સ વધ્યો. ભૂકંપના દુઃખદર્દ ભૂલાવી લોકોને મનોરંજન સાથે જ્ઞાન આપવાનું સરસ કામથી અનેક સંસ્થાઓનાં સંપર્કમાં આવ્યો અને એમાં જ મને નોકરી પણ મળી. ચિત્ર લેખન ફોટોગ્રાફી જેવા શોખનો ઉપયોગ એ સંસ્થાઓમાં થયો અને ભૂકંપના કઠીન સમયમાં આવકનું સાધન બન્યું.

લોક જાગૃતિ ફેલાવવા દુનિયાનાં અનેક દેશો 'શેરીના સશક્ત માધ્યમનો ઉપયોગ કરે છે. ગામનાં કોઇ ચોક કે બજારમાં કલાકારો ખંજરી કે ઢોલકનાં નાદ સાથે ઊભા રહી જાય અને અભિનય અને સંવાદો દ્વારા રજૂઆત કરે. કલાકારોની ચો તરફ ઊભેલા લોકોની ત્યારે ને ત્યારે જ પ્રતિક્રિયા જાણવા મળે...

દેશની આઝાદીની લડત સમયે પૂ. ગાંધીજી પણ શેરી નાટકો - લોકગીતો દ્વારા લોકો સુધી પહોંચવા પોતાનાં સાથી મિત્રોને જણાવતા. રશિયાનાં દેશોમાં પણ આઝાદીની લડત માટે શેરી નાટકોએ અગત્યની ભૂમિકા ભજવેલી. વિખ્યાત અભિનેત્રી નંદિતા દાસ જ્યારે કચ્છ આવેલા ત્યારે તેમણે પણ પોતાની અભિનય શક્તિ પાછળ શેરી નાટકોનો મહત્ત્વનો ફાળો હોવાની વાત કહેલી.

૫ જૂન, વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ભુજ શહેરના લોકો શહેરને સ્વચ્છ રાખે અને પ્લાસ્ટીકનો ઉપયોગ શક્ય તેટલો ઓછો કરે, આ વાત લોકો સુધી પહોંચાડવા ભુજ નગર સેવા સદન અને સેવાભાવી સંસ્થા 'સહજીવન' તરફથી 'શેરી નાટક' દર્શાવવા મને આમંત્રિત કર્યો. લેખન-નિર્માણની જવાબદારી સાથે 'સુબી ક્રિએટીવ ગ્રુપ'નાં મારા કલાકાર મિત્રોએ શહેરનાં વિવિધ વિસ્તારોમાં ચોટદાર રજૂઆત કરી. ભુજનાં ઐતિહાસિક સ્થળો, ભુજિયો ડુંગર, હમીરસર તળાવ, દરબાર ગઢ, ટાવર કે જેને મારી જેમ જ દરેક ભુજવાસી પ્રેમ કરે છે પણ ભૂકંપ પછી વિકસેલા રસ્તાઓ અને રીલોકેશન સાઇટોમાં આ સ્થળો પ્રત્યે તંત્ર અને લોકો દ્વારા અવગણના થતી જોવા મળે છે. મેં મારા નાટકમાં ઉપરોક્ત ઐતિહાસિક સ્થળોને પાત્ર તરીકે ઊતારી પોતાની વ્યથા વર્ણવતા દર્શાવ્યા. એ વ્યથિત પાત્રો વારાફરતી આવી, લોકોને 'ભુજ શહેર' આપણું છે એને સ્વચ્છ રાખવાની જવાબદારી પણ આપણી છે સમજાવવા લાગ્યા. શાકભાજીના છોતરાં કે એંઠવાડ પ્લાસ્ટીકના ઝભલામાં બાંધીને ફેંકો છો જે ખાવા લલચાતી ગાય પ્લાસ્ટીક સહિત એંઠવાડને ને પોતાનાં પેટમાં પધરાવે છે. જેનું પાપ આપણાં શિરે ચડે છે. આવા મુદ્દાઓ પણ નાટકમાં વર્ણવ્યા. લોકોએ નાટકને ખૂબ બિરદાવ્યું. ઘણાં નગરજનોએ પ્લાસ્ટિક નહિં વાપરવા તથા શહેરને સ્વચ્છ રાખવાનાં વચનો આપ્યા. ૫ જૂનનાં સાંજે ખેંગારબાગ મધ્યે યોજાયેલા કાર્યક્રમની શરૂઆત શેરી નાટકથી થઇ. નગરપતિથી માંડીને શહેરના તથા બહારના નામાંકિત વ્યક્તિઓની ઉપસ્થિતિમાં મને તક મળી શેરી નાટક ભજવવાની. ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદના કુલપતિ શ્રી સુદર્શન આયંગર તથા અર્બન મેનેજમેન્ટ સેન્ટર, અમદાવાદના મનવીતાબેને નાટકની પ્રશંસા કરી. આ પ્રવૃત્તિ ચાલુ રાખવા મને જણાવ્યું. મનવીતાબેન પણ શેરી નાટકોના માધ્યમથી કચ્છમાં લોકજાગૃતિ ફેલાવવા આવ્યા હતા એ યાદ એમણે તાજી કરી હતી.

## હિમાલય દર્શન પ્રવાસ સુવિધા

***દિનેશચંદ્ર છગનલાલ પોમલ***

જ્ઞાતિ સેતુ, સ્વર્ણિમ સમાજ અંકમાં પ્રવાસ અંગે ચારધામ યાત્રા સાથે હિમાલયદર્શન અંગેના લેખમાં જણાવેલ કે આ પ્રવાસમાં ઘણી બધી જ્ઞાતિના જ્ઞાતિજનો સમૂહમાં યાત્રાએ આવ્યા હતા. પણ આપણી જ્ઞાતિ ત્યાં કેમ સાથે તથા ઓછા ખર્ચે પ્રવાસ ન કરી શકે. સામાન્ય રીતે આવા ચારધામ યાત્રા પ્રવાસનો ખર્ચ રૂા. ૮૦૦૦ થી ૮૫૦૦ જેટલું થાય છે. પરંતુ જ્ઞાતિજનોને આ પ્રવાસ લગભગ ૬૦૦૦/- રૂા. માં પડે તો આ લેખથી આપણા જ્ઞાતિજનોને માત્ર રૂા. ૬૦૦૦/- માં આ યાત્રા શક્ય થઇ શકે છે. વધુ માર્ગદર્શન તથા પૂછપરછ માટે મારો સંપર્ક કરી શકે છે. આ યાત્રા ઓગસ્ટની આસપાસ યોજવાનો વિચાર છે. પરંતુ રેલ્વે રીઝર્વેશન કરાવવાનું હોઇ વેળાસર લગભગ ૮૦ થી ૧૦૦ ની સંખ્યામાં એક ટ્રીપ દરમ્યાન લઇ જઇ શકાશે. આ અંગે જ્ઞાતિ સેતુમાં આપશ્રી છાપશો. છતાં પણ કચ્છ જીલ્લાના તાલુકા મુજબ જ્ઞાતિ પ્રમુખને પણ તથા યુવક મંડળ મહિલા મંડળ પ્રતિનિધિને પણ પત્ર દ્વારા જાણ કરીશું.

ઉપયોગી માહિતી

# શેર - સોનું : આર્ટ ઓફ બેલેન્સિંગ

મેહુલ જયંતીલાલ સોની, B.Com., PGDCA - નખત્રાણા (વિરાણી મોટી)

ઈક્વિટી સાથે ગોલ્ડનો પોર્ટફોલીયો બનાવવો એટલે સાપ ભી મરે અને લાઠી ભી ન તૂટે એનો ખ્યાલ રાખવો. શેરમાં સોનાની જેમ અને સોનામાં શેરની જેમ રોકાણ કરવાની કળા શીખી લેવા જેવી છે.

૨૦૦૮ના આરંભમાં શેરબજારમાં ફૂલગુલાબી તેજી હતી ત્યારે જ એટલે કે બરાબર ૨૧ હજારના ઈન્ડેક્ષ વખતે વિજયે પ્રવેશ કર્યો હતો. એ પછી બજાર જે પ્રમાણે તૂટતું ગયું તે સાથે વિજય પણ માનસીક રીતે તૂટતો ગયો. વિજયનું કુલ બે લાખ રૂપિયાનું રોકાણ હાલ લગભગ ૭૦ થી ૮૦ હજાર રૂપિયા જેટલું રહ્યું છે. ૨૦૦૮નું વર્ષ બજાર સુધરવાની આશાએ પસાર થઇ ગયું. ૨૦૦૯ના ચાર મહીના પુરા થઇ ગયા છે ત્યારે પણ વિજયને હજી પોતાના એ ભાવો પાછા ક્યારે ફરશે એ વિશે કોઇ જ નિશ્ચિતતા મળતી નથી.

સાંજના સમયે નરીમાન પોઇન્ટની ઓફીસથી છૂટીને દરીયાકિનારે બેઠેલા વિજયને તેના બે લાખ જોતજોતામાં ૪ લાખ રૂપિયા થઇ જવાની આશા હતી. તેને બદલે બાજુમાં બેઠેલો મિત્ર મેહુલ તેને માત્ર એટલું જ કહે છે.

"વિજય, આ તારા બે લાખ તે શેરોની બદલે સોનામાં રોક્યા હોત તો બે લાખના ૮૦ હજાર રૂપિયા થઇ જવાને બદલે કમ સે કમ ૩ લાખ રૂપિયા થઇ ગયા હોત." એ જ વખતે પાસે બેઠેલો બીજો મિત્ર અર્જુન સવાલ ઉઠાવતા કહે છે, જો તેં એક લાખ રૂપિયા શેરોમાં અને એક લાખ સોનામાં રોક્યા હોત તો?

આ સવાલ ત્રણેયને નવી દિશામાં વિચારવા પ્રેરે છે. અમસ્તો પુછાઇ ગયેલો સવાલ આ ત્રણેય યુવાનને રીસ્ક મેનેજમેન્ટનો પાઠ શીખવવા માટે સમર્થ બની જાય છે.

રીસ્ક ક્યાં નથી? બધે જ છે. શેરોમાં રોકાણ કરો કે સોનામાં, બન્નેમાં રિસ્ક તો છે જ, પરંતુ બે વિરુધ્ધ સાધનો માં રોકાણ કરવાથી રિસ્કનું હેજિંગ કે રીસ્ક મેનેજમેન્ટ થઇ જાય છે. જે વર્ષમાં શેરોએ લોકોના નાણા ૫૦ ટકા થી વધુ ઘટાડી નાખ્યા એ જ વર્ષમાં સોનાએ લગભગ એટલા જ પ્રમાણમાં વૃધ્ધિ કરી આપી છે.

### શેર સામે સોનું :

સામાન્ય રીતે એવું જોવા મળે છે કે જ્યારે શેરોમાં ભાવોમાં મંદી હોય છે ત્યારે સોનાનો ભાવ વધે છે, કેમ કે લોકો શેરોને બદલે સોનાને સલામત સાધન ગણી તેના રોકાણ તરફ વળી જાય છે.

આર્થિક સંકટ, કટોકટી, યુધ્ધ વગેરે જેવા સંજોગોમાં પણ સોનુ 'સેફ હેવન' બની જાય છે. ઈતિહાસ તો આ હકીકતોનું સાક્ષી છે જ કિન્તુ વર્તમાન સમયે પણ તેનો પુરાવો આપ્યો છે. છેલ્લા એકાદ વર્ષમાં ભયંકર નિરાશાવાદી નેગેટીવ વળતર આપનારા શેરો સામે સોનાએ ૨૫ થી ૩૫ ટકા જેવું ઉંચુ પોઝીટીવ વળતર આપ્યું છે. અને ગોલ્ડના રોકાણના સાધનો તરીકે ગોલ્ડ અંગેની મ્યુચલફંડ યોજના તેમજ ગોલ્ડ ઈટીએફ (એક્સચેન્જ : ટ્રેડેડ ફંડ) બન્ને એ શ્રેષ્ઠ વળતર આપ્યું છે.

યુ.એસ ની આર્થિક કટોકટી અને એ પૂર્વની સબ પ્રાઇમની બાબત, આતંકવાદ-ત્રાસવાદની ઘટનાઓ, ક્રુડના ભાવોનો ટ્રેન્ડ, વિદેશોમાં બેંકોની નાદારીના ઢગલાબંધ કિસ્સા વગેરે જેવા માહોલમાં એકમાત્ર સોનામાં જ રોકાણ ચાલુ રહ્યું હતું. રીઅલ એસ્ટેટ ક્ષેત્ર સુધ્ધાં શેરો કરતાં પણ બદતર દશામાં આવી ગયું. ત્યારે માત્ર અને માત્ર ગોલ્ડ ઈન્વેસ્ટમેન્ટ સૌથી સફળ રહ્યું. જે દર્શાવે છે કે ઇક્વીટી રીઅલ્ટી કે અન્ય જોખમો સામે સોનામાં કરેલું ઇનવેસ્ટમેન્ટ રાહતરૂપ બની જાય છે. અન્ય જોખમોને સરભર કરી દેવાની ભૂમિકા પણ ભજવે છે.

### ગોલ્ડ મ્યુચ્યુઅલ ફંડ અને ઇટીએફ

ગોલ્ડ મ્યુચ્યુઅલ ફંડો અને ઇટીએફ દ્વારા કેવું વળતર અપાય છે. ગોલ્ડ ઈટીએફ એવા ફંડ છે જે રોકાણકારો પાસેથી નાણા એકઠા કરી સોનામાં રોકાણ કરે છે. તેની સામે રોકાણકારોને યુનીટ્સ આપે છે. એક ગ્રામ સોના સામે એક યુનીટ. રોકાણકારોના ડિમેટ એકાઉન્ટસમાં લઘુત્તમ એક યુનીટથી લઇ તેના ગુણાંકમાં યુનીટસ જમા થઇ શકે છે.

દા.ત. સોનાનો એક ગ્રામનો ભાવ હાજર બજારમાં રૂા. ૧૫૦૦ ચાલતો હોય છે તો એક યુનીટનો ભાવ પણ રૂા. ૧૫૦૦ આસપાસ ગણાય. અહીં રોકાણકારોને ફિઝીકલ સ્વરૂપે સોનું નથી મળતું બલકે યુનીટસ મળે છે. ગોલ્ડ ઈટીએફને તેથી પેપર ગોલ્ડ પણ કહે છો.

હાલમાં પાંચ જુદા-જુદા ગોલ્ડ ઈટીએફ છે. જેમાં ગોલ્ડ બેન્ચ માર્ક (ગોલ્ડબીઝ), કોટક ગોલ્ડ (કે ગોલ્ડ), ક્વોન્ટમ ગોલ્ડ, રિલાયન્સ ગોલ્ડ અને યુટીઆઇ ગોલ્ડ ઈટીએફનો સમાવેશ થાય છે. આ તમામમાં છેલ્લા એક જ વર્ષમાં આશરે ૨૦ થી ૨૩ ટકા આસપાસ વળતર છુટ્યું છે.

અહીં એ પણ નોંધવું મહત્ત્વનું છે કે આ ગોલ્ડ યુનીટસની શેરબજાર પર નિયમિત શેરની જેમ જ લે-વેચ થઇ શકે છે. જાણકારો કહે છે ઇક્વિટીમાં જ્યારે જોખમ વધી જાય છે. ત્યારે નાણા ક્યાં રોકવા એવો પ્રશ્ન ઉભો થાય છે. અને એ સમયમાં લોકોને સોનું જ સલામત લાગે છે. પરિણામે ગત વર્ષમાં સોનામાં સતત રોકાણ થતું રહ્યું. જેને લીધે સોનાના ભાવ આશરે દસ ગ્રામના ૧૧-૧૨ હજાર સામે રૂા. ૧૫,૦૦૦ પહોંચી ગયા હતા. ગોલ્ડ ઈટીએફમાં રોકાણ કરવાથી વેલ્થ ટેક્સમાં રાહતનો લાભ પણ મળે છે. વળી આ પેપર ગોલ્ડ ડિમેટ એકાઉન્ટમાં જમા રહેતું હોવાથી ફિઝીકલ સોનાની જેમ તે ચોરાઇ, લુંટાઇ જવાનો કે ઘસાઇ જવાનો ભય પણ રહેતો નથી.

ગોલ્ડ ઈટીએફ કરતાં પણ વધુ સારી કામગીરી આ વર્ષે ગોલ્ડ મ્યુચ્યુઅલ ફંડોએ બજાવી છે. આ મ્યુચ્યુઅલ ફંડનું સ્વરૂપ ગોલ્ડ ઈટીએફ કરતાં આ જુદું છે. તેમાં શેરની જેમ લે-વેચ થતી નથી, પણ ફંડની જેમ તેમાં પણ યુનીટસ જ મળે છે.

### સોનુ ક્યાંથી ક્યાં

| *વર્ષ* | *૧૦ ગ્રામ દીઠ સોનાનો ભાવ* |
|---|---|
| ૧૯૩૦ | રૂા. ૧૮૦ |
| ૧૯૪૦ | રૂા. ૩૬૦ |
| ૧૯૫૦ | રૂા. ૧૦૦૦ |
| ૧૯૬૦ | રૂા. ૧૧૦૦ |
| ૧૯૭૦ | રૂા. ૧૮૪૦ |
| ૧૯૭૫ | રૂા. ૫૪૦૦ |
| ૨૦૦૦ | રૂા. ૩૦૦૦ |
| ૨૦૦૬ | રૂા. ૫૪૦૦ |
| ૨૦૦૯ | રૂા. ૧૫,૭૦૦ |

૧૯૭૦ થી ૧૯૭૫ દરમિયાન સોનાએ વિશ્વની આર્થિક મંદી સમયે પણ ૩૦૦ ટકા જેવું ઉચ્ચત્તમ વળતર આપ્યું. પરંતુ એ પછી ૧૯૭૫ થી ૨૫ વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૦૦ સુધી સોનાએ નેગેટીવ રીટર્ન આપ્યું હતું. પણ ત્યારબાદ નવ વર્ષમાં તેનું વળતર જોઇ લો. રૂા. ૫૪૦૦ નો ભાવ રૂા. ૧૫,૭૦૦ સુધી જોવા મળ્યો હતો.

# તમને કયો ગ્રહ નડે છે?

નરેન્દ્ર સોની

માનવી માત્ર પોતાનું ભવિષ્ય જાણવા વત્તે ઓછે અંશે ઉત્સુક હોય છે. છાપાઓમાં છપાતા રાશિ ભવિષ્યની લોકપ્રિયતા ઘણી છે. એ જોઇને હવે તો ઘણા વર્તમાન પત્રોમાં 'આજનું હવામાન'ની જેમ 'આજનું રાશિ ભવિષ્ય' પણ છાપવામાં આવે છે.

આપણું જીવન એ ઇશ્વરે રચેલો એક અદભૂત કોયડો છે. આપણી આજુબાજુ કે વિશ્વમાં બનતી ઘટનાઓ તરફ નજર નાખશું તો જણાશે કે ઘણીવાર જેમાં ખાસ કાંઇ પણ આવડત ન હોય તેવી વ્યક્તિઓ જીવનમાં ખૂબ જ સફળ થયેલી જોવા મળે છે અને ઘણી હોંશિયાર વ્યક્તિઓ આજીવન દુઃખના મહાસાગરમાં અટવાયા જ કરે છે. માનવીની સફળતાનો આધાર માત્ર અને માત્ર પુરૂષાર્થ પર જ નથી. તેમાં આર્થિક, સામાજિક, કૌટુંબિક અને શારિરીક સંજોગો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. સંજોગોનો સાનુકૂળ સથવારો હોય તો માણસ જીવનસાગર ખાસ કશી મુશ્કેલી વિના પાર કરી જાય છે.

સંજોગોની વણથંભી થપાટોથી થાકેલો, હારેલો માણસ 'ડૂબતો માણસ તણખલુ પકડે' એ ન્યાયે, કાંઇક સારૂં થશે એવી આશાથી જયોતિષીઓ પાસે જાય છે. રાષ્ટ્રીય ઉત્પાદનમાં, માથાદીઠ આવકમાં નિકાસદરમાં ભારતનો નંબર ગમે તેટલામો હોય, પણ જયોતિષીઓ, મુલ્લાઓ કે સાધુ બાવાઓની બાબતમાં આપણા દેશનો નંબર આગળ જ હશે, એમાં બેમત નથી, કોઇ શક?

આવો કોઇ લેભાગુ જયોતિષી આપણને ભેટી જાય ત્યારે જ આપણને ખબર પડે છે કે આપણે શનિ કે મંગળનું કાંઇ પણ ન બગાડ્યું હોવા છતાં તે આપણને નડે છે! વાસ્તવમાં તો શનિ કે મંગળના નામે પેલો જયોતિષી જ આપણને નડતો હોય છે! સારૂં છે કે શનિ કે મંગળને આ વાતની ખબર નહીં, નહીંતર....!

અહીં જયોતિષશાસ્ત્ર ની ટીકા કરવાનો કોઇ આશય નથી. જયોતિષ શાસ્ત્રની સત્યતા તપાસવાનો ઇરાદો પણ નથી. પૃથ્વીથી અબજો પ્રકાશ વર્ષ દૂર આવેલા ગ્રહો આપણને નડે છે કે નહીં એ તો ખબર નથી. પણ આપણામાં રહેલા આગ્રહો, પૂર્વગ્રહો કે હઠાગ્રહો તો આપણને ચોક્કસપણે નડે છે. આ વાત સમજાતી ન હોય તો કોઇ અતિચુસ્ત ગાંધીવાદી કે અતિચુસ્ત ધાર્મિક માણસને મળી જોજો!

'તને તો ડોક્ટર જ બનાવવો છે' કે 'તને તો ફેશન ડિઝાઇનર જ બનાવવી છે' એવા મા-બાપના આગ્રહોને કારણે ઘણા યુવાન-યુવતીઓ વિકસ્યા પહેલાં જ મુરઝાઇ જાય છે. પોતાનામાં કાંઇ પણ વેતા ન હોવા છતાં 'મને તો ઇન્જીનીયર જ બનવું છે' એવો દુરાગ્રહ કોઇ યુવાન કે યુવતી રાખે ત્યારે સમાજને કે રાષ્ટ્રને એક નિષ્ફળ માણસની પ્રાપ્તિ થતી હોય છે! 'તારે તો આપણો પેઢીઓથી ચાલતો ચાલ્યો આવતો ધંધો જ સંભાળવાનો છે' એવો હઠાગ્રહ કોઇ વેપારી પિતા રાખે ત્યારે કોઇ કલાકાર, કાપડનો વેપારી બની જતો હોય છે!

પૂર્વગ્રહો, દુરાગ્રહો કે હઠાગ્રહોથી છલોછલ ભરેલા વડીલોનો ત્રાસ ઘણા કુટુંબોમાં ઘરના સભ્યોને દઝાડ્યા કરતો હોય છે. આવા વડીલોને કોઇ ત્રાસવાદી નથી કહેતું તેથી એમને ખૂબ જ નિરાંત હોય છે!

ઘણીવાર મા-બાપનાં અતિ આગ્રહને કારણે જ ઘણી યુવતીઓ કોઇ ગરીબ ઘરના મનગમતા માણીગરને બદલે સફેદ રૂ ની પૂણી જેવા ધોળા બગલાને પરણીને શ્રીમંત સાસરીયામાં જાય છે ત્યારે વધુ ને વધુ દહેજ લઇ આવવાનો આગ્રહ થાય છે. ઘણીવાર આવા આગ્રહોમાં ધોળો બગલો પણ સામેલ હોય છે! આવી યુવતીઓનાં માતા-પિતા ખૂબ જ અસહાય હોય છે કારણ કે એમનો દસમો ગ્રહ નડતો હોય છે! વળી બીજા ગ્રહોની જેમ દસમાં ગ્રહને નાથવાનાં નંગ પણ બજારમાં મળતા નથી!

કોઇ અતિ ધાર્મિક માણસ જયારે હઠપૂર્વક બ્રહ્મચર્ય વળગવાની કોશિશ કરે છે ત્યારે તેની થનગનતી પત્ની પર શું વિતતું હોય છે એ તો માત્ર એ એકલી જ જાણે છે.

પોતાની બુદ્ધિને સાવ જ ગિરવે મૂકીને જયારે રાજકારણીઓ કોઇ બાવાનાં પગમાં આળોટી પડે છે ત્યારે એક ચંદ્રાસ્વામીનો ઉદય થતો હોય છે.

પતિને પ્રેમથી પાણીનો ગ્લાસ પણ ન પીવડાવનારી ઘેલી સ્ત્રીઓ જયારે કોઇ સાધુનાં ચરણકમળ દબાવી આપવાનો આગ્રહ રાખે ત્યારે એક કેશવાનંદનો ઉદય થતો હોય છે.

આકાશમાં રહેલા નિર્જીવ ગ્રહો કરતાં આપણામાં રહેલા પૂર્વગ્રહો, આગ્રહો, કે હઠાગ્રહો આપણને વધુ નડે છે.

સામાજિક સંબંધો બાંધવા, નિભાવવામાં પ્રેમ ઉષ્મા જરૂરી છે. જો આપણામાં રહેલા કોઇ પૂર્વગ્રહો કોઇ વ્યક્તિ કે કોઇ કુટુંબ સાથે ઉષ્માભર્યા સંબંધો બાંધવામાં અંતરાયરૂપ બને તો તેનાથી સરવાળે આપને જ નુકશાન થશે. આપણામાં રહેલા પૂર્વગ્રહ, આગ્રહો કે હઠાગ્રહો આપણને ખબર ન પડે તે રીતે આપણને નુકશાન પહોંચાડ્યા કરે છે.

સતત ઉપદેશોનો મારો ચલાવ્યે રાખતા અને પુત્રને સુધારવાનો (બગડી ન ગયો હોવા છતા) આગ્રહ કરતા મા-બાપ પ્રત્યે પુત્રને ક્યારે અણગમો થઇ જાય છે તેની ખબર પણ નથી પડતી અને જયારે ખબર પડે છે ત્યારે ઘણું મોડું થઇ ગયું હોય છે.

વાત વાતમાં 'અમે તમારા કરતા વધુ દિવાળી જોઇ છે' એવું કહ્યા કરતા વડીલોએ પણ સમજવું જોઇએ કે દિવાળીનો સ્કોર વધવાથી કાંઇ ડહાપણ વધતું નથી!

માત્ર વડિલો જ આવા હોય છે એવું નથી. કેટલાક પુત્રોય એવા હોય છે કે જે મા-બાપને (એમનો કાંઇ વાંક ન હોય તો પણ) તિરસ્કાર્યા કરતા હોય છે.

આપણામાં રહેલા આ બધા કુસંસ્કારો આપણા સામાજિક સંબંધો અને સફળતામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આકાશમાં રહેલા ગ્રહોને નાથવા માટે આપણે ભલે મથીએ પણ આપણી અંદર રહેલા આ બધા ગ્રહોને નાથવા પણ એટલા જ જરૂરી છે.

આપણી અંદર રહેલા આ બધા ગ્રહોની અસરને પારખવા માટે આત્મ પરિક્ષણ જરૂરી છે.

આપણે આપણા વર્તનનું તટસ્થ ભાવે ઓડીટ કરશું તો જણાશે કે આપણને કયો ગ્રહ નડે છે?

## શ્રી કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળ નલિયા-કચ્છ

સહર્ષ જણાવવાનું કે અમદાવાદ સોની જ્ઞાતિ મંડળ દ્વારા ગર્લ્સ હોસ્ટેલ સુવિધાનું જે આયોજન કરેલ છે તે આપણા સોની સમાજની આ એક શિક્ષણ ક્ષેત્રે સર્વ પ્રથમ સુવિધાનો શુભારંભ કરેલ છે.

સમાજની આવી સુવિધાના શુભારંભનો શ્રેય પ્રમુખ શ્રી પ્રભુદાસ ખેતશી સોનીને મળે છે. તે બદલ પ્રમુખ શ્રી હંસરાજ ડુંગરશી સોની તથા મારૂ કંસારા સોની જ્ઞાતિમંડળ-નલિયા તરફથી ખૂબ-ખૂબ આભાર સ્વીકારશો તેમજ સમાજમાં આ પ્રકારના કાર્ય થતા રહે એવી હાર્દિક શુભકામના.

આપના સાહસભર્યા પ્રસંગે ઉપસ્થિત રહેવા આપનું ભાવભર્યું નિમંત્રણ અમે સહર્ષ સ્વિકારીએ છીએ પરંતુ અનિવાર્ય સંજોગને કારણે અમે પહોંચી શકાય તેમ ન હોવાથી આ પત્ર દ્વારા આભાર વ્યક્ત કરીએ છીએ.

*સોની હંસરાજ ડુંગરશી*
*પ્રમુખશ્રી સોની જ્ઞાતિ મંડળ, નલિયા-કચ્છ*

## વિકાસનું દિગ્દર્શક : મહિલા મંડળ

*જીનલ પી. સોની - નાગલપુર માંડવી (કચ્છ)*

થોડા મહિના પહેલા આપણી જ્ઞાતિની એક બુક હાથમાં આવી અને દરેક મહિલા મંડળના સભ્યો અને તેમની પ્રવૃત્તિઓ જાણવા મળી. અને મને ઉપરનું શિર્ષક હેતું યથાર્થ લાગ્યું.

વિવિધ શૈક્ષણિક, સામાજીક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી મહિલા મંડળે વિકાસની દોડમાં નવો ચીલો ચિતર્યો છે. તેમાંય વળી બાળકો, યુવાનો, ગૃહિણીઓથી માંડીને વૃદ્ધો માટેની પ્રવૃત્તિઓ યોજીને મહિલા મંડળે સોનામાં સુગંધ ભેળવી છે.

આવી પ્રવૃત્તિઓથી જીવન જીવવા જેવું લાગે છે. Everybody wants changes. રોજિંદું જીવન, જીવનશૈલી કંટાળો જન્માવે છે ત્યારે આવી પ્રવૃત્તિઓ પરિવર્તન સાથે વિકાસની વણઝાર લઇ આવે છે. વિવિધ પ્રવૃત્તિઓથી સુષુપ્ત શક્તિઓ જાગૃત થઇ સર્વાંગી વિકાસ શક્ય બને છે.

એમ કહેવાય છે કે યુવાનો દેશના હૃદય સમા છે. આથી મને લાગે છે કે, વધુને વધુ યુવાનો માટેની પ્રવૃત્તિઓ આયોજિત થાય. આપણા સેતુના અંકમાં આવુ કશુંક આયોજન થાય કશુંક પ્રેરક લખાણ અથવા એવી સ્પર્ધાઓનું આયોજન થાય છે જેથી જીવનમૂલ્યોનું સંચાર થાય અને એ રીતે આપણી આખી જ્ઞાતિ આખી પેઢી અને એમ કરતા આખો દેશ વિકસિત બને.

કોઇકે કહ્યું હતું કે, સ્વામી વિવેકાનંદ જેવા માત્ર મને જો ૧૦૦ યુવાનો મળેને તો હું સમગ્ર દેશને પલટાવી શકું.

આજે પણ આપણામાંના ઘણા યુવાનો છે કે જે, વિવેકાનંદ, લક્ષ્મીબાઇ, કલ્પના ચાવલા બની શકે. જરૂર છે માત્ર એમને યોગ્ય દિશા અને સાચું માર્ગદર્શન આપવાની. જે આવી સર્વાંગી વિકાસ માટેની પ્રવૃત્તિઓથી થઇ શકે અને આવી પ્રવૃત્તિઓ આપણી જ્ઞાતિના મહિલા મંડળ, યુવક મંડળ કરી શકે.

સેતુ અંક હજુ વધુને વધુ વિકાસની દોટ પકડે આવી પ્રવૃત્તિઓ પણ લગાતાર યોજાતી રહે તેવી અભ્યર્થના.

## અંગૂલી નિર્દેશ

*એ. કે. સોની - ભુજ*

અત્યાર સુધી વ્યક્તિગત કે સામાજીક રીતે અને વિશ્વકક્ષાની અનેક સમસ્યાઓ, જેવીકે, સ્વાસ્થ્ય, પર્યાવરણ, ભ્રૂણહત્યા, રસીકરણ, ઇત્યાદીનો સામનો કરવાની વિચારણા, ઉપાયો અને અમલીકરણ થઇ રહ્યા છે. છતાં છેલ્લા થોડા વર્ષોથી માત્ર આપણી જ્ઞાતિમાં જ નહિં પરંતુ અન્ય અનેક જ્ઞાતિઓમાં એક સામાજીક રોગ શરૂ થઇ દિવસ રાત વધતો નજર સમક્ષ આવી રહ્યો છે. આ રોગ એટલે, "નહીં પરણવાનો રોગ" જે યુવકો કરતાં અનેકગણો વધારે યુવતીઓમાં વ્યાપ્ત થયેલ છે અને પ્રમાણમાં વૃધ્ધિ તરફ ગતિ કરી રહ્યો છે.

'દીકરી વ્હાલનો દરિયો', એના સુખી જીવન માટે સાંપ્રત સમય પર્યંત માતા-પિતાઓ, પ્રેમલગ્ન, સગપણ વિચ્છેદ, લગ્નવિચ્છેદ જેવાં બનાવો તો પચાવી ગયા છે. પરંતુ શું દિકરીઓનો 'નહિં પરણવાનો' જે રોગ વધ્યો છે તે પચાવી શકશે.

આ રોગનાં કારણો અને ઉપાયો બાબતે વિચારણા ખૂબ જ જરૂરી હોઇ, તે માટે યુવક, યુવતીઓ, વડીલો, મહિલા મંડળો અનેક તરફથી "જ્ઞાતિસેતુ"ને યોગ્ય જણાય તો, આવા ચર્ચા પત્રો મોકલવા તમામ જ્ઞાતિજનોને પોતાના વિચારો લેખિત મોકલવા આહ્વાન કરશે. મારો તો માત્ર અંગૂલી નિર્દેશ છે.

---

★ સેતુની રાહ જોવાની ઉત્કટતા, સેતુ હાથમાં આવતાની સાથે જ હૃદયમાં જાગતી ઉત્સાહની ઝલક, વાંચી લીધાની સાથે જ સંતોષનો આવતો ઓડકાર જ 'સેતુ'ની સિદ્ધી છે. તેમાંય વળી હમણાં 'નારી તુ નારાયણી' કોલમ ઉમેરાતાં જાણે સોનામાં સુગંધ ભળી છે. મને એમ લાગે છે કે, આ કોલમના લેખ દ્વારા જરૂર એમ શીખવા મળશે કે, How to live?

સેતુ ખરેખર, મારૂં કંસારા સોની જ્ઞાતિની "આન" "શાન" અને "જાન" છે. હજી વધુને વધુ આવી નવી કોલમો ઉમેરાતી જાય તેવી હૃદયવંદના.

*કુ. જીનલ સોની – નાગલપુર માંડવી (કચ્છ)*

## માનનીય ભાવિન સર જેવા 'ગુરૂ' વિશે મારો પ્રતિભાવ

હું સોની ભક્તિ વિપુલભાઈ એમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરૂં છું. હું ધોરણ-૧૦માં હતી અને અમારી પરીસ્થિતિ નબળી હતી. તે સમયે તેમણે મને ખૂબ સારી રીતે ટ્યુશન કરાવી મારૂં પરિણામ વધુ ઊંચું લાવ્યું છે. તે કરતાં પણ વધુ મહત્વની વાત એ છે કે તેમણે મારી પાસેથી ટ્યુશનની ફી પણ લીધી નથી અને મારી મદદ કરી છે. મારા જેવી નબળી પરીસ્થિતિવાળા વિદ્યાર્થીઓને ભાવિન સર જેવા ગુરૂ પ્રાપ્ત થાય તેવી મારી શુભેચ્છા.

*સોની ભક્તિ વિપુલભાઈ - અંજાર*